بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

**બફયુઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ** رحمۃ اللہ علیہ **બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી** رحمۃ اللہ علیہ



**અહલે સુન્નત વ જમાઅત**

**એટલે**

**મસ્લકે આ'લા હઝરત**

**નું અજોડ મુખપત્ર**


# બરકાતે ખ્વાજા (માસિક)

**તા. ૦૧-માર્ચ-૨૦૧૨**

રબીઉલ અવ્વલ-રબીઉલ આખર

હિજરી સન : ૧૪૩૩

વર્ષ : ૦૯, અંક : ૦૩, સળંગ અંક : ૯૯



સ્થાપક અને પ્રકાશક

**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**

પત્ર વ્યવહારનુ સરનામું

**બરકાતે ખ્વાજા (માસિક)** C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૧૦૪૧૧, ૨૮૦૦૧૧, ૨૮૦૧૯૨, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

Web. :www.barkatekhwaja.net

Email : anjuman2006@hotmail.com


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૧૫/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૫૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૨૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧,૮૦૦/- |
| આજીવન | રૂા. | ૪,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |


**માનદ તંત્રી**

**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી** (B.Sc.)


## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૦૧ | બાલ મુબારક થકી જાહેર થયો એક ઝિંદા મો'જિઝો | ૦૨ |
| ૦૨ | સુન્ની જગતની દારૂણ સ્થિતિ અને તેનો ઈલાજ | ૦૩ |
| ૦૩ | તફસીરે ઝિયાઉલ કુર્આન | ૧૦ |
| ૦૪ | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | ૧૨ |
| ૦૫ | હશ્ત બહિશ્ત (મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત) | ૧૩ |
| ૦૬ | હ઼દાઈક઼ે બખ્શિશ | ૧૫ |
| ૦૭ | અવલિયા અલ્લાહની કરામતો | ૧૬ |
| ૦૮ | નબી વલી માટે માનો તો શિર્ક ! દેવબંદી..... | ૧૭ |
| ૦૯ | ગલતફહમીઓ તથા તેની સુધારણા | ૧૯ |
| ૧૦ | વસીલાના મુન્કિરો ! શું આ સહીહ હદીષ.... | ૨૦ |
| ૧૧ | એક ગુપ્ત રહસ્ય જાણો અને અફસોસનું માથુ ધુણાવો ! | ૨૩ |
| ૧૨ | ગીતો વાજિંત્રોની બુરાઈ અને મુસ્લિમ સમાજ | ૨૭ |
| ૧૩ | પ્રો. તાહિરુલ ક઼ાદરી વિશે એક પ્રશ્ન..... | ૩૧ |
| ૧૪ | હુઝૂર ગ઼ૌષે આ'ઝમની ફઝીલત મુજદ્દિદે આ'ઝમની ઝબાની | ૩૪ |
| ૧૫ | ૨૧મી સદીમાં નવી પેઢી પર હલકી વિચારસરણીના હુમ્લાઓ | ૩૮ |
| ૧૬ | દેવબંદીઓના પેશવા સ્વાતંત્ર્યસેનાની હતા કે અંગ્રેજોના એજન્ટ ?! | ૪૩ |
| ૧૭ | બરકાતે ખ્વાજાની ટપાલ | ૪૮ |


**તેરી રહમતોં કા દરયા સરે આમ ચલ રહા હે**

તેરી રહમતોં કા દરયા સરે આમ ચલ રહા હૈ
મુઝે ભીક મિલ રહી હૈ મેરા કામ ચલ રહા હૈ
મેરે દિલ કી ધડ઼કનોં મેં હૈ શરીક નામ તેરા
ઈસી કામ કી બદૌલત મેરા કામ ચલા રહા હૈ
તેરી મસ્તીયે નઝર સે હૈ બહાર મૈકદે કી
વહી મૈ બરસ રહી હૈ વહી જામ ચલ રહા હૈ
યે કરમ હૈ ખાસ તેરા કે સફીના ઝિંદગી કા
કભી સુબ્હ ચલ રહા હૈ કભી શામ ચલ રહા હૈ
ઉસે ચાહતી હૈ દુન્યા ઉસે ઢુંઢતી હૈ મંઝિલ
રહે ઈશ્કે઼ મુસ્તફા મેં જો ગુલામ ચલ રહા હૈ
મેરે દામને ગદાઈ મેં હૈ ભીક મુસ્તફાઈ
ઈસી ભીક પર તો "ક઼ાસિમ" મેરા કામ ચલ રહા હૈ

# એક ઝિંદા મો'જિઝો

## બાલ મુબારક થકી જાહેર થયો

–(કાર્યાલય)

**માંગેંગે માંગે જાએંગે, મુંહ માંગી પાએંગે**
**સરકારમેં ન લા હૈ ન હાજત અગર કી હૈ**

*–(આ'લા હઝરત رحمۃ اللہ علیہ)*

અલ્લાહની અતાથી હુઝૂર ﷺની બારગાહેથી ઈનાયતો મળી શકે છે પણ પુખ્તા યકીન જોઈએ. એનું તાજુ દૃષ્ટાંત જોવું હોય તો આ રહ્યું. તીથવા તા. વાંકાનેર ખાતે ૧૨ રબીઉલ અવ્વલ હિ.સ. ૧૪૩૩ (તા. ૫–૨–૨૦૧૨, રવિવારે) બનેલ એક બનાવ તેમના જ શબ્દોમાં જોઈ લો :– *તંત્રી :*

અસ્સલામુ અલૈકુમ ! મોહતરમ જનાબ શબ્બીરઅલી પટેલ, તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)

બાદ સલામ અર્ઝ ગુઝારિશ કે પયગંબરે આ'ઝમ ﷺના મૂએ મુબારક અમારા ગામ તીથવા, તા. વાંકાનેર, જિ. રાજકોટમાં અંદાજિત ૧૫ વર્ષથી છે. જેના દીદાર માટે ઈદે મીલાદુન્નબી ﷺનો દિવસ નક્કી કરેલ છે. આ વર્ષે પણ ઈદે મીલાદુન્નબી ﷺના દિવસે મૂએ મુબારકના દીદારનો પ્રોગ્રામ રાખેલ હતો.

અમારા ગામના રહીશ જનાબ યૂનુસભાઈ હસનભાઈ જેઓને ૨૫ દિવસ પહેલાં આંખના દુ:ખાવા સાથેની તકલીફ થઈ હતી. બાજુના શહેર મોરબીમાં ડોકટરી સારવાર ચાલુ હતી. સારવાર લેવા છતાં આંખની તકલીફમાં વધારો થતો ગયો અને આંખની રોશની ગાયબ થઈ ગઈ. મોરબીના ડોકટરે રાજકોટના નિષ્ણાત ડોકટર પાસે જવાની ભલામણ કરી અને સર્જરી કરવી પડશે એવો રિપોર્ટ કર્યો. યૂનુસભાઈ રાજકોટ જવાને બદલે ઘરે પાછા આવ્યા. દિલમાં પાકો ઈરાદો કરી લીધો કે તબીબી સારવાર કરવી જ નથી અને મીલાદુન્નબી ﷺના રોજ આકા ﷺની બારગાહમાં અરજ કરીશ કે, આકા ! ﷺ કરમ ફર્માવો ! આંખની રોશની આપો ! આવો મક્કમ ઈરાદો કરીને ઈદે મીલાદુન્નબી ﷺનો ઈંતેઝાર કરવા લાગ્યા. ઈલાજ પણ બંધ કરી નાખ્યો. ઈદે મીલાદુન્નબી ﷺના દિવસે ફજરની નમાઝ બાદ યૂનુસભાઈ પોતાના દઢ ઈરાદા સાથે મૂએ મુબારકની પેટીના ગિલાફને પોતાની આંખો ઉપર રાખીને આકા ﷺની બારગાહમાં અરજ કરવા લાગ્યા કે, હે રહમતવાળા આકા ! ﷺ કરમ ફર્માવો અને મુઝ ગરીબની આંખની રોશની ઈનાયત ફર્માવો. યૂનુસભાઈ ગિલાફને આંખો પર લગાડીને અરજ કરતા હતા ત્યારે આઠ દસ લોકો હાજર હતા. લોકોએ જોયું કે યૂનુસભાઈના શરીરમાં અચાનક એક ઝટકો આવ્યો અને શરીર કાંપવા લાગ્યું. લોકોએ યૂનુસભાઈના હાથ પકડી ટેકો આપ્યો અને લોકોએ યૂનસભાઈની આંખ ઉપરથી ગિલાફ હટાવ્યો. ગિલાફનું હટવું જ હતું કે યૂનુસભાઈ પોકારી ઉઠયા કે અલ્હમ્દુલિલ્લાહ ! મરહબા ! મરહબા ! યા રસૂલલ્લાહ ! ﷺ મારી આંખની રોશની પાછી આવી ગઈ ! યૂનુસભાઈનું કહેવું છે કે જ્યારે તંદુરસ્ત હતો તેનાથી પણ વધારે મારી આંખમાં રોશની આવી ગઈ છે. આ સાથે નજરે જોનારાઓની પણ સહીઓ કરેલ છે. *(રજૂકર્તા : કારી શાહિદ રઝા અકબરી–કોઠી)*

**નોંધ** : જે ભાઈ સાથે આ ઘટના બની તેમનુ પૂરું નામ : શેરસીયા યૂનુસ હસન મો. 97249 57940

**ઘટના સ્થળે હાજરજનો**
**તથા આગેવાનોનાં નામ**

**૧.** પરાસરા ઈસ્માઈલભાઈ જીવાભાઈ (નજરે જોનાર) **૨.** મૌલાના અ. રહીમ રઝવી (નજરે જોનાર) મો. 97253 16746 **૩.** બાદી અ. રહીમભાઈ જીવાભાઈ મો. 99049 37500 **૪.** મૌલાના અબ્દુલ હષીમ (પેશ ઈમામ સાહબ) **૫.** મૌલાના ઈબ્રાહીમ હસન (મદ્રસાના મુદર્રિસ)

# સુન્ની જગતની દારૂણ સ્થિતિ

## અને તેનો ઈલાજ.................

તંત્રી લેખ

યક઼ીનન ! અહલે સુન્નત વ જમાઅત જ એક નજાત પામનાર ગિરોહ છે, અન્ય સર્વ ફિર્ક઼ા જેઓ નવા નવા અક઼ીદા પેદા કરી તેમાંથી ક્રમે ક્રમે અલગ થતા ગયા તેઓ સર્વ ગુમરાહીના શિકાર બની જહન્નમને પાત્ર ઠર્યા છે. *(તિર્મિઝી, અબૂ દાઊદ)* એટલા માટે જેઓ અહલે સુન્નત વ જમાઅત કે જે રસૂલ, સહાબા તથા તાબઈન તથા બુઝુર્ગાને દીનથી ચાલી આવતા અક઼ીદા (તરીક઼ા) પર જામેલા છે જેના પર ચાલવાની જે તે સમયના ઉલમા બુઝુર્ગો તાક઼ીદ કરતા આવ્યા છે, અને જેમને આજકાલ ''સુન્ની બરેલ્વી'' કહેવામાં આવે છે તે સૌ સુન્નીઓ ખરેખર મુબારકબાદને પાત્ર છે. ૧૪મી સદી હિજરીના મુજદ્દિદ આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ એ પોતાના દૌરમાં નવા ઉઠેલ સર્વ ફિત્ના તથા ફિર્ક઼ાઓ શીઆ, વહાબી, દેવબંદી, ક઼ાદયાની, ચકડાલ્વી.... વગેરેના નવા અક઼ીદાઓની કુર્આન હદીષથી રદ કરીને અહલે સુન્નતની રક્ષા કરી જેથી અખંડ ભારતમાં અહલે સુન્નતને ''મસ્લકે આ'લા હઝરત'' رحمۃ اللہ علیہ થી પણ ઓળખવામાં આવે છે અને સાચા સુન્નીની એ નિશાની ઠરી છે, નહીં તો હાલના શીઆ સિવાયના સર્વ વહાબી, દેવબંદી, મૌદૂદી વગેરે પણ પોતાને ''સુન્ની'' તરીક઼ે જાહેર કરે છે અને અહલે સુન્નતનો આંચળો ઓઢીને ભોળી પ્રજાને બહેકાવતા રહે છે. (વધુ માટે કિતાબ વાંચો ૭૩માં ૧ કોણ ?)

### ★ ગૈર સુન્નીઓથી સતત થતા સગાઈ સંબંધથી સુન્નિયતની જડો ઢીલી થઈ રહી છે ★

ખૈર ! અલ્લાહનો એહસાન છે કે આપણે સાચા સુન્ની ગિરોહમાં છીએ અને વિશ્વમાં બહુમતિમાં છીએ, પણ અહલે સુન્નતની આંત્રિક સ્થિતિ દિન પ્રતિ દિન અતિ દારૂણ, દયનીય તથા કમજોર થતી જઈ રહી છે અને જેને બચાવવા કે મજબૂત કરવા અભિયાન ચલાવવાનું પણ અતિ મુશ્કેલ થતું જઈ રહ્યું છે ! આજે મોટા ભાગના સ્થળોએ પરિસ્થિતિ એવી થતી જઈ રહી છે કે ખુદા વ રસૂલની ગુસ્તાખી કરનારા ફિર્ક઼ાઓની અસલિયત જાહેર કરી સુન્નીઓને ચેતવવામાં આવે છે કે આ વહાબી દેવબંદી વગેરેથી પોતાના તથા પોતાની નસલના ઈમાનને બચાવવા માટે સાવધાન થઈ જાવ ! તેમનાથી શાદી વહેવાર ન કરો, તેમનાથી તમારા સંબંધો ખત્મ કરો ! દોસ્તી, ઉઠક બેઠક બંધ કરો ! કુર્આન હદીષની રૂએ ઉલમાએ અહલે સુન્નતની કિતાબોથી દર્શાવવામાં આવે છે કે, ''એમની સોહબત હજાર કાફિરોની સોહબતથી બુરી છે, એમની સોહબત ઈમાન માટે ક઼ાતિલ ઝહેર છે...'' વગેરે છતાં ઘણા સુન્નીઓ તેમની સાથે સગાઈ, સંબંધ, શાદી વહેવાર કરતા જ જાય છે. રોજ ઉઠીને સમાચાર મળે છે કે ફલાણા સુન્નીની છોકરી કે છોકરાના એંગેજમેન્ટ ફલાણી જગાના દેવબંદી વહાબી સાથે થયા ! અને આશ્ચર્યની વાત એ છે કે નિકાહ પઢાવનારા પાસે જૂઠુ બોલીને કે સુન્ની જ છે, નિકાહ પણ પઢાવડાવી દેવામાં આવે છે ! અને નિકાહ પઢાવનારા પણ છાનબીન નથી કરતા. વળી ક્યાંક દલીલ કરવામાં આવે છે કે, ''દુલ્હાના મા બાપ તથા ભાઈ, બનેવી વગેરે તો દેવબંદી જ છે પણ છોકરો સુન્ની છે !'' ચાલો, માન્યું કે તે ખરેખર સુન્ની છે, પણ પૂરું ખાનદાન તે છે તો એ ઈમાનના લૂટેરાઓ વચ્ચે તમારી છોકરીનું કે

છોકરાનું ઈમાન સલામત રહેશે ?!★

વાઘની બખોલમાં કોઈ જતુ નથી કેમ કે જાન પ્યારી છે ! ડાકૂઓનો વાસ હોય તે તરફ કોઈ ફરતુંય નથી, કેમ કે માલ પ્યારો છે, પણ ઈમાનના લૂટેરાઓના ઘરમાં છોકરીને કે છોકરાને પધરાવી દેવામાં આવે છે જે દર્શાવે છે કે ઈમાન તેમને કેટલુ પ્યારું છે ?! છોકરાને દેવબંદી જમાતીનો જમાઈ બનાવી દેવામાં આવે છે અને તેમને પોતાના વેવાઈ તથા સગા વહાલા બનાવતાં શરમ નથી આવતી જે દર્શાવે છે કે તેમને સુન્નિયતથી કેટલી મહોબ્બત છે ?!

## ★ આ જ આપણી સુન્નિયતથી મહોબ્બત છે ? ★

નઅતની મેહફિલમાં જોશભેર નારાઓ મારવા કે ઝુમી ઉઠીને રૂપિયા નઝર કરવા, અજમેર શરીફ, કિછૌછા શરીફ, બરેલી શરીફ કે અન્ય ઉર્સમાં નિયમિત હાજરી આપી દેવી, મદીના શરીફ સતત હાજરી આપવી, બુઝુર્ગોની દરગાહો પર ફૂલચાદરો તથા ગિલાફો ચઢાવવા, આખા ગામોનાં ગામોને ન્યાઝ ખવડાવી આપવી, આલે રસૂલના કે પીરોના હાથો ચૂમી લેવા, તેમની દા'વત કરવી એ સારી વાતો છે....... પણ હમણા નઅતે પાકની મેહફિલ સજાવી અને કાલે જ ઘરે વહાબી દેવબંદી આવ્યા તો મુર્ગી બિરયાનીથી દા'વત કરી ! આજે રદ્દે વહાબિયાનો જલસો કર્યો ને કાલે દેવબંદી સાથે શાદી થઈ રહી છે ! આજે અજમેર શરીફથી આવ્યા અને કાલે જ તેમની ન્યાઝને હરામ કહેનારાઓની શાદીઓમાં જઈને મુરદાર ગોશ્તની દા'વત ખાઈ રહ્યા છે ! ક્યાં ગઈ તમારી સુન્નિયત ?! તમે એક સુન્ની તરીકે જો દાવો કરતા હોય કે નબી કરીમ ﷺને અમો અમારી જાનથી અધિક ચાહીએ છીએ તો તે તમારા જાનથી પ્યારા નબી તો તે બદ્‌મઝહબ કે જેની બદ્‌મઝહબી હજી કુફ્રની હદે નથી પહોંચી બલ્કે અક઼ીદામાં કાંઈક ખરાબી છે તેના માટે ફર્માવે છે કે, "તમે તેમનાથી દૂર રહો, તેમને તમારાથી દૂર રાખો, ક્યાંક એ તમને ફિત્નામાં ન નાખી દે." તો પછી ગુસ્તાખે રસૂલ ફિર્ક઼ાવાળા વહાબી, દેવબંદીઓ સાથે તમે તમારા છોકરા છોકરીઓને પરણાવીને ક્યા મોઢે આશિકે઼ રસૂલ અને સુન્નિયતના ચાહક કે અહલે સુન્નતના ચાહનારા હોવાનો દાવો કરો છો ?! પ્યારા સુન્ની ભાઈઓ ! સમજો અને આ કામો હવે બંધ કરો !

આજે મોટાભાગે સુન્નીઓમાં એવું ઘર શોધવું મુશ્કેલ છે કે જેમનો કોઈ સગો વહાબી દેવબંદી ન હોય, જેમના ઘરે દેવબંદી વહાબી મહેમાન બનીને ન આવતા હોય ! પોતાના સગાભાઈ સાથે મામૂલી બાબતે, થોડી દુનિયવી માલ દૌલત બાબતે કે પોતાનુ ઘસાતુ કાંઈ બોલી ગયેલ હોય એના કારણે અદાવત હશે, પોતાના કુટુંબી બલ્કે સગી મા સાથે બાપ સાથે પણ સંબંધ કટ હશે ! પણ ખુદા વ રસૂલના ગુસ્તાખો સાથે જાણવા છતાં સગાઈ, દોસ્તી વહેવાર ચાલુ છે ! અફસોસ ! હજારો અફસોસ છે આવા સુન્નીઓ પર કે જેને માફ કરવાનો હુકમ છે તેની સાથે અંગત બાબતે વાંકુ પડતાં વહેવાર કટ છે ! અને

---

★ *આવા જ એક પ્રશ્નના જવાબમાં ફતાવા ફયઝુર્રસૂલ, ભાગ : ૧, પેજ : ૬૧૦માં છે : "દીન તથા ઈમાન, ઈસ્લામ તથા સુન્નિયતની હિફાઝત દરેક ફર્ઝથી વધીને ફર્ઝ છે. ઝયદ જ્યારે પોતાના દેવબંદી બાપની સાથે રહે છે અને જાહિલ પણ છે તો આવા સંજોગોમાં એની સુન્નિયત ખતરામાં છે તો પછી બિચારી છોકરીની સુન્નિયતના બચાવની શું સ્થિતિ થશે! જેથી બકરને ઈસ્લામી શરીઅતની રૂએ સખત હિદાયત કરવામાં આવે છે કે તે પોતાની સુન્ની છોકરીના નિકાહ ઝયદની સાથે હરગિઝ હરગિઝ ન કરે. એવા ઘરાનામાં પોતાની પુત્રીને પરણાવવી જે ઘરનો મુખ્ય વડીલ દેવબંદી હોય એ શરીઅતની રૂએ દુરુસ્ત નથી. બકર પોતાની પુત્રીના નિકાહ એવા ઘરાનામાં કરે જ્યાં સુન્નિયતની સલામતી તથા હિફાઝત માટે સંતોષ હોય. (ફતાવા ફયઝુર્રસૂલ, ૧/૬૧૦)*

જેનાથી દૂર રહેવાનું અલ્લાહના રસૂલ ﷺ ફર્માવે છે તેમને સગા વહાલા બનાવીને ફરે છે !

## ★ સુન્ની મસ્જિદોના ટ્રસ્ટીઓ તથા ઈમામોનો હાલ ! ★

બીજુ આજે મસ્જિદો લાખોની નહીં કરોડોની બને છે ! એક કરોડ, બે કરોડ, અને એથી વધુ ! વળી તેમાં પણ વહાબી દેવબંદીઓના પૈસા લે છે કે જે જાઈઝ નથી. અને વળી કરોડોની મસ્જિદ તો બની ગઈ પણ ઈમામ સાહબને રાખશે તો પગાર કેટલો ?! ત્રણ હજારથી પાંચ હજાર ! બહુ તો સાત હજાર ! મોંઘવારી પ્રમાણે પગારમાં વધારો નહીં થાય ! જેના માથે "જન્નત કી કુંજી નમાઝ" પઢાવવાની જિમ્મેદારી છે તેની આ કિંમત તથા કદર છે અને તેની પાસે અપેક્ષાઓ તો ફરિશ્તા જેટલી રાખવામાં આવશે ! એ તો ઠીક પણ આજકાલ તો તેની સાથે ઘણે ઠેકાણે શરતો થાય છે કે, "કોઈ ફિર્કાની રદ કરવી નહીં, દરેકના નિકાહ પઢાવવાના રહેશે, ભલે તે વહાબી દેવબંદી છોકરો હોય કે છોકરી હોય કે બંનેવ વહાબી હોય ! એ જ પ્રમાણે દરેકની જનાઝાની નમાઝ પઢાવવી પડશે...વગેરે"

જે મસ્જિદના ટ્રસ્ટીઓ આ નિયમો દર્શાવતા હોય અને એને પાળવા ઈમામોને આગ્રહ કરતા હોય તેઓ જાણે કે તેઓ પોતે સુન્નિયતના ખાદિમ નહીં પણ સુન્નીઓના ખાદિમના રૂપમાં વહાબી દેવબંદીઓના એજન્ટ છે, કેમ કે ચોક્કસપણે એનાથી સુન્નિયત તૂટી રહી છે અને વહાબિયત દેવબંદિયતનો પગ જામી રહ્યો છે, અને એને પ્રોત્સાહન આપનારા આ સુન્ની મસ્જિદોના ટ્રસ્ટીઓ છે ! અલ્લાહનો ખૌફ તેમણે કરવો જોઈએ અને શરીઅતના હુકમ પ્રમાણે સંચાલન કરવું જોઈએ, નહીં તો આખેરતમાં સખત અઝાબે ઈલાહીના હક્કદાર તેઓ બનશે. જો તેમને સુન્નિયતથી મહોબ્બત છે અને વહાબિયતથી નફરત છે તો આ કામો બંધ કરે અને સૌના વહાલા થવાને બદલે ખુદા વ રસૂલના હુકમનું પાલન કરી કેવળ તેમના જ વહાલા બની રહે એમાં જ ભલાઈ છે.

## ★ મસ્જિદોના ઈમામો ટ્રસ્ટીનો નહીં ખુદાનો ડર કરે ! ★

વળી કેટલાક ઈમામ હઝરાતની હાલત પણ આજકાલ અફસોસનાક થતી જઈ રહી છે કે ટ્રસ્ટી સાહબ દબાણ કરે કે વહાબી દેવબંદીના નિકાહ પઢાવવા પડશે કે તેવા મૈયતની નમાઝે જનાઝા પઢાવવી પડશે, નહીં તો નોકરીમાંથી છૂટા થવું પડશે ! તો ઝુકી જાય છે અને એ કામો કરી નાખે છે ! અને જેઓ એવું કરે છે તેઓ વહાબિયત દેવબંદિયતને ફેલાવાનો માર્ગ મોકળો કરી રહ્યા છે. તેઓ આ બાબતે પોતાના વિશે હુકમ ફતાવા આલમગીરી, ફતાવા રઝવિય્યહ્, ફતાવા અમજદિયહ્, ફતાવા ફકીહે મિલ્લત, ફતાવા અજમલિયહ્, ફતાવા શારેહે બુખારી વગેરે ઉલમાએ અહલે સુન્નતની કિતાબોમાં ઈમાનદારીપૂર્વક જોઈ લે અને તેના પર અમલ કરે. અને ગંભીરપણે આખેરતના અંજામને વિચારીને સમજે કે પોતે સુન્નિયતનું તેઓ દીનના ખાદિમના રૂપમાં કેટલુ મહાન નુકસાન કરી રહ્યા છે ? અસ્તગફિરુલ્લાહ ! અલ્લાહની પનાહ ! રોજીનો રઝ્ઝાક તો અલ્લાહ છે, તેના પર ભરોસો કરો ! ટ્રસ્ટીથી નહીં પણ અલ્લાહથી ડરો ! દીનના ખાદિમો તો બુઝુર્ગો થઈ ગયા કે તેમણે દીન તથા સુન્નિયત માટે જાનો કુર્બાન કરી, અને તમો ખાદિમે દીન અને ઈમામ સાહબ થઈને કૌમને ક્યાં લઈ જઈ રહ્યા છો તે વિચારો ?!

વળી કેટલાક ઠેકાણે કોઈ મર્દે મુજાહિદ ઈમામે આ કામો કરવા ના પાડી દીધી તો બીજો ચલતો પુરજો કોઈ કહેવાતો હાફિઝ કે મોલ્વી ત્યાં પહોંચી જાય છે અને આવા નિકાહ તથા નમાઝ પઢાવી આપે છે ! એવું કરનારા પણ કોઈ ભરમોમાં રહ્યા વિના આખેરતના ભયાનક અંજામને વિચારી લે અને આ કામોમાં ન પડે. જો સર્વ ઈમામો, હાફેઝ, મોલ્વી હઝરાત સંપ કરીને આવા નિકાહ તથા નમાઝ પઢાવવા

ના પાડશે તો લોકો પણ સમજશે કે આ કામો ખરેખર કરવાં જાઈઝ નથી અને મોટાભાગે સુન્ની અવામ એનાથી દૂર રહેશે.

### ★ હીલા બહાનાંથી અવામને છેતરી શકશો પણ ખુદાને ?! ★

વળી કેટલાક ઈમામો હીલા, બહાનાં શોધી લાવી એવા નિકાહ તથા નમાઝ પઢાવવાને દુરુસ્ત ઠરાવવા કોશિશ કરે છે કે, ''દુલ્હાને એવું કાંઈ નથી, એને તો કશી ખબર જ નથી કે દેવબંદી સુન્ની શું છે ?! વળી મૈયત માટે કહેશે કે આપણને એના વહાબી હોવાની ખાત્રી નથી ! વળી કોઈ કહે છે કે મેં તો નમાઝે જનાઝામાં કેવળ ચાર તકબીરો જ કહી, કાંઈ પઢ્યું જ નથી !....... વગેરે વગેરે..... શરીઅતનો હુકમ તો ફત્વાની કિતાબોમાં જોઈ લો, પણ સુન્ની પબ્લિક જે તમને જોઈને એવા નિકાહને જાઈઝ સમજશે તથા એવી નમાઝે જનાઝા પઢી શકાય એમ સમજશે, તેની ગુમરાહીનો જવાબદાર કોણ ? તમો કે બીજો કોઈ ?! અને આ સુન્નિયતને તોડવાનું કામ નથી ? કોઈને નહીં, તમારા દિલને શાંત ચિત્તે પૂછો.

### ★ આની ફરિયાદ તમો કોને જઈને કરશો ?! ★

બેશક ! સાચા શરીઅતના પાબંદ પીરો બુઝુર્ગોની કોશિશોથી જ સુન્નિયત આબાદ છે. તેમણે હમેશાં અવામને દીનો સુન્નિયતથી જોડી રાખવા અને ભટકવાથી બચાવવા જ કોશિશો કરી છે. વહાબી દેવબંદીઓના સાયાથી તેઓ દૂર રહેતા હતા. જ્યારે આજે એવા પુષ્કળ કહેવાતા સૂફી સંતો પબ્લિકમાં ફરી રહ્યા છે કે તેમને કોઈ પરહેઝી નથી હોતી ! વહાબી દેવબંદી સાથે સુન્ની છોકરી કે છોકરાના નિકાહ થઈ રહ્યા છે તેની શાદીમાં તે મેહફિલમાં ઠાઠથી બેઠા છે ! બલ્કે તેમના નિકાહ પઢાવતા પણ જોવા મળે છે ! મુરીદો, અક઼ીદતમંદોને ખુશ રાખવા અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَની નારાજગી વહોરી રહ્યા છે અને આવાં કામોથી રોકવાને બદલે ખૂદ તેમાં શરીક રહીને શરીઅતની જાણે હાંસી ઉડાવી રહ્યા છે. શરીઅતનો હુકમ તો એ જ છે કે જે વહાબી દેવબંદીઓના સાથે થનારા નિકાહમાં કેવળ હાજર રહે તે ''ઝિનાનો દલાલ'' છે. (ફતાવા રઝવિય્યહ્) જો કોઈ મોલ્વી કે વ્યક્તિ આ બાબતે શરીઅતનો મસ્અલો બતાવી આપે તો તેને ફિત્નાખોર તથા બુઝુર્ગોનો ગુસ્તાખ જાહેર કરી દેવામાં આવે છે ! અને યેનકેન પ્રકારે તેની બેઈજ્જતી કરવાની કોશિશો થાય છે.

આવા હઝરાતે શરઈ મસ્અલો ન જાણતા હોય તો જાણવો જોઈએ અને જાણતા હોય તો પોતાનો પ્રભાવ તથા વર્ચસ્વ અને અક઼ીદતમંદોની અક઼ીદતમંદીનો સદ્ઉપયોગ કરીને તેમને આ બાબતોથી રોકવા જોઈએ જેથી સુન્નિયત કમજોર થવાથી બચે. ચાહકોની અક઼ીદતનો લાભ લઈને તેમને દીન તથા સુન્નિયત પ્રતિ વાળવા જોઈએ. કેમ કે તેમના ચાહકો જરૂર તેમનું કહ્યું સાંભળશે, અને જો ન સાંભળે તો તેમનાથી દૂરી અપનાવવી જોઈએ જેથી સુન્નિયતને કમજોર કરવાના પોતે તો નિમિત્ત ન બને. આ અમારી અતિશય આજીજીભરી નમ્ર ગુઝારિશ ફક્ત દીનો સુન્નિયતની લાગણીના ખાતર છે, કારણ કે જો આ જ સ્થિતિ રહી અને સુન્નીઓ હજી પણ નહીં સમજે તો આગળ જતાં આપણુ ભાવિ ખૂબ જ અંધકારમય બની રહેશે.

### ★ વહાબીઓથી બાળકોને પઢાવવામાં થતા દીની નુકસાનની હક઼ીક઼ત ★

એક સાહબે જણાવ્યું કે મુંબઈમાં એક ૯૦% સુન્ની મહોલ્લામાં દેવબંદીઓ થકી સ્કૂલ ખુલી ગઈ જેમાં સુન્ની બાળકો જવા લાગ્યાં. ત્યાં સ્કૂલી શિક્ષણ સાથે વહાબિયત કેવી પીવડાવવામાં આવે છે તે જુઓ કે સાત વરસની એક સુન્ની ઘરની બાળકીને ન્યાઝ ખાવા માટે કહ્યું તો કહેવા લાગી કે, ''એ તો હરામ છે !'' એમના ત્યાં દીનના નહીં પણ બેદીનીના પાઠ ભણાવાય છે, કુર્આનની જાહેરી તા'લીમની

સાથોસાથ વહાબિયત એવી પીવડાવવામાં આવે છે કે નાનાં બાળકો શિર્ક–બિદઅત કરતાં થઈ જાય છે. આવા સ્થળે ભલે પૂરો સુન્ની મહોલ્લો હોય પણ આવનારા થોડાંક વરસોમાં તે વહાબિયતનો શિકાર થવાની ૧૦૦% શક્યતા જણાય છે, અને એવું થયું પણ છે. જેથી સુન્નીઓ સર્વ દલીલો બાજુ પર રાખી બાળકોને સુન્ની ઉસ્તાદો પાસે પઢાવે અથવા પોતે ઘરે જે રીતે બને પઢાવે અને સુન્નિયત શીખવાડે તો જ બાળકોનું ભાવિ ઉજ્જવળ રહેશે, નહીં તો ઔલાદ વહાબિયતની ગુમરાહીમાં તણાઈ જશે.

આપણે અન્ય કામોમાં કરોડો ખર્ચી શકીએ છીએ તો ગંભીરપણે આ મામલો સમજીએ અને સુન્નીઓ પણ દુનિયવી તા'લીમની સ્કૂલો તથા કોલેજો જરૂરથી ખોલે અને તેમાં દીન તથા સુન્નિયતની પાયાની તા'લીમ પણ શીખવાડે તો મોર્ડન એજ્યુકેશન સાથે બાળકો પુખ્તા મજબૂત સુન્ની પણ રહેશે જેથી તમારો માહોલ હમેશાં સુન્ની બની રહેશે. (ઈન્શાઅલ્લાહ !)

### ★ આ છે આપણા અમલ તથા અખ્લાક઼ ! ★

આ તો આપણી અક઼ીદા બાબતે કમજોરીની સ્થિતિની કેવળ ઝલક દર્શાવવામાં આવી કે જેના કારણે બદ્અક઼ીદાવાળાઓ સુન્ની આબાદીઓમાં પોતાના પગો ફેલાવી રહ્યા છે, પણ અમલી જિંદગીમાં પણ આપણી હાલત હોશ ઉડાવી મૂકે તેવી છે ! આપણે આશિક઼ે રસૂલ હોવાનો ભારે ભરખમ દાવો તો કરીએ છીએ, આપણી જાનથી વધુ આપણે આપણા નબી કરીમ ﷺને ચાહવાનો દાવો કરીએ છીએ પણ તે જ સૌથી પ્યારા નબી ﷺની આંખોની ઠંડક નમાઝથી દૂર ભાગીએ છીએ ! જો બાપ એવું કહે કે, "બેટા ! તારું આ કામ મારી આંખોને ઠંડક તથા દિલને સુકૂન આપશે" તો તેનો ખરેખર ચાહવાવાળો અને તેનુ માન સાચવવામાં સમજનારો પુત્ર કોઈ પણ ભોગે એ કામ કરશે જ. પણ જે નબી કરીમ ﷺને બાપ કરતાં બલ્કે સર્વ લોકો જ નહીં આપણી જાન કરતાં પણ જેને અધિક ચાહવાનો દાવો આપણે કરીએ છીએ તે ફર્માવે છે કે, "નમાઝમાં મારી આંખોની ઠંડક છે." તો મને બતાવો કેટલા ટકા સુન્નીઓ નમાઝના પાબંદ છે ?! ન્યાઝ ખાવા માટે પડા પડી કરનારા સુન્નીઓ મસ્જિદમાં હાજર થતાં કેમ ખચકાય છે ?! એ જ પ્રમાણે સુન્નતોની પાબંદી બાબતે જેમ કે દાઢી મુબારક રાખવામાં આપણે પાછળ, ઔરતોમાં ગૈરો સામે પર્દો કરવાનો તો જાણે રિવાજ જ નથી ! ઈલ્લા માશા અલ્લાહ ! તમે કોઈના ઘરે જાવ તો જુવાન બેપર્દા સ્ત્રીઓ પાણી લઈને આવે ! જ્યારે કે આ બેપર્દગી હરામ છે. શાદીઓમાં બેન્ડબાજા લાવવાને તો સુન્નીઓની ઓળખ ઠરાવવામાં આવી રહ્યું છે ! (મઆઝલ્લાહ !) અને બેન્ડબાજામાં મર્દ તો મર્દ ઔરતો જાહેરમાં નાચી રહી છે ! અને શાદીની રસ્મોમાં સ્ટેજો બનાવી દુલ્હા દુલ્હન સાથે બેસીને એક તરફ યુવાનો બીજી તરફ યુવતીઓ નગ્નતાભર્યો ડ્રેસ પહેરીને ઉભી રહીને બેહયાઈઓનાં પ્રદર્શનો કરી ચીચીયારીઓ પાડે છે ! એ વખતે ક઼સમ ખાવી પડે કે આ કહેવાતા મુસલમાન તથા સુન્નીઓની શાદી છે ! છતાં વડીલો ખુશ થઈ રહ્યા છે. શરીઅતનો હુકમ છે કે, "જે પુરૂષો પોતાની સ્ત્રીઓને આવી બેહયાઈ કરવાની છૂટ આપે છે તે "દૈયૂષ" છે અને દૈયૂષ જન્નતની ખુશ્બુ પણ પામશે નહીં ! જ્યારે કે જન્નતની ખૂશ્બૂ ૫૦૦ વરસના અંતરેથી મેહસૂસ થાય છે." *(ફ઼તાવા રઝવિય્યહ્)*

કહેવાતા આશિક઼ે રસૂલની શાદીઓમાં ઘણે ઠેકાણે આવી ખરાબીઓ તો હોય જ છે ઈલ્લા માશા અલ્લાહ ! સાથોસાથ સર્વ વહાબી દેવબંદી સગાંઓને ખાસ દા'વત આપવામાં આવે છે અને ઠાઠપૂર્વક જમાડવામાં આવે છે. આ બધુ શું છે ?! તમારો મહબ્બતે રસૂલનો દાવો ક્યાં ગયો ? મૈયતમાં પણ દેવબંદી સગાવહાલાંને જરૂર નોતરે છે, ક્યાં છે સુન્નિયતથી મહોબ્બત ?!

## ★ સિલસિલાવારી ખેંચાખેંચીનો આલમ સુન્નીઓને ક્યાં લઈ જશે ?! ★

કોઈપણ સુન્ની જે પણ સહીહુલ અક઼ીદા સુન્ની બાશરઅ શરતો મુજબના પીરનો મુરીદ થયો તો એ સારી વાત છે, ભલે ગમે તે સિલસિલાથી હોય તે દરેક સુન્નીઓના જ સિલસિલા છે એમાં કાંઈ કહેવાપણુ નથી. દરેક સિલસિલાના પીરો મુરીદો એક જ નાવ અહલે સુન્નત વ જમાઅતના મુસાફિર છે જેથી કોઈ પક્ષાપક્ષી ન હોવી જોઈએ. પણ આજે કેટલાક વચેટીયા તકસાધુઓએ આપસમાં એવું વાતાવરણ ખડુ કર્યું છે કે, "અપનોંમેં હમ અજનબી હો ગયે !" જેવી હાલત ખડી કરી આપી છે. દરેક મુરીદ પોતાના પીરને જગતમાં જેટલા લક઼બો ટાઈટલો છે તેનો તેને હક્ક઼દાર માને છે ! અને એ સિવાયના સૌને તુચ્છ સમજવા લાગ્યા છે ! બે સુન્ની ભાઈઓ સાથે મળી સુન્નિયતનું કામ કરી રહ્યા છે અને જો એમાંનો એક કોઈ અન્ય પીરનો મુરીદ થઈ ગયો તો બંનેમાં વિભાજન ! કામ થઈ ગયું સુન્નિયતનું તો ! એટલું જ નહીં, હવે તો એક જ સિલસિલામાં રોજ રોજ નવા નવા ગ્રૃપો બનતાં જઈ રહ્યાં છે અને સુન્નીઓ આપસમાં જ એકબીજાને ઝલીલ કરી રહ્યા છે. પીર અન્ય સેંકડો નસીહતો કરે કે વહાબીઓથી દૂર રહો, હરામ કામોથી બચો ! ફિલ્મો ગીતો, નાચ, ડાન્સ વગેરેથી બચો ! તેને સાંભળ્યું ન સાંભળ્યું કરી નાખે, પણ ભૂલેચૂકે સહેજ કોઈના વિશે ઘસાતુ બોલી જાય તો તેની ટાંગ ઘસેડીને ફેંકી આપવા પીરના આશિક઼ો તરત જ અમલ કરવા તૈયાર થઈ જાય છે ? આ આપણી હાલત છે તો આપણે ક્યાં જઈને પડીશું ?!

## ★ સાચે જ સુન્નિયતની લાગણી ધરાવનારાઓને આજીજીભરી અપીલ ! ★

હે મારા પ્યારા સુન્ની ભાઈઓ ! બહેનો ! પ્યારા આક઼ા ﷺના પ્યારા દીવાનાઓ ! તમે જાણો છો કે હદીષે રસૂલ ﷺ મુજબ ૭૩ ફિર્ક઼ા થનારા છે જેમાંથી ૭૨ જહન્નમી છે, કેવળ એક અહલે સુન્નત વ જમાઅત જ નજાત પામનાર છે. તો તમે તથા તમારી ઔલાદ ક઼યામત સુધી એમાં જોડાયેલી રહે એના માટે તૈયાર થઈ જાવ ! અન્ય ફિર્ક઼ાવાળા જાત જાતની યુક્તિઓથી તમને બહેકાવવા મથી રહ્યા છે એવા સમયે અધિક સાવધાન બનો અને સુન્નિયત પર અડગ તથા ચુસ્ત થઈ જાવ, નહીં તો જો તમારી નિષ્કાળજીમાં તમે નહીં તો તમારી ઔલાદ પણ ભટકશે તો તેના જિમ્મેદાર તમો જ ગણાશો અને આખેરતમાં અઝાબ તમારે વેઠવો પડશે. જેથી નીચેની બાબતોને લક્ષમાં રાખો અને તેને અમલમાં મૂકો કેમ કે આજના દૌરમાં આ અતિ જરૂરી છે.

- ★ માલ દૌલતની કે ફોરેન જવાની લાલચમાં કે કોઈ દુનિયવી લાભને લક્ષમાં રાખ્યા વિના જેની સાથે છોકરા કે છોકરીની શાદી કરવાની વાત આવે તો સૌ પ્રથમ તેઓ સુન્ની છે કે નહીં તેની તેહક઼ીક કરો. પછી રૂબરૂમાં પણ અક઼ીદા બાબતે ચર્ચા કરી સ્પષ્ટ પૂછો કે વહાબી, દેવબંદી.......વગેરે ફિર્ક઼ાઓને તમો શું માનો છો ?! જો જવાબમાં કહે કે તેઓને કાફિર માનીએ છીએ તથા અન્ય ચર્ચાથી સ્પષ્ટ થાય કે બરાબર છે, તો જ સંબંધ બાંધવો.
- ★ જો પહેલેથી સગાઈ હતી ત્યારે તેઓ સૌ સુન્ની હતાં અથવા અજાણતામાં સગાઈ થઈ ગઈ તો હવે તેમની સાથે સ્પષ્ટ ચર્ચાઓ કરવી. ચાહે બનેવી, માસા, ફૂવા, મસ્યાય, ફોયાય ગમે તે હોય, પણ શરૂમાં મહોબ્બતપૂર્વક અહલે સુન્નત શું છે અને અન્ય ફિર્ક઼ાના શું અક઼ીદા છે ? તેઓ પર કુફ્રનો હુકમ શાથી છે ? વગેરે દર્શાવતી કિતાબો રજૂ કરવી, ચર્ચાઓથી સમજાવવું, સુન્ની ઉલમાનાં બયાનો આપવાં, અમુક મોહલત સમજવા માટે આપવી....... સર્વ દલીલો રજૂ કર્યા બાદ, સર્વ સ્પષ્ટ કર્યા બાદ જો પોતે સુન્નિયતને હક્ક઼ સમજીને સ્વીકારે તો ઠીક છે, નહીં તો હવે એમની સાથે સંબંધ રાખવો હરામ ઠરશે અને તમારા તથા ઔલાદના ઈમાન માટે એ સંબંધ ક઼ાતિલ ઝહેર પુરવાર થશે,

જેથી હવે સંબંધ તદ્દન કટ કરવો પડશે.

★ મસ્જિદોના ટ્રસ્ટીઓ ખુદાથી ડરે અને જેમની સાથે નિકાહ હરામ છે તેવા ફિર્કાવાળાઓ સાથે થતા નિકાહ પઢાવવા ખૂદ ઈન્કાર કરે, ઈમામને પોતે ના પાડે તથા એવાની જનાઝાની નમાઝ ન પઢે ન પઢાવવા ઈમામને આગ્રહ કરે, જેથી કોઈ એવી ઓફર લઈને આવશે જ નહીં, અને લોકો પણ તે કામો હરામ છે એટલુ સમજી પોતે પણ એનાથી દૂર રહેશે.

★ ઈમામો પણ અડગતાથી બાતિલ ફિર્કાવાળાના નિકાહ તથા નમાઝે જનાઝા પઢાવવા બાબતે મના કરતા રહે અને અવાર નવાર મહોબ્બતપૂર્વક, ઠંડકથી કુર્આન, હદીષ તથા બુઝુર્ગોના કથનો થકી એવા મસાઈલ સંતોષકારક રીતે સમજાવે તો ખૂદ પબ્લિક જ એનાથી દૂર રહેશે. સ્થાનિક ઈમામે આવા નિકાહ કે નમાઝ પઢાવવા ના પાડી તો બહારનો હાફિઝ કે મોલ્વી પઢાવવા તૈયાર ન થઈ જાય બલ્કે પહેલાં સ્થાનિક ઈમામ તથા લોકોનો સંપર્ક કરી હક઼ીક઼ત જાણી લે, પછી કાંઈ કરે.

★ સુન્ની પીરો પણ કેવળ રસ્મી મુલાકાતો તથા દા'વતો સ્વીકારીને ખામોશ ન રહે બલ્કે જ્યાં જાય ત્યાં બાતિલ ફિર્કાથી બચવા અને તેમની સાથે સગાઈ દોસ્તીથી દૂર રહેવા સમજાવે, પોતે વહાબીઓને ત્યાં ન ઉતરે, ન તેમની દા'વતો સ્વીકારે, ન તેવી શાદીઓમાં જાય તો જરૂર સુન્નિયત મજબૂત થશે. પીરોની વાત લોકો અધિક માને છે જેથી તેઓ ખૂબ જ સાવચેતી અપનાવે તથા સૌને બદ્‌મઝહબોથી દૂર રહેવા તાકીદ કર્યા કરે.

★ ''જેવો ઉસ્તાદ તેવો શાગિર્દ' એના પુષ્કળ દાખલા છે જેથી વહાબી દેવબંદીઓના મદ્રસામાં કે તેવા ઉસ્તાદો પાસે હરગિઝ હરગિઝ પોતાની ઔલાદને ન પઢાવે. નહીં તો કુર્આન પઢતાં શીખશે, દુઆઓ પોપટ જેમ પઢશે, બધું શીખશે પણ સાથે વહાબિયતના પાઠ પણ શીખશે કે જે તેને ઈમાનથી ખારિજ કરી નાખશે. જેથી જો ઔલાદને સુન્ની રાખવી હોય તો સુન્ની ઉસ્તાદ પાસે જ પઢાવો અથવા જાતે પઢાવો ! પણ જહન્નમી ફિર્કાવાળાનો શાગિર્દ ન બનાવશો.

★ જો તમે આશિકે઼ રસૂલ છો તો તમારી શાદીઓ તથા સર્વ જીવનની રહેણી કરણી રસૂલે પાક ﷺના ફર્માન મુજબ બનાવો, નહીં તો તમારો દાવો જૂઠો સાબિત થશે, અને અઝાબના પાત્ર ઠરશો, જેથી સમજો ને સાચા આશિકે઼ રસૂલ બનો. ગંભીર બનીને ફર્માને ખુદા વ રસૂલ વાંચો પછી પોતાને જુઓ તો તમારામાં ઈન્કિ઼લાબ પેદા થશે. કેમ કે બાતિલ ફિર્કાવાળા જાહેરી અમલોથી આંજીને સુન્નીઓને ભટકાવી દે છે તો તમો ખૂદ અમલ કરવા લાગી જાવ કે કોઈને બહેકાવવાનો અવકાશ જ ન રહે.

★ સિલસિલાવારી વિવાદોથી દૂર રહો, મસાઈલના મતભેદોમાં ખેંચાખેંચીથી બચો અને સુન્ની હોવાના નાતે, મહબ્બતે રસૂલમાં સર્વ એક પ્લેટફોર્મ પર છે જેથી એવા વિવાદોને ઉત્તેજન ન આપતાં શક્ય તે પ્રયત્નો મેળમેળાપના માટે કરતા રહો જેથી બાતિલ ફિર્કાવાળા તમારી કમજોરીઓનો લાભ ન ઉઠાવી જાય.

★ બુઝુર્ગોની ન્યાઝો કરો પણ સાથોસાથ અમુક રકમો તેમના જ સવાબ અર્થે કિતાબો છપાવવા, ગરીબ તલબાને મદદ માટે, ગરીબ આબાદીઓમાં મદ્રસા મસ્જિદના બાંધકામ તથા પગારમાં સહાય માટે તથા જરૂરતમંદોને જરૂરતના કામોમાં પણ આપો જેથી સુન્નિયતને ફાયદો થાય.

તમે સાચા સુન્ની તરીકે જાગૃત દિલો દિમાગ સાથે શક્ય તે પ્રયત્નો સુન્નિયતની સલામતી માટે કરતા રહો. રબ્બે કરીમ તેના હબીબે પાક ﷺના સદક઼ામાં સૌને સાચી સમજ અતા કરે. આમીન બિજાહિન્નબીકરીમ ﷺ.

કુર્આને પાકની તફસીર

# તફસીરે ઝિયાઉલ કુર્આન

અઝ : ઝિયાઉલ ઉમ્મત હઝરત અલ્લામા પીર કરમશાહ અઝહરી, સજ્જાદાનશીન ભીરા શરીફ (પાક.)

## સૂરએ આલિ ઈમરાનની તફસીર

قُلْ يٰۤاَهْلَ
الْكِتٰبِ تَعَالَوْا اِلٰى كَلِمَةٍ سَوَآءٍۢ بَيْنَنَا وَبَيْنَكُمْ
اَلَّا نَعْبُدَ اِلَّا اللّٰهَ وَلَا نُشْرِكَ بِهٖ شَيْـًٔا وَّلَا يَتَّخِذَ
بَعْضُنَا بَعْضًا اَرْبَابًا مِّنْ دُوْنِ اللّٰهِ ؕ فَاِنْ تَوَلَّوْا
فَقُوْلُوا اشْهَدُوْا بِاَنَّا مُسْلِمُوْنَ ﴿٦٤﴾ يٰۤاَهْلَ الْكِتٰبِ
لِمَ تُحَآجُّوْنَ فِيْۤ اِبْرٰهِيْمَ وَمَاۤ اُنْزِلَتِ التَّوْرٰىةُ
وَالْاِنْجِيْلُ اِلَّا مِنْۢ بَعْدِهٖ ؕ اَفَلَا تَعْقِلُوْنَ ﴿٦٥﴾ هٰۤاَنْتُمْ
هٰۤؤُلَآءِ حَاجَجْتُمْ فِيْمَا لَكُمْ بِهٖ عِلْمٌ فَلِمَ
تُحَآجُّوْنَ فِيْمَا لَيْسَ لَكُمْ بِهٖ عِلْمٌ ؕ وَاللّٰهُ يَعْلَمُ
وَاَنْتُمْ لَا تَعْلَمُوْنَ ﴿٦٦﴾

### ત.....ર્જુ.....મો....

(મારા નબી !) આપ કહો, અહલે કિતાબ આવો ![૬૯] એ વાતની તરફ જે સમાન છે અમારા તથા તમારા વચ્ચે (તે એ કે) અમે ન ઈબાદત કરીએ (કોઈની) અલ્લાહના સિવાય, અને ન શરીક ઠરાવીએ એની સાથે કોઈ ચીજને, અને ન બનાવી લે કોઈ આપણામાંથી કોઈને રબ અલ્લાહ સિવાય[૭૦] પછી જો તેઓ મોઢું ફેરવે (આનાથી) તો તમે કહી આપો, ગવાહ રહેજો (હે અહલે કિતાબ !) કે અમે મુસલમાન છીએ[૭૧]. હે અહલે કિતાબ ! શા માટે ઝઘડો છો તમે ઈબ્રાહીમના બારામાં જ્યારે કે નથી ઉતારવામાં આવી તૌરાત અને ઈન્જીલ, પણ તેમના પછી[૭૨] શું (એટલું પણ) તમે નથી સમજી શકતા ?! સાંભળો છો ! તમે તે લોકો છો જે ઝઘડતા રહ્યા છો (અત્યાર સુધી) એ વાતોમાં જેનો તમને કાંઈ ન કાંઈ ઈલ્મ હતો, તો હવે શા માટે ઝઘડવા લાગ્યા છો એ વાતોમાં નથી જેનો કાંઈ ઈલ્મ, અને અલ્લાહ તઆલા જાણે છે અને તમે નથી જાણતા.

### તફસીર.........

૬૯. કલમાથી મુરાદ અહીં લફ્ઝે મુફરદ નથી બલ્કે જુમ્લા મુફીદા છે, એટલે **الا نعبد الا الله**...الخ અને આ આમ વપરાશમાં છે : **والكلمة تطلو على الجملة المفيده** (ઈબ્ને કસીર) એના પરથી માલૂમ થયું કે હુઝૂર સરાપા નૂર صلى الله عليه وسلم કોઈ નવી દા'વત, કોઈ નિરાલો (નવો) દીન લઈને આવ્યા ન હતા, બલ્કે હુઝૂર عليه الصلوٰة والسلام પણ એ જ તૌહીદના દાઈ (નિમંત્રક) બનીને તશરીફ લાવ્યા હતા જેની દા'વત દરેક નબીએ આપી. તેમજ આ આયતથી એ પણ સ્પષ્ટ થઈ ગયું કે માનવ જાત જે આજે વિવિધ તથા વિરોધી ગ્રુપોમાં વહેંચાઈને રહી ગઈ છે જેના કારણે જીવનનો ગુલશન જહન્નમના અઝાબ સમો બની ગયો છે. એના ઈત્તેહાદનો હકીકી તથા મજબૂત પાયો તૌહીદનો અકીદો જ છે જે દુનિયાની સર્વ હકીકતોથી અધિક સ્પષ્ટ અને અધિક રોશન હકીકત છે. અને હુઝૂર عليه السلام એ આ જ પ્લેટફોર્મ પર ભેગા થવાના માટે અહલે કિતાબને દા'વત આપી.

**૭૦.** ઈમામ તિર્મિઝીએ હઝરત અદી બિન હાતિમથી નક્લ કર્યુ છે કે જ્યારે આ આયત નાઝિલ થઈ તો મેં બારગાહે રિસાલતમાં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! અમે એમની ઈબાદત ન કર્યા કરતા હતા. તો હુઝૂર ﷺએ ફર્માવ્યું કે શું એવું ન હતું કે તે જે હલાલ ચીજને ચાહતા હરામ કરી આપતા અને જે હરામ ચીજને ચાહતા હલાલ કરી આપતા, અને તમે તેમના દરેક હુકમની પયરવી કર્યા કરતા હતા ?! મેં અર્ઝ કરી કે હા ! એવું તો અમે કર્યા કરતા હતા. તો હુઝૂર علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું : ھو ذالك "એટલે અલ્લાહના હુકમ વિના કોઈને હલાલ તથા હરામ કરવાના સંપૂર્ણ અધિકારો સોંપી દેવા એ જ તો એની ઈબાદત કરવું તથા તેને રબ બનાવવું છે. હજી પણ જો કોઈ શખ્સ કોઈના વિશે એવો અકીદો રાખે કે (અલ્લાહના હુકમ વિના) તે શરીઅતની હલાલ કરેલ ચીજોને હરામ તથા હરામ કરેલ ચીજાને હલાલ કરી શકે છે તો એ પણ એ જ શિક્ષાને પાત્ર છે.

**૭૧.** આ આયતે કરીમામાં અહલે કિતાબની આંખોથી પૂર્વગ્રહ (દુશ્મની)નો પર્દો ઉઠાવવાની એક અજીબ તથા સરસ તરીક઼ામાં કોશિશ કરવામાં આવી છે. માણસ જ્યારે કોઈ બીજાને હક્ક઼ તથા સદાક઼તના મેદાનમાં આગળ નીકળી જતો જુએ છે તો એ જઝબો કુદરતી રીતે એનામાં પણ જાગૃત થવા માંડે છે કે જ્યારે અન્ય લોકો સર્વ રુકાવટોને પાર કરીને હક્ક઼ની પ્રતિ આકૂળતાપૂર્વક આગેકૂચ કરી રહ્યા છે તો હું શા માટે પાછળ રહું. મુસલમાનોના આ એલાનથી યહૂદી તથા નસારાના દિલમાં પણ એ જઝબો પેદા કરવાનો હેતુ છે.

**૭૨.** હઝરત ઈબ્રાહીમ علیہ السلامના ફઝાઈલ તથા કમાલોને સૌ સ્વીકારનાર છે. અને સૌ એના પર એકમત હતા કે આપનો દીન જ સાચો દીન છે અને આપનો માર્ગ જ સીધો માર્ગ છે. એટલા માટે પોતે પોતાને સાચો સાબિત કરવાના માટે યહૂદી એવો દાવો કર્યા કરતા હતા કે હઝરત ઈબ્રાહીમ યહૂદી હતા, અને ઈસાઈ દાવો કરતા કે આપ ઈસાઈ હતા. તેઓના આ ગલત દાવાને ખોટો ઠરાવવામાં આવી રહ્યો છે કે યહૂદિયત તથા ઈસાઈયત એ બાદની ઉપજ છે, હઝરત ઈબ્રાહીમ علیہ السلامનો જમાનો તો સદીઓ પહેલાંનો છે જ્યારે યહૂદિયત કે ઈસાઈયતનું અસ્તિત્વ પણ ન હતું એટલા માટે એમને યહૂદી કે ઈસાઈ કહેવા એ ક્યાંનું શાણપણ છે.

પેજ નં. **૨૬** નું ચાલુ...

વાત વાંધાજનક છે તૌબા કરી લેવી જોઈએ." અને થાન્વી સાહબ માની પણ રહ્યા છે કે હું અહીં અથવા ઘરે જઈ તૌબાનામુ બહાર પાડી દઈશ. પરંતુ મુર્તઝા હસન કહે છે : "જો તૌબા કરી લેવામાં આવી તો અમારુ નાક કપાઈ જશે !" અને તેના પર થાન્વી સાહબે એ નક્કી કર્યું કે ઠીક છે, હવે હું તેના પર જ અટલ રહીશ. મેં વિચાર્યું કે **નાક બચાવવામાં આવે કે ઈસ્લામ બચાવવામાં આવે ?** એટલા માટે મેં ત્યાં જ તે ઓરડામાં તૌબા કરી. અને એ પણ વિચાર્યું કે અહીંથી નાસીને જઈશ નહીં કેમ કે ઘરે આવતો તો વાલિદ સાહબ મારી ધમકાવીને પાછો મોકલી દેતા, એટલા માટે પોતાના બાકી રહેલા દિવસો ગણી ગણીને વિતાવવા લાગ્યો. તે દિવસથી લોકો સાથે મેળ મિલાપ પણ ઓછો કરી દીધો. અને જ્યારે ફારિગ થયો તો ત્યાં થૂંકીને ચાલ્યો આવ્યો. હા ! મેં વિચારી લીધું હતું કે હઝરત મૌલાના અહમદ રઝાખાં સાહબ رحمۃ اللہ علیہના હાથ પર જ બયઅત કરીશ, પરંતુ દુનિયાવી કામોએ મોહલત ન આપી કે બરેલી જઈ તેમનાથી મુરીદ થઈ જતો. અફસોસ ! હઝરત મૌલાના અહમદ રઝાખાં સાહબ વિસાલ ફર્માવી ગયા, એટલા માટે અત્યારે કોઈનો મુરીદ નથી. (સાથે જ હઝરતે ફર્માવ્યું) તો **જે રીતે યહૂદી તથા નસારા બધુ જ જાણવા છતાં પણ અજાણ બની રહ્યા, એવી જ રીતે દેવબંદના અગ્રેસરો બધુ જ જાણતા હતા કે ઉપરોક્ત કિતાબોના લખાણો કુફ્રી છે પરંતુ હઠધર્મી તથા જીદનો શું ઈલાજ?!**

*–(હવાલો : કન્ઝુલ ઈમાન–ઉર્દૂ મંથલી, જાન્યુ. ૨૦૧૨)*

**હદીષ** : "મારી જાણ મુજબ એમનાથી જ રિવાયત છે તે રસૂલુલ્લાહ ﷺથી રિવાયત[1] કરે છે કે ફર્માવ્યું, યક઼ીનન! અલ્લાહ તઆલા આ ઉમ્મતના માટે દર સો વરસે એક મુજદ્દિદ મોકલતો રહેશે જે એના દીનને તાજો કરશે[2]. (અબૂ દાઊદ) હઝરત ઈબ્રાહીમ ઈબ્ને અબ્દુર્રહમાન અઝરીથી[3] રિવાયત છે, ફર્માવે છે કે રસૂલુલ્લાહ علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું કે આ ઈલ્મને દરેક પાછલી જમાઅતમાંથી પરહેઝગાર લોકો ઉઠાવતા રહેશે[4] જેઓ અતિશયોક્તિ કરનારાઓના ફેરફારો તથા જૂઠાઓનાં જૂઠાં બયાનો તથા જાહિલોની હેરફેર એનાથી દૂર કરતા રહેશે[5]. એને બયહક઼ીએ મુદખલમાં મુરસલન રિવાયત કર્યું[6]. અમે હઝરત જાબિરની હદીષ فَاِنَّمَا شِفَاءُ الْعَیِّ (છેવટ સુધી) ઈન્શાઅલ્લાહ ! બાબુલ યતીમમાં વર્ણન કરીશું."

-:: સ....મ....જૂ....તી.... ::-

**૧.** આ વાત કોઈ નીચેના રાવીની છે, તે ફર્માવે છે કે મારું અધિક્તર ગુમાન એ છે કે હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہએ આ હદીષ હુઝૂર علیہ الصلوٰۃ والسلامથી રિવાયત કરી. એમનો ખૂદ પોતાનો ક઼ૌલ નથી.

**૨.** એટલે કે આ ઉમ્મતની એ વિશિષ્ટતા છે કે, એમાં આમ તો હમેશાં ઉલમા તથા અવલિયા થતા રહેશે, પરંતુ દરેક સદીના પ્રારંભ કે અંતમાં ખાસ મુસ્લિહીન (સુધારકો) પેદા થતા રહેશે જેઓ સુન્નતોને ફેલાવશે, બિદઅતોને મિટાવશે, ગલત તાવીલોને દૂર કરશે, સહીહ તબ્લીગ કરશે. યાદ રાખશો કે આ હદીષના આધારે ઘણા લોકોએ પોતાના ખયાલના પ્રમાણે મુજદ્દિદ ગણાવ્યા છે કે પ્રથમ સદીમાં ફલાણા, બીજી સદીમાં ફલાણા. ઘણા ફસાદીઓએ પણ પોતે પોતાને મુજદ્દિદ કહ્યા. મિર્ઝા ગુલામ અહમદ ક઼ાદયાની શરૂમાં મુજદ્દિદ જ બન્યો હતો પછી નબી. હક્ક઼ એ છે કે એનાથી ન કોઈ ખાસ શખ્સ મુરાદ છે ન કોઈ ખાસ જમાઅત. ક્યારેક ઈસ્લામી બાદશાહ ક્યારેક મુહદ્દિષો, ક્યારેક ફક઼ીહો, ક્યારેક સૂફીઓ, ક્યારેક માલદારો, ક્યારેક અમુક હાકિમો દીનની તજદીદ કરશે. ક્યારેક એક ક્યારેક એમની જમાઅતો જે દીનની ખાસ ખિદમત કરે તેઓ જ મુજદ્દિદ છે. જેમ કે એક સમયમાં હઝરત સુલ્તાન મોહયુદ્દીન ઔરંગઝેબ આલમગીર رحمۃ اللہ علیہ જેમણે ઈસ્લામથી અકબરી બિદઅતોને દૂર કરી. અને જેમ કે કુતબુલ વક઼્ત હઝરત મુજદ્દિદ અલ્ફેષાની શયખ અહમદ સરહિંદી رحمۃ اللہ علیہ અથવા આ જમાનામાં આલિમ આ'લા હઝરત મૌલાના શાહ અહમદ રઝાખાં સાહબ બરેલ્વી رحمۃ اللہ علیہએ પોતાની ઝબાન તથા ક઼લમ વડે હક્ક઼ તથા બાતિલને અલગ પાડીને રાખી દીધાં.

**૩.** અઝરી બની ખુઝાફાનો એક ક઼બીલો છે જે અઝરા ઈબ્ને સઅદની ઔલાદમાંથી છે. લગભગ એ સહાબી છે અને જો તાબઈ છે તો આ હદીષ મુરસલ છે કેમ કે સહાબીનું નામ રહી ગયું.

**૪.** એમાં ગયબી બશારત છે કે ક઼યામત સુધી મારા દીનમાં ઉલમાએ ખૈર પેદા થતા રહેશે જેઓ ઈલ્મે દીનને પઢતા, પઢાવતા તથા તબ્લીગ કરતા રહેશે. યાદ રાખશો કે આગલા સાલેહીનને સલફ અને પાછલાને ખલફ કહેવામાં આવે છે, જેથી દરેક સાલેહીનની જમાઅત આગલાઓના લેહાઝથી ખલફ અને પાછલાઓના લેહાઝથી સલફ છે.

**૫.** એટલે કે મુસલમાનોમાં અમુક જાહિલો ઉલમાની શકલ ધારણ કરીને કુર્આન તથા હદીષની ગલત તાવીલો તથા અર્થમાં ફેરફાર કરી નાખશે, અને તે મક઼બૂલ જમાઅત આ સર્વ ચીજોને દૂર કરી આપશે. અલ્હમ્દુલિલ્લાહ ! આજ સુધી એવું થઈ રહ્યું છે અને ભવિષ્યમાં પણ એવું થશે. જુઓ ઉલમાએ દીનની સરપરસ્તી ન હુકૂમત કરે છે ન ક઼ૌમ, પરંતુ છતાં આ જમાઅત પેદા થતી રહે છે અને દીનની ખિદમત સતત કરતી રહી છે.

**૬.** જાણવા મળ્યું ઈબ્રાહીમ ઈબ્ને અબ્દુર્રહમાન તાબઈ છે.

દલીલુલ આરિફીન



# હશ્ત બહિશ્ત

## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

رحمۃاللہ تعالی علیہم اجمعین

અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી** –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)

*(દલીલુલ આરિફીન : મલ્ફૂઝાતે ખ્વાજા ગરીબ નવાઝ رحمۃاللہ علیہ)*

(સંપાદક : હઝરત કુત્બુદ્દીન બખ્તિયારકાકી رحمۃاللہ علیہ)

### ★ એક પ્યારી સુન્નત ★

પછી ઝબાન મુબારકથી ફર્માવ્યું કે ફકીહો લખે છે કે રસૂલે ખુદા ﷺ ફર્માવે છે : જમણો હાથ ખાણુ ખાવા અને હાથ મોં ધોવાના માટે છે અને ડાબો હાથ ઈસ્તિન્જા કરવા માટે છે.

પછી વાત એના બારામાં શરૂ થઈ કે જ્યારે માણસ મસ્જિદમાં આવે તો સુન્નત એ છે કે પ્રથમ જમણો પગ અંદર રાખે, અને જ્યારે બહાર નીકળે તો ડાબો પગ પ્રથમ બહાર રાખે.

પછી ફર્માવ્યું કે એકવાર ખ્વાજા સુફયાન થૌરી મસ્જિદમાં આવ્યા અને ભૂલથી પ્રથમ ડાબો પગ અંદર રાખી દીધો, અને અવાજ આવ્યો કે બળદ આ રીતે બેઅદબીપૂર્વક ઘુસી આવે છે ! તે દિવસથી આપ ખ્વાજા સુફયાન થૌરી કહેવાયા.

### ★ અદના આરિફ કોણ ? ★

પછી આરિફોના બારામાં ચર્ચા શરૂ થઈ. આપે ફર્માવ્યું કે આરિફ તે શખ્સને કહે છે કે જે તમામ જહાનને જાણતો હોય, અને બુદ્ધિ વડે લાખો અર્થો પેદા કરી શકે છે અને વર્ણન કરી શકે છે, અને મહોબ્બતની સર્વ ગુંચોનો જવાબ આપી શકતો હોય, અને દરેક સમયે બહર (સમુદ્ર)માં તરતો રહે જેથી કરીને ઈસ્રારે ઈલાહી તથા અન્વારે ઈલાહીનાં મોતીઓ કાઢતો રહે અને દીદાવર જોહરીઓના સમક્ષ રજૂ કરતો રહે, જ્યારે તેઓ એને જુએ તો પસંદ કરે એવો શખ્સ બેશક ! આરિફ છે.

ત્યારબાદ એ જ મોકા પર ફર્માવ્યું કે આરિફ દરેક સમયે ઈશ્કના ખયાલોમાં વ્યસ્ત રહે છે અને ખુદાની કુદરતના કમાલોની આફરિનીમાં આશ્ચર્યચક્તિ રહે છે. જો ઊભો છે તો પણ દોસ્તના વહેમમાં, અને જો બેઠો છે તો પણ દોસ્તને ઝિક્ર કરે છે, જો સૂતેલો છે તો દોસ્તના ખયાલમાં હેરતમય છે, જો જાગે છે તો પણ દોસ્તના હિજાબે અઝમતની આસપાસ તવાફ કરે છે.

### ★ નમાઝે ઈશ્રાક્ની ફઝીલત ★

ત્યારબાદ ફર્માવ્યું કે અહલે ઈશ્ક સવારની નમાઝ અદા કરીને નમાઝની જગાએ સૂર્ય નીકળતાં સુધી બેઠેલા રહે છે, એમનો મક્સદ એનાથી એ હોય છે કે દોસ્તની નજરમાં મક્બૂલ થઈ જાઉં અને અન્વારની તજલ્લી એમના પર સતત થાય.

પછી ફર્માવ્યું કે જ્યારે એવો શખ્સ સવારની નમાઝ અદા કરીને નમાઝની જગાએ બેઠેલો રહે છે તો ફરિશ્તાને હુકમ થાય છે કે જ્યાં સુધી તે ન ઉઠે તેની પાસે આવીને તેના માટે બખ્શિશ માગે.

પછી એ જ મોકાસર ફર્માવ્યું કે ખ્વાજા જુનેદ બગદાદી رحمۃاللہ علیہ પોતાની ઉમદામાં લખે છે : "તે ઈસ્રારે ઈલાહીનો ઈશારો છે કે એક દિવસ રસૂલુલ્લાહ ﷺએ શૈતાનને ગમગીન જોઈને સબબ પૂછયો, તો તેણે અર્ઝ કરી કે આપની ઉમ્મતના ચાર ગિરોહ થશે, સૌથી પ્રથમ મોઅઝ્ઝિન જેઓ અઝાન

કહે છે એટલા માટે કે તે અઝાન કહે છે તો જે સાંભળે છે તે અઝાનના જવાબમાં મશ્ગૂલ થઈ જાય છે, કહેનાર તથા સાંભળનાર સૌને બખ્શી દેવામાં આવે છે. બીજા જેઓ જેહાદના માટે બહાર નીકળે છે તો તેમના ઘોડાઓની ખરીઓના અવાજથી જ્યારે તેઓ તકબીર કહે છે અને ખુદા માટે લડે છે તો હુકમ થાય છે કે તેમને તેમના સંબંધીઓ સહિત બખ્શી આપ્યા. ત્રીજો તે ગિરોહ છે જે હલાલ ધંધાથી રોજી કમાય છે અને દરવેશ જ્યારે હલાલની કમાઈ ખાય છે અને અન્યોને ખવડાવે છે તો અલ્લાહ તઆલા તેમને બખ્શી આપે છે. ચોથો તે ગિરોહ જે સવારની નમાઝ અદા કરીને સૂર્ય નીકળતા સુધી ત્યાં બેઠેલો રહે છે અને પછી ઈશ્રાક઼ની નમાઝ અદા કરે છે. શૈતાને અર્ઝ કરી કે યા રસૂલલ્લાહ ! (ﷺ) જે દિવસે હું મલકૂતમાં હતો તો મેં લોહે મેહફૂઝમાં લખેલું જોયું હતું કે **જે શખ્સ સવારની નમાઝ અદા કરીને સૂર્ય નીકળતા સુધી યાદે ઈલાહીમાં મશગૂલ રહે અને પછી ઈશરાક઼ની નમાઝ અદા કરે તો અલ્લાહ તઆલા તેના સિત્તેર હજાર સંબંધીઓ સહિત તેને બખ્શી આપે છે, અને દોઝખના અઝાબથી મુક્તિ આપે છે.**

ત્યારબાદ ફર્માવ્યું કે મેં ફિક઼હે અકબરમાં લખેલું જોયું છે કે ઈમામુલ મુત્તક઼ીન અબૂ હનીફા કૂફી رحمۃ اللہ علیہ રિવાયત કરે છે કે એક કફનચોર ચાલીસ વરસો સુધી કફન ચોરતો રહ્યો, છેવટે જ્યારે મૃત્યુ પામ્યો તો તેને ખ્વાબમાં જોયો કે જન્નતમાં ટહેલી રહ્યો છે. એનો સબબ પૂછયો તો બોલ્યો કે મારામાં એક ચીજ હતી તે એ કે જ્યારે હું સવારની નમાઝ અદા કરતો હતો તો સૂરજ નીકળતાં સુધી યાદે ઈલાહીમાં મશગૂલ રહીને પછી ઈશ્રાક઼ની નમાઝ અદા કરતો. હક્ક઼તઆલા અતિશય માફ કરનારો છે તેણે એની બરકતથી મને બખ્શી આપ્યો, મારાં કામોનો કાંઈ ખયાલ ન કર્યો અને મને આ દરજ્જે પહોંચાડી આપ્યો.

પછી મોક઼ાસર ફર્માવ્યું કે આરિફને જ્યારે હાલત થાય છે અને એ ચીજમાં ગર્ક઼ હોય છે તો એ હાલતમાં જો કેટલાયે હજાર મુલ્ક જેમાં અજીબો ગરીબ ચીજો હોય તેની સમક્ષ રજૂ કરવામાં આવે છે તો તે એના પ્રતિ આંખ ઉઠાવીને પણ નથી જોતો, પણ એ જ ચીજમાં જુએ છે જે એના માટે નાઝિલ થાય છે. આરિફની એક નિશાની તો એ જ છે કે તે દરેક સમયે સ્મિત કરતો રહે છે. જે વખતે આરિફ સ્મિત કરે છે તે વખતે આલમે મલકૂતમાં મગરિબ સુધી તેને દેખાય આવે છે, તો જે કાંઈ એનાથી જાહેર થાય છે તે એના મુસ્કુરાવાનો સબબ હોય છે.

ત્યારબાદ ફર્માવ્યું કે ઈરફાનમાં એક હાલત હોય છે, જ્યારે એ હાલત એના પર છવાય છે તો એક જ ક઼દમમાં અર્શથી હિજાબે અઝમત સુધીનો ફાસલો પાર કરી લે છે અને ત્યાંથી હિજાબે કિબ્રિયા સુધી પહોંચી જાય છે, પછી બીજા ડગલા પર પોતાના સ્થાને આવી પહોંચે છે.

પછી ખ્વાજા સાહબ અશ્રુમય થઈ ગયા કે આરિફનો સૌથી કમ દરજો આ જ છે પરંતુ તે જે કામિલ છે તેનો દરજો અલ્લાહ તઆલા જ જાણે છે કે ક્યાં સુધી છે, ક્યાં સુધી પહોંચે છે અને ક્યારે પાછા આવે છે. اَلْحَمْدُ لِلّٰہِ عَلٰی ذٰلِکَ

**ભરૂચમાં જશ્ને દસ્તારબંદી**

દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ ખાતે ચાલુ સાલે ફારિગ થનાર ૧૧–હાફિઝ, ૫–ક઼ારી તથા ૨–આલિમ સાહેબાનની દસ્તારબંદીનો અઝીમુશ્શાન શાનદાર જલસો ઉસ્તાઝુલ હુફ્ફાઝ હઝરત મૌલાના ઈબ્રાહીમ કાપોદ્રવી સાહબની સદારતમાં યોજાયો જેમાં મુફક્કિરે ઈસ્લામ હઝરત અલ્લામા મૌલાના કમરુઝ્ઝમાંખાં આ'ઝમી (સેક્રેટરી વર્લ્ડ ઈસ્લામિક મિશન–યુ.કે.)એ પોતાના આગવા અંદાઝમાં ઈલ્મી ઈસ્લાહી બયાન કર્યું હતું. ઉલમાએ કિરામ સાદાતે એઝામની હાજરીથી સ્ટેજ ભરચક હતું. નિઝામત સદરુલ મુદર્રિસીન દારુલ ઉલૂમ ગુલશને અજમેર હઝરત મુફ્તી નાસિર શુજાઉદ્દીન સાહબે નિભાવી હતી. હઝરત અલ્લામાનો તઆરૂફ હઝરત મૌલાના નિઝામુદ્દીન મિસ્બાહી કુરચનવી સાહબે અનોખી રીતે કરાવ્યો હતો. આ મુબારક અવસરે હઝરત અલ્લામાના મુબારક હસ્તે ફારિગ થનારથી દસ્તારબંદી કરવામાં આવી હતી.

# હ઼દાઈક઼ે બખ્શિશ

અઝ
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ
અનુવાદક તથા રૂપાંતરકર્તા
મૌલાના સાદિક઼ સાબરી દહેગામી

## :: મન્ક઼બતે હુઝૂર ગૌષે આઝમ رضی اللہ عنہ ::

**બંદા ક઼ાદિરકા ભી ક઼ાદિર ભી હૈ અબ્દુલક઼ાદિર**
**સિર્રે બાતિન ભી હૈ ઝાહિર ભી હૈ અબ્દુલક઼ાદિર**

*(ક઼ાદિર = કુદરતવાળો, શક્તિશાળી, અબ્દુલક઼ાદિર = ક઼ાદિરનો બંદો જનાબે ગૌષે આઝમ رضی اللہ عنہનું નામ મુબારક, સિર્રે બાતિન = છુપા હોવાનો ભેદ)*

**અર્થ :** હુઝૂર ગૌષેપાક رضی اللہ عنہનું નામ અબ્દુલક઼ાદિર છે જેનો અર્થ કુદરતવાળાનો બંદો થાય છે એટલે કે ગૌષેપાક ક઼ાદિરે મુતલક ખુદાના બંદા છે અને જ્યારે તે ક઼ાદિરના બંદા છે તો ક઼ાદિર ખુદા પાકે આપને પણ ક઼ાદિર શક્તિશાળી બનાવ્યા છે, અને આપ ઝાહિર અને બાતિનના ભેદને જાણનાર છે. આ'લા હઝરતે અહિંયા સ્પષ્ટતા કરી છે કે જ્યારે ગૌષે પાક رضی اللہ عنہ કુદરતવાળા ખુદાના બંદા છે તો પછી તેમના મર્તબામાં શું કમી રહેશે. શેખ અબ્દુલહક્ક઼ મુહદ્દિષે દહેલ્વી رضی اللہ عنہનું ફર્માન છે કે હુઝૂર ગૌષે પાક رضی اللہ عنہની કરામતો બેશુમાર છે જેવી રીતે હુઝૂર નબીએ પાક علیہ الصلوٰۃ والسلامના મોઅજિઝા બેહદ અને બેહિસાબ છે.

**મુફ્તીએ શરઅ ભી હૈ ક઼ાઝીએ મિલ્લત ભી હૈ**
**ઈલ્મે અસ્રાર સે માહિર ભી હૈ અબ્દુલ ક઼ાદિર**

*(મુફ્તીએ શરઅ = શરીઅતના મુફ્તી, મિલ્લત = મઝહબ, ઈલ્મે અસ્રાર = ભેદી જ્ઞાન, માહિર, જાણકાર)*

**અર્થ :** હુઝૂર ગૌષે આઝમ رضی اللہ عنہ ઈસ્લામી શરીઅતના મુફ્તી છે અને મઝહબે ઈસ્લામના ક઼ાઝી—ફૈંસલો કરનાર છે અને ખુદાના ભેદોના જાણકાર છે.

**મમ્બએ ફૈઝ ભી હૈ મજમએ અફ઼ઝાલ ભી હૈ**
**મેહરે ઈર્ફ઼ા કા મુનવ્વર ભી હૈ અબ્દુલ ક઼ાદિર**

*(મમ્બએ ફૈઝ = ફૈઝ જારી થવાની જગ્યા, મજમએ અફ઼ઝાલ = મહેરબાનીઓનો મજમો, મહેર = સૂર્ય, ઈરફ઼ાન = ઓળખ)*

**અર્થ :** હુઝૂર ગૌષેપાક رضی اللہ عنہ રૂહાની ફૈઝના મમ્બઅ અને ફઝીલતોના સમૂહ છે અને ઈલ્મે ઈરફ઼ાનના પ્રકાશિત સૂરજ છે.

**કુત્બે અબ્દાલ ભી હૈ મેહવરે ઈર્શાદ ભી હૈ**
**મર્કઝે દાઈરએ સિર્ર ભી હૈ અબ્દુલ ક઼ાદિર**

*(કુતુબ = એક રૂહાની મર્તબો, વલીઓના સરદાર, અબ્દાલ = એક રૂહાની દરજો, મેહવર = ધરી, ઈર્શાદ = સીધો રસ્તો દેખાડનાર, દાઈરા = વર્તુળ, સિર્ર = ભેદ)*

**અર્થ :** હુઝૂર ગૌષેપાક رضی اللہ عنہ અબ્દાલોના સરદાર પણ છે અને વલીઓના મેહવર પણ છે અને ભેદના વર્તુળના કેન્દ્ર પણ છે.

**સિલ્કે ઈર્ફ઼ા કી ઝિયા હૈ યહી દુર્રે મુખ્તાર**
**ફખ્રે ઈશ્બાહ વ નઝાઈર ભી હૈ અબ્દુલ ક઼ાદિર**

*(સિલ્કે ઈર્ફ઼ા = ખુદાની ઓળખનો મોતીનો હાર, ઝિયા = પ્રકાશ, દુર્રે મુખ્તાર = પસંદીદા મોતી, ઈશ્બાહ = હમશકલ, નઝાઈર = મિષ્લ, ના જેવા)*

**અર્થ :** હુઝૂર ગૌષેપાક رضی اللہ عنہ ખુદાની મારેફતના મોતીઓના હારની ચમક છે અને આપ દુર્રે મુખ્તાર, પસંદ કરેલ મોતી છે, અને આપ દરેક ગૌષ અને કુતુબ માટે ફખ્ર છે. (દુર્રે મુખ્તાર અને ઈશ્બાહ વ ન્નઝાઈર બે વધુ પેજ નં. 33....પર

# અવલિયા અલ્લાહની કરામતો

અઝ : અબુલ કાસિમ અબ્દુલકરીમ બિન હવાઝિન કુશૈરી رحمۃ اللہ علیہ

અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી
તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)

### ★ એક નવયુવાનની કરામત ★

અબુલ કાસિમ બિન મરવાન નેહાવંદી વર્ણવે છે કે હું તથા અબૂબક્ર વરાક અબૂ સઈદ ખઝારની સાથે સમુદ્ર કિનારે શિકારના સ્થળ તરફ જઈ રહ્યા હતા. અબૂ સઈદે દૂરથી એક શખ્સને જોયો અને ફર્માવ્યું, બેસી જાવ ! હોય ન હોય આ શખ્સ અવલિયા અલ્લાહમાંથી છે.

થોડીવાર પછી એક ખૂબસૂરત નવયુવાન આવ્યો જેના હાથમાં નાની મશક તથા ખડીયો હતાં અને ગોદડી પહેરેલી હતી. અબૂ સઈદે આશ્ચર્યમય રીતે એના તરફ જોયું, કેમ કે તેણે મશકની સાથે એક ખડીયો ઉઠાવી રાખ્યો હતો. અબૂ સઈદે પૂછયું, હે નવયુવાન ! અલ્લાહની તરફ જવાનો શો તરીકો છે ? તેણે જવાબ આપ્યો, હે અબૂ સઈદ ! મને અલ્લાહની તરફ જવાના બે માર્ગો માલૂમ છે, એક ખાસ તરીકો અને બીજો આમ તરીકો. આમ તરીકો તો એ છે જેના પર તમે ચાલી રહ્યા છો, અને જો ખાસ તરીકો જાણવા ચાહતા હોઉ તો આ જોઈ લો ! આમ કહીને તે પાણી પર ચાલવા લાગ્યો, ત્યાં સુધી કે અમારી આંખોથી અદશ્ય થઈ ગયો. અબૂ સઈદ આ પ્રસંગ જોઈને આશ્ચર્યમાં ડૂબી ગયા.

### ★ એક ફકીરની કરામત ★

જુનૈદ બગદાદી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે હું શોનિઝિયાની મસ્જિદમાં ગયો અને ત્યાં ફકીરોની જમાઅતને જોઈ જે કરામત પર બહષ કરી રહ્યા હતા. તેમનામાંથી એક ફકીરે કહ્યું કે, હું એક એવી વ્યક્તિને જાણુ છું તે જો આ થાંભલાને કહે કે અડધો ચાંદી અડધો સોનાનો થઈ જા ! તો તે થઈ જાય. જુનૈદ رحمۃ اللہ علیہ કહે છે કે મેં જોયું તો તે થાંભલો અડધો ચાંદી અડધો સોનાનો થઈ ચૂકયો છે !

### ★ સિંહ પૂછડી પટપટાવવા લાગ્યો ! ★

કહે છે કે સુફયાન ષૌરી رحمۃ اللہ علیہ અને શયબાન રાઈ رحمۃ اللہ علیہ બંનેવ હજજના માટે રવાના થયા. એક સિંહે એમનો માર્ગ રોકી લીધો. સુફયાને કહ્યું, સિંહને જોઈ રહ્યા છો ?! શયબાને કહ્યું, ડરો નહીં ! પછી શયબાને સિંહનો કાન પકડીને આમળ્યો તો સિંહ પૂછડી પટપટાવવા લાગ્યો. આ જોઈને સુફયાને કહ્યું, આ શું દેખાડો કરો છો ?! (ખ્યાતિ પામવા માટે) તો શયબાને કહ્યું, જો પ્રખ્યાત થવાનો ડર ન હોત તો હું એની પીઠ પર સફરનો સામાન રાખીને મક્કા સુધી લઈ જાત.

### ★ હઝરત મઅરૂફ કર્ખીની કરામત ★

અમને મુહમ્મદ બિન અબ્દુલ્લાહ સૂફીએ કહ્યું. અલી બિન હારૂને તેમને કહ્યું. તેમણે કહ્યું કે અલી બિન અહમદે તેમને બયાન કર્યું કે જઅફર બિન કાસિમ ખવાસે કહ્યું કે મુહમ્મદ બિન મન્સૂર તૂસી ફર્માવતા હતા કે હું અબૂ મેહફૂઝ મઅરૂફ કર્ખી رحمۃ اللہ علیہની પાસે હતો તો તેમણે મારા હક્કમાં દુઆ કરી. અને પછી જયારે બીજા દિવસે તેમની પાસે આવ્યો તો તેમના ચહેરા પર નિશાન હતું. એક જણે પૂછયું કે હે અબૂ મહફૂઝ ! અમે કાલે આપની પાસે હતા ત્યારે તો આ નિશાન આપના ચહેરા પર ન હતું ?! એનું શું કારણ છે ? તેમણે ફર્માવ્યું, તમારા મતલબની વાત કરો. (એટલે કે એ સવાલને છોડી આપો.) તે શખ્સે કહ્યું, તમને તમારા મઅબૂદની કસમ! જરૂરથી જણાવો ! એના પર તેમણે કહ્યું કે મેં અહીં નમાઝ પઢી અને મને ઈચ્છા થઈ કે ખાનએ કા'બાનો તવાફ કરું, જેથી મક્કા ચાલ્યો ગયો અને ત્યાં કાબાનો તવાફ કર્યો. પછી હું ઝમઝમના તરફ ગયો કે એનું પાણી પીઉં તો દરવાજા પર પગ સરકી ગયો અને ચહેરા પર ઝખ્મ આવી ગયો. *(રિસાલા કુશૈરિયા)*

**મુનાફિકત તે આનુ નામ !**

# નબી વલી માટે માનો તો શિર્ક ! દેવબંદી મોલ્વી માટે માનો તો ઈમાન ?!

**કોઈ હવાલો ખોટો સાબિત કરે તેને ૧ લાખ રૂ. ઈનામ !**

## એક ઈમાનતોડ કહાની !

હાથોહાથ એક એવો જ બીજો બનાવ (કિસ્સો) પણ વાંચી લો, યાદ રહે કે, આ કિસ્સાના રાવી ખૂદ મૌલ્વી અશરફ અલી થાન્વી છે. તેમણે લખ્યું છે કે :–

*મૌલાના ઈસ્માઈલ દહેલ્વીના કાફલામાં એક માણસ શહીદ થયા જેમનું નામ બેદારબખ્ત હતું, એ મુજાહિદ દેવબંદના રહીશ હતા, તેમની શહાદતની ખબર અગાઉ આવી ચૂકી હતી. તેમના પિતા હશ્મત અલીખાન સાહબ હમેશાંના નિત્યક્રમ પ્રમાણે દેવબંદમાં પોતાના ઘરમાં એક રાતે તહજ્જુદની નમાઝને માટે ઉઠયા તો ઘરની બહાર ઘોડાના ડાબલાનો અવાજ સંભળાવ્યો. તેમણે દરવાજો ખોલ્યો તો એ જોઈને દંગ રહી ગયા કે, એમના પુત્ર બેદારબખ્ત છે ! ખૂબ આશ્ચર્યમાં પડયા કે આ તો બાલાકોટમાં શહીદ થઈ ગયા છે, અહીં કેવી રીતે આવી ગયા ? બેદારબખ્તે કહ્યું કે, જલ્દી કોઈ ચટાઈ બીછાવો, હઝરત મૌલાના ઈસ્માઈલ અને સૈયદ (અહમદ રાયબરેલ્વી) અહીં પધારી રહ્યા છે. હશ્મત અલીખાને તરત જ એક મોટી ચટાઈ પાથરી દીધી. એવામાં સૈયદ સાહબ અને મૌલાના શહીદ (ઈસ્માઈલ દહેલ્વી) બીજા કેટલાક સાથીઓ સહિત આવી પહોંચ્યા. હશ્મત અલીખાને પિતૃપ્રેમની લાગણી ભાવે પૂછયું કે, તમને ક્યાં તલવાર લાગી હતી ? બેદારબખ્તે માથા પર લપેટાએલ કપડુ ખોલ્યું અને પોતાનો અર્ધો ચહેરો પોતાના હાથમાં પકડીને તેના બાપને બતાવ્યો કે, અહીં તલવાર લાગી હતી. હશ્મત અલીખાને કહ્યું કે, બેટા ! કપડું બાંધી લો, મારાથી આ દશ્ય જોઈ શકાતું નથી. થોડીવાર પછી એ બધા પાછા ચાલ્યા ગયા.*

*સવારે હશ્મત અલીખાને શંકા થઈ કે ક્યાંક એ ખ્વાબ તો ન હોતો ?! પરંતુ ચટાઈને ધ્યાનથી જોઈ તો તેના ઉપર લોહીના ટીપાં પડેલા હતાં !*

*આ તે ટીપાં હતાં જે બેદારબખ્તના ચહેરેથી પડતાં તેના વાલિદે જોયાં હતાં. એ લોહીનાં ટીપાંઓને જોઈને હશ્મત અલીખાન સમજી ગયા કે, એ ખરેખર ! ખ્વાબની વાત નથી. અંતે કેટલાક રાવીઓના નામ ગણાવીને (થાન્વીએ) ફર્માવ્યું કે, આ હિકાયતના બીજા ઘણા વિશ્વસનીય રાવી છે.(મલ્ફૂઝાત : મૌલાના અશરફઅલી થાન્વી, પેજ : ૪૦૯)*

આ વિચિત્ર અને હેરતનાક બનાવ પર કાંઈ વિવેચન કરતાં પહેલાં એ બતાવી દેવાની હું અખ્લાકી ફર્ઝ સમજું છું કે, દેવબંદના આ (કહેવાતા) મહાન શહીદ જેમના ચમત્કારે દુનિયાના તમામ શહીદોને પણ પાછળ રાખી દીધા છે ! કયા પ્રકારની લડાઈમાં તેઓ માર્યા ગયા હતા, એ લડાઈ જેને આપણે જેહાદ ફી સબીલિલ્લાહ કહીએ છીએ તેવી હતી કે મુક્તિ સંગ્રામ હતો ? સચ્ચાઈની બોલબાલા હતી કે જૂઠાણાનું મોઢું કાળુ થયું હતું ? તેની વિગત દેવબંદી શયખ મૌલ્વી હુસૈન અહમદે લખીને સ્પષ્ટ કરી દીધું છે. તેમણે પોતાની આપવીતીના બીજા હિસ્સામાં લખ્યું છે કે :–

*સૈયદ (ઈસ્માઈલ)નો મૂળ મક્સદ ભારતમાં અંગ્રેજ સત્તાને દૂર કરવાનો હતો, જેના કારણે ભારતના હિંદુઓ અને મુસલમાનો બંને પરેશાન હતા, એ જ કારણે તેમણે પોતાની સાથે હિંદુઓને પણ સામેલ થવાનું આમંત્રણ આપ્યું અને તેમણે સાફ સાફ તેમને બતાવી દીધું કે, દેશમાંથી પરદેશી લોકોની સત્તાને ખતમ કરવી છે, ત્યાર પછી હુકૂમત કોની થશે તેનાથી તેમને કંઈ જ મતલબ નથી, જે લોકો હુકૂમતને લાયક હશે હિંદુ અથવા મુસલમાન, અથવા બંને તેઓ હુકૂમત કરશે. (નરશે હયાત, ભાગ : ૨, પેજ : ૧૩)*

હવે તમે જ બતાવો કે, ઉપરોક્ત વિશ્વાસપાત્ર હવાલાને જોયા પછી તેના પ્રકાશમાં સૈયદ સાહબના એ લશ્કર સંબંધે તેના સિવાય બીજું શું કહી શકાશે કે ઈન્ડિયન નેશનલ કોંગ્રેસના સ્વયંસેવકોની ફોજ હતી, જે ભારતમાં સેક્યુલર સ્ટેટ (બિનસાંપ્રદાયિક હુકૂમત)ની સ્થાપ્ના કરવા માટે બનાવવામાં આવી હતી.

જ્યાં સુધી શહીદોની હયાત અને તેમના રૂહાની પ્રભાવને લાગેવળગે છે ત્યાં સુધી કુર્આનની અસંખ્ય આયતો સાક્ષી છે, પરંતુ એ તમામે તમામ ફઝીલતો એવા મુજાહિદો અને એવા શહીદોની શાનમાં છે, જેમણે ખુદાની ભૂમિ ઉપર ખુદાનો કલ્મો બુલંદ કરવા અને ઈસ્લામનો રાજકીય દબદબો સ્થાપિત કરવા ખાતર પોતાની કિંમતી જિંદગીની કુર્બાની આપી છે. બિનસાંપ્રદાયિક રાજ્ય સ્થાપવા અગર તો મિશ્ર સરકાર બનાવવા માટે ફોજ એકઠી કરવામાં આવી હોય અને તેનો ઉપયોગ કરવામાં આવ્યો હોય તેને મુજાહિદીને ઈસ્લામની ફોજ કહી શકાય નહીં, અને તેવા કાર્ય પાછળ કતલ થઈ જનારા સૈનિકોને ઈસ્લામી શહીદ પણ કહી શકાય નહીં.

પરંતુ ખુદા બચાવે વ્યક્તિ પૂજાની લાઅનતથી ! ઉપરોક્ત કિસ્સામાં સ્વાતંત્ર્ય સંગ્રામમાં પોતાની આહુતિ આપનારા વ્યક્તિને બદ્ર અને ઉહદના શહીદોથી પણ ખૂબ જ ઉચ્ચ દરજ્જો આપી દેવામાં આવ્યો છે, કેમ કે **ઈસ્લામના શહીદોને પૂર્ણ શ્રેષ્ઠતાઓ હાંસલ હોવા છતાં તેમના સંબંધે એવી કોઈ રિવાયત જાણવા મળી નથી કે તેઓ શહાદત પછી પોતાના કપાયેલા મસ્તકો લઈને જીવંત ઈન્સાનોની જેમ પોતાને ઘેર આવ્યા હોય ! પોતાના ઘરવાળાંને મીઠાઈ આપી હોય અને રૂબરૂ વાતચીત કરી હોય !**

હવે ખૂદ નબી વલીના ઈખ્તિયાર બાબતે દેવબંદીઓનો અક્દિો જુઓ કે લખે છે :–

*"જેનું નામ મુહમ્મદ (સલ.) કે અલી (રદી.) છે તે કોઈ ચીજના માલિક અને મુખ્તાર નથી." (તક્વિયતુલ ઈમાન–ગુજરાતી, પેજ–૧૨૩, પ્રકાશન નંબર : ૯૬, અનુવાદક : હસન ભડકોદ્રવી, પ્રકાશક : દારુલ ઉલૂમ કંથારીયા, તા. જિ. ભરૂચ)*

જ્યારે અલ્લાહના રસૂલ મુહમ્મદ ﷺ માટે લખવાનો આ અંદાઝ છે તો અન્ય સહાબી કે વલીની તો વાત શું કરવી ?! જ્યારે બીજી બાજુ પોતાના પેશવાઓનો ઈખ્તિયાર કેવો જાહેર કરે છે તે તો તમે જોઈ રહ્યા છો ! *(નોંધ : સલ. લખવુ હરામ છે, પૂરું દુરૂદ લખવું જોઈએ ﷺ, રદી. પણ ન લખવું)*

**દેવબંદી માનસની આ વિચિત્રતા પણ જોવા સમજવા જેવી છે કે જે કુદરત એમણે રાજકીય મકતૂલ (માર્યા ગયેલા)ને માટે કોઈપણ પ્રકારના વિરોધ વિના સ્વીકારી છે, તેને આપણે હુનૈન અને કર્બલાના શહીદોને માટે સ્વીકારીએ તો તેઓ આપણને મુશ્રિક ઠરાવે છે, નિર્ભેળ તૌહીદના અક્દિાના ઈજારાદારો પોતાના માની લીધેલા ઘરના બુઝુર્ગો સંબંધે ગમે તેવી માન્યતા ધરાવે તો પણ તેમના ઈસ્લામ અને ઈમાન જેમના તેમ બાકી રહે છે, કેટલી વિચિત્રતા કહેવાય !**

# ગલતફહમીઓ તથા તેની સુધારણા

✪ અઝ ✪
હઝરત મૌલાના તહ્‌હીર અહમદ બરેલ્વી
✪ અનુવાદક ✪
મુહમ્મદ બશીર યૂસુફ ગોડીલ-પોરબંદર
(B.Sc. M.Ed.)

### ★ તકબીર ઊભા થઈને સાંભળવી ★

જ્યારે તકબીર કહેનાર "હય્ય અલસ્સલાત" અને "હય્ય અલલ ફલાહ" કહે ત્યારે ઈમામ અને મુકતદી જે ત્યાં હાજર હોય તેઓએ તે જ સમયે ઊભા થઈ જવું જોઈએ. પરંતુ કેટલીક જગ્યાઓએ તકબીરની શરૂઆતથી જ ઉભા થવાનો રિવાજ પડી ગયેલ છે, અને લોકો આ રિવાજ ઉપર એટલી બધી હઠ પકડી લે છે કે હદીષ અને ફિકહની કિતાબોની પરવા નથી કરતા અને મનમાની જીદ અને હઠધર્મીથી કામ લે છે. ફતાવાએ આલમગીરી જેને બાદશાહ ઔરંગઝેબ આલમગીર رحمۃ اللہ علیہના હુકમથી આજથી લગભગ ૩૫૦ વરસ પહેલાં, તે સમયના બધા મહાન ઓલમાએ કિરામના મશવરા અને મંતવ્યોથી લખવામાં આવી છે તેમાંના લખાણ મુજબ : અર્થાત : "મોઅઝ્ઝિન જિસ વકત હય્ય અલલ ફલાહ કહે તબ ઈમામ ઔર મુકતદિયોં કો ખળા હોના ચાહીએ." *(ફતાવાએ આલમગીરી, ભાગ : ૧, કિતાબુસ્સલાત, બાબુલ અઝાન, ભાગ : ૨, પેજ : ૫૮)*

### ★ જુમ્આની બીજી અઝાન મસ્જિદની અંદર આપવી ★

ફિકહે હનફીની લગભગ બધી જ કિતાબોમાં આ વાત સ્પષ્ટપણે લખવામાં આવી છે કે કોઈપણ અઝાન મસ્જિદમાં ન આપવામાં આવે. ખૂદ હદીષ શરીફથી પણ આ વાત સાબિત છે અને કોઈપણ હદીષ અને કોઈપણ ઈસ્લામી (મોઅતબર) અને મુસ્તનદ (ભરોસાપાત્ર અને સનદવાળી) કિતાબમાં આ વાત નથી કે અઝાન મસ્જિદની અંદર આપવામાં આવે. પરંતુ તેમ છતાં અમુક જગ્યાઓએ કેટલાક લોકો જુમ્આની બીજી અઝાન મસ્જિદની અંદર ઈમામની સામે ઉભા રહીને પઢે છે, અને અહલે સુન્નત ઉપર અમલ કરવાથી મેહરૂમ રહી જાય છે, અને ફક્ત જીદ અને હઠધર્મીને કારણે રસૂલે ખુદા ﷺની પ્યારી પ્યારી સુન્નત છોડી દે છે. અને અમુક જગ્યાએ તો લાઉડ સ્પીકર મસ્જિદની અંદર રાખીને પાંચેય વખતની અઝાન પઢવા લાગે છે, એવી રીતે અઝાન આપવાવાળા અને અઝાન અપાવવાવાળા બંને ગુનેહગાર થાય છે. ફતાવાએ આલમગીરીમાં છે : "મસ્જિદમાં કોઈ અઝાન ન આપવામાં આવે." *(આલમગીરી, બાબુલ અઝાન, ભાગ : ૨, પેજ : ૫૫)*

### ★ શું જમણી બાજુથી ઈકામત (તકબીર) આપવી જરૂરી છે ? ★

આજકાલ આ વાતને જરૂરી સમજવામાં આવે છે કે ઈકામત અથવા તકબીર જે જમાઅત ઊભી થતા પહેલાં મોઅઝ્ઝિન પઢે છે તેમાં તકબીર પઢનાર ઈમામની પાછળ જમણી બાજુ હોવો જોઈએ અને ડાબી બાજુ ઊભા રહીને તકબીર પઢવાને મના સમજે છે, જો કે ડાબી બાજુએથી પણ તકબીર પઢવું મના નથી. સૈયદી આ'લા હઝરત رحمۃ اللہ علیہ ફર્માવે છે, "અને ઈકામત બાબત પણ દિશા નક્કી કરવી કે જમણી બાજુથી હોય કે ડાબી બાજુથી હોય ફકીર (આ'લા હઝરત)ની નજરથી ગુજરી નથી. (જમણી કે ડાબી બાજુથી જ આપવું એ જરૂરી નથી) હા, એટલું જરૂરી કહી શકાય કે બરાબર ઈમામની પાછળ, પછી જમણી બાજુ વધારે મુનાસિબ છે." *(ફતાવાએ રઝવિય્યહ્‌, ભાગ : ૨, પેજ : ૪૬૫)*

ખુલાસો એ જ કે ઈમામની પાછળ અથવા જમણી બાજુથી તકબીર પઢવું વધારે બેહતર છે પરંતુ ડાબી તરફથી પણ પઢવું જાઈઝ છે અને તેનાથી નમાઝમાં કોઈ કમી (ખામી) આવતી નથી અને જમણી બાજુથી જ આપી શકાય એ પ્રમાણેની માન્યતા એ ગલતફહમી છે.

# વસીલાના મુન્કિરો ! શું આ સહીહ હદીષ પર ઈમાન નથી ?!

કાર્યાલય

પ્યારા સુન્ની ભાઈઓ ! બહેનો ! રૂપિયા, પૈસા, સોના ચાંદી નહીં પણ ઈમાન તથા અક઼ીદો એ જ અણમોલ દૌલત છે અને **''અહલે સુન્નત વ જમાઅત''** જેને આજકાલ **''સુન્ની બરેલ્વી''** કે **''મસ્લકે આ'લા હઝરત''**થી ઓળખવામાં આવે છે એ જ હક્ક઼ છે એના સિવાય સર્વ ફિર્કા નજદી વહાબી, કહેવાતા અહલે હદીષ–ગૈર મુક઼લ્લિદ, કહેવાતા જમાઅતે ઈસ્લામી–મૌદૂદી, દેવંબદી જમાતી, શીઆ, રાફઝી, ખારજી, ક઼ાદયાની........સૌ બાતિલ ગુમરાહ છે. ''અહલે સુન્નત'' મુજબના અક઼ીદાવાળા જ નજાત પામશે કે જે અક઼ીદા રસૂલ, સહાબા તથા બુઝુર્ગોના રહ્યા છે. જેથી અમારી નમ્ર ગુઝારિશ છે કે આ ગુમરાહીના દૌરમાં અક઼ીદા બાબતે ઈલ્મ શીખો અને ઔલાદને શીખવાડો જેથી તમારી નસલમાં ઈમાન બાકી રહે. અને ઈમાનવાળો જ જન્નતમાં જશે, બાકી સૌ ભલે કરોડોપતિ, અબજોપતિ કે રાજા મહારાજા કે પ્રધાન, વડા પ્રધાન, રાષ્ટ્રપતિ કે ડોકટર, વકીલ કે વૈજ્ઞાનિક વગેરે થશે પણ દુનિયાથી વિદાય થતાં જ જહન્નમની આગમાં શેકાતા થશે ! વિવિધ પ્રકારના અઝાબોમાં હમેશાં હમેશાં માટે ફસાઈ જશે.આવો ! મીલાદુન્નબી ﷺના મુબારક પ્રસંગ પર અત્રે કુર્આન શરીફ બાદ સૌથી વિશ્વસનીય કિતાબ **''બુખારી શરીફ''**ની **સહીહ હદીષ** તથા તેની સ્પષ્ટતા (શરહ) વાંચીએ અને આપણા ઈમાનને મજબૂત કરીએ. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

***''હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہથી રિવાયત છે કે હઝરત ઉમર બિન ખત્તાબ જ્યારે લોકો દુકાળમાં સપડાતા તો હઝરત અબ્બાસ બિન અબ્દુલ મુત્તલિબ رضی اللہ عنہના વસીલાથી વરસાદની દુઆ કરતા અને એવું કહેતા, હે અલ્લાહ ! અમે તારી બારગાહમાં અમારા નબી ﷺનો વસીલો લઈને આવતા તો તું અમને તૃપ્ત કરતો, અને હવે અમારા નબીના કાકાનો વસીલો લઈને આવ્યા છીએ તું અમારા પર વરસાદ વરસાવ ! તો વરસાદ વરસતો.''***

*(બુખારી શરીફ, ૧/૧૩૭ ઈસ્તિસ્ક઼ાઅ, ૧/૫૨૬ અલ્ મનાક઼િબ)*

**સમજૂતી** : ઝુબેર બિન બકરે (ક઼સ્તલાની, ભાગ–૨) અન્સાબમાં વર્ણન કર્યું કે હઝરત ઉમર رضی اللہ عنہએ હઝરત અબ્બાસ رضی اللہ عنہના વસીલાથી આ દુઆ આમ્મુર્રમાદામાં કરી હતી. ઈબ્ને સઅદ વગેરેએ લખ્યું છે કે આમ્મુર્રમાદાનો મશહૂર દુકાળ હિ.સ. ૧૮માં પડયો હતો. નવ મહિના સુધી તદ્દન વરસાદ ન પડયો. વરસાદ ન થવાને કારણે આખી જમીન ધૂળમય બની ગઈ એટલા માટે એને આમ્મુર્રમાદા કહે છે. રમાદનો અર્થ 'રાખ' છે.

અબૂ સાલેહની હદીષમાં છે કે હઝરત ઉમર તથા હઝરત અબ્બાસ મિમ્બર પર તશરીફ લઈ ગયા તો હઝરત ઉમરે પહેલાં આ પ્રમાણે દુઆ કરી :–

**اللهم انا تو جهنا اليك بعم نبيك وصِنُوَا بيه فا سقنا الغيث ولا تجعلنا من القانطين۔**

''હે અલ્લાહ ! અમે તારા નબીના કાકા અને તેમના પિતાતુલ્યને વસીલો બનાવીને તારા તરફ ધ્યાનિત થયા છીએ, તું વરસાદ વરસાવ અને અમને નિરાશ થનારાઓમાં ન કરતો.'' પછી હઝરત અબ્બાસને ફર્માવ્યું, આપ દુઆ કરો ! તો તેમણે આ મુજબ દુઆ કરી, **''હે અલ્લાહ ! ગુનાહ વિના કોઈ બલા**

**નથી ઉતરતી અને તૌબા વિના કોઈ બલા નથી ટળતી. મારો વસીલો લઈને કૌમ તારી બારગાહમાં ધ્યાનિત છે, તારા નબીની સાથે મારી નિકટતાના લીધે ગુનાહોથી ખરડાયેલા અમારા હાથો તારી તરફ ઉઠયા છે અને અમારી પેશાનીઓ તૌબાની સાથે, અમને વરસાદથી તૃપ્ત કરી આપ !** આ દુઆ પછી આસ્માનમાં પહાડોના જેમ પરનાળાં ખોલી આપ્યાં ત્યાં સુધી કે જમીન હરીભરી થઈ ગઈ અને લોકો જીવી ઉઠયા.

અલ્લામા ઈબ્ને હજર અને અલ્લામા અયનીએ ફર્માવ્યું કે આ હદીષથી સાબિત થયું કે **સાલેહ તથા દીનદાર લોકોથી અને અહલે બયતથી ખુદાની બારગાહમાં સિફારિશ તલબ કરવી મુસ્તહબ છે.**

ઝુબેર બિન બુકારે અન્સાબમાં હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہماથી આ હદીષને આ પ્રમાણે રિવાયત કરી છે કે હઝરત ઉમર رضی اللہ عنہએ એ દિવસે એવો ખુત્બો આપ્યો હતો કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم અબ્બાસને બાપના સ્થાને જાણતા હતા. હે લોકો ! આપણા કાકા અબ્બાસના બારામાં રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمનો જે વર્તાવ હતો તેનું અનુસરણ કરો અને તેમને અલ્લાહની તરફ વસીલો બનાવો. (અલ્ હદીષ) આ હદીષને ઈબ્ને હબ્બાને પોતાની સહીહમાં મુહમ્મદ બિન મુષન્નાના તરીક઼ાથી મઝકૂર સનદની સાથે ઝિક્ર કરી છે. તેમજ ઈસ્માઈલીએ પણ મુહમ્મદ બિન મુષન્નાના તરીક઼ાથી મઝકૂર સનદની સાથે થોડાક ફેરફારની સાથે રિવાયત કરી છે. તેમજ અબ્દુર્રઝ્ઝાકે પોતાની મુસ્નફમાં હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત કરી છે. તેમજ ઈમામ અબૂ ક઼ાસિમ ઈબ્ને અસાકિરે પણ કિતાબે ઈસ્તિસ્ક઼ાઅ્માં તેમનાથી રિવાયત કરી છે.

આ હદીષ એની દલીલ છે કે અહલે બયત તથા બુઝુર્ગાને દીનને ખુદાની બારગાહમાં વસીલો બનાવવો મુસ્તહબ છે. જેમ કે અલ્લામા ઈબ્ને હજર અને અલ્લામા અયનીએ સ્પષ્ટતા કરી છે. હઝરત ઉમર رضی اللہ عنہનો અમલ સર્વ સહાબીઓના મજમામાં થયો અને સૌએ એના પર અમલ કર્યો જેથી તવસ્સુલ (વસીલા)નું મુસ્તહબ હોવું સહાબાના ઈજમાઅથી સાબિત થઈ ગયું. એના પર **ગૈરમુક઼લ્લિદો અને વસીલાના મુન્કિરો એવું કહે છે કે આ હદીષમાં તવસ્સુલ (વસીલા)થી મુરાદ દુઆની દરખાસ્ત છે** કે હઝરત ઉમર رضی اللہ عنہએ હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہથી દુઆની દરખાસ્ત કરી હતી.

**હું કહું છું :** અન્ય રિવાયતોથી નજર હટાવીને જો એ લોકો કેવળ બુખારીની જ રિવાયત પર ઈમાન ધરાવતા હોત તો આવી કઢંગી વાત ન કહેત. બુખારીના શબ્દો પર એક નજર કરો, હઝરત ઉમર અર્ઝ કરે છે : **انا کنا نتوسل** (અલ્ હદીષ) હઝરત ઉમર બારગાહે ખુદાવંદીમાં અર્ઝ કરે છે, **"હે અલ્લાહ ! અમે તારી બારગાહમાં અમારા નબીને વસીલો બનાવતા હતા અને હવે અમે અમારા નબીના કાકાનો વસીલો લાવીએ છીએ અમને સૈરાબ કર."** આ અરજ અલ્લાહ جل جلالہની બારગાહમાં છે, હઝરત અબ્બાસને નહીં. એમાં સ્પષ્ટપણે ખુલાસો છે કે, "હે અલ્લાહ ! અમે અમારા નબીના કાકાને વસીલો લાવીએ છીએ તો અમને સૈરાબ (તૃપ્ત) કર." આ અરજ અલ્લાહ جل جلالہની બારગાહમાં હઝરત અબ્બાસના વસીલાથી છે. છતાં એવું કહેવું કે તવસ્સુલ (વસીલા)થી અહીં મુરાદ દુઆની દરખાસ્ત છે, એ ધોકાબાજી તથા હદીષમાં ફેરફાર નથી તો શું છે ? બીજા તરીક઼ાઓમાં દુઆના જે શબ્દો રિવાયત થયા છે એમાં પણ લગભગ આ જ વિષયનું છે.

ક્યારેક એમાં પણ કેટલાક એવું કહી આપે છે કે જીવતાનો વસીલો દુરુસ્ત છે પણ મુર્દાનો શિર્ક છે. **હું કહું છું :** પ્રથમ તો **અહલે સુન્નતનો એના પર ઈજમાઅ છે કે હુઝૂરે અક઼દસ صلی اللہ علیہ وسلم દુનિયાવી શારીરિક હક઼ીક઼ી હયાતની સાથે જીવંત છે,** તો આમ પણ હુઝૂરે અક઼દસ صلی اللہ علیہ وسلمથી વસીલો દુરુસ્ત થયો. અને એવું કહેવું કે જો હુઝૂરે અક઼દસ صلی اللہ علیہ وسلمથી

વસીલો હજી પણ જાઈઝ હોત તો હઝરત ઉમર رضی اللہ عنہએ હુઝૂરથી જ કેમ વસીલો ન લીધો ? હઝરત અબ્બાસથી શા માટે લીધો ? આ પહેલા કરતાં પણ મોટી જેહાલત છે. જો કોઈ કામના અમુક તરીકા હોય તો એમાંથી કોઈ એકને અપનાવવું એ એની દલીલ નથી કે બીજા તરીકા ગલત છે. ખાસ કરીને જ્યારે કે અપનાવેલ તરીકામાં કોઈ ખાસ ફાયદો હોય, **અહીં હુઝૂરે અક્દસ ﷺને બદલે હઝરત અબ્બાસના વસીલામાં એક મહત્વના ફાયદાનો હેતુ હતો કે હુઝૂરે અક્દસ ﷺથી વસીલો પકડવો મુસ્તહબ હોવું તો સૌને માલૂમ હતું પણ શક્ય છે કે કોઈને વહેમ થાત કે ગૈર નબીથી વસીલો હરામ છે, તો હઝરત ઉમરે હઝરત અબ્બાસને વસીલો બનાવીને બતાવી આપ્યું કે ગૈર નબીથી વસીલો એ જ પ્રમાણે મુસ્તહબ છે જેવી રીતે અંબિયાએ કિરામથી છે.** ત્રીજુ એ કે અલ્લામા ઈબ્ને હજર અસ્કલાનીએ ફતહુલબારી (૨/૪૧૨)માં અને અલ્લામા અહમદ ખતીબ કસ્તલાનીએ મવાહિબે લદુન્નિયહમાં મુસ્નફે ઈબ્ને અબી શયબાના હવાલાથી લખ્યું છે કે હઝરત ઉમરના ખજાનચી માલિક વારી કહે છે કે હઝરત ઉમરના જમાનામાં લોકો દુકાળમાં સપડાયા તો એક સાહબ નબી કરીમ ﷺના મઝારે અક્દસ પર હાજર થયા અને આ પ્રમાણે અર્ઝ કરી, ''યા રસૂલલ્લાહ ! તમારી ઉમ્મતના માટે વરસાદ માંગો ! લોકો હલાક થઈ ગયા.'' એક સાહબના ખ્વાબમાં હુઝૂરે અક્દસ ﷺ તશરીફ લાવ્યા અને ફર્માવ્યું, ઉમરને જઈને કહી આપો કે નજીકમાં જ વરસાદ આવશે. સયફે ફુતૂહમાં લખ્યું છે કે આ સાહબ હઝરત બિલાલ બિન હારિષ મુઝની رضی اللہ عنہ હતા. આ હદીષને અલ્લામા ઈબ્ને હજરે ફત્હુલબારીમાં અને અલ્લામા અહમદ ખતીબ કસ્તલાનીએ મવાહિબુલ્લદુન્નિયહ્માં સહીહ કહી છે. એને બયહકીએ દલાઈલુન્નબુવ્વત ૧૧મા ભાગમાં રિવાયત કરી છે અને શાહ વલીયુલ્લાહ સાહબે કુર્રતુલ ઐનૈનમાં અલ્ ઈસ્તીયાબના હવાલાથી વર્ણન કર્યું છે.

આ સહીહ હદીષથી સાબિત કે **કદી કદી સહાબાએ કિરામ મઝારે અક્દસ ﷺ પર હાજર થઈને હુઝૂરથી પણ મદદ માંગતા રહેતા હતા.** એનાથી સાબિત થઈ ગયું કે **બારગાહે કુદ્સના ખાસ બંદાઓના મઝારો પર હાજતો માંગવા માટે હાજરી આપવી એ સહાબાની સુન્નત છે.** અને એ તો સાબિત જ છે કે વિસાલ બાદ સહાબાએ કિરામ હુઝૂરે અક્દસ ﷺની બારગાહમાં હાજર થતા, મુશ્કેલીઓ દૂર થવા માટે દરખાસ્ત કરતા, એટલા માટે એવું કહેવું કે વિસાલ બાદ હુઝૂરે અક્દસ ﷺનો વસીલો હરામ તથા શિર્ક છે એ આ સહીહ હદીષને રદ કરવું ગણાશે.

*–(હવાલો : નુઝહતુલ કારી શરહે બુખારી, ભાગ : ૩, અઝ : શારેહે બુખારી હઝરત મુફતી શરીફુલ હક્ક અમજદી رحمۃ اللہ علیہ)*

### ★ શાદી મુબારક ! ★

**બોલ્ટન :** ખાતે અમાર મિત્ર જનાબ શફીકભાઈ અસૂર્યાવાળાના નેક ફરઝંદ મૌલાના મુહમ્મદ ખાલિદની નિકાહખ્વાની ૨૦ નવે. ૨૦૧૧ના રોજ મસ્જિદે નૂરુલ ઈસ્લામ–બોલ્ટન ખાતે રાખવામાં આવી. આ મુબારક પ્રસંગે બ્લેકબર્ન, બોલ્ટન, પ્રેસ્ટર્ન, લંડન, લેસ્ટર, માંચેસ્ટર વગેરે ઠેકાણેથી મોટી સંખ્યામાં ઉલમા, હુફ્ફાઝ તથા અન્ય સ્નેહી સંબંધીઓએ હાજરી આપી હતી. આ ખુશીના પ્રસંગે જનાબ શફીભાઈ તરફથી ''બરકાતે ખ્વાજા'' (માસિક)ને **£ 200/-** લિલ્લાહ મળ્યા છે. જઝાકલ્લાહ ! મુબારકબાદ ! અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત તેના પ્યારા મહબૂબ ﷺના સદકામાં બંને જહાનની ખુશીઓથી સૌને નવાઝે, બંને જહાનમાં આબાદ રાખે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

# એક ગુપ્ત રહસ્ય જાણો
## અને અફસોસનું માથુ ધુણાવો !


સંપાદક : **મુહમ્મદ હસ્સાન મલિક નૂરી**

અનુવાદક : **હાફિઝ અબ્દુર્રહમાન પટેલ-પારખેત** *(મુતઅલ્લિમ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા-આમોદ)*


ચીજો હક્ક઼ અને બાતિલ એમ બે વિરોધી વસ્તુઓ છે અને વિરોધાભાસી ચીજો ક્યારેય એક નથી થઈ શકતી. આ જ કારણે હક્ક઼ અને બાતિલ જન્મથી લઈ આજ સુધી એકબીજાથી ટકરાવમાં છે અને ક઼યામત સુધી એકબીજાના વિરોધાભાસી રહેશે. એટલે જ દરેક સમયમાં એવા પ્રસંગો બને છે અને બનતા રહેશે જેનાથી એહલે હક્ક઼નાં દિલો દિમાગ ચૂર ચૂર થઈ જાય છે.

કાંઈક એવો જ બનાવ આપણા વતન હિંદુસ્તાનમાં પણ બન્યો. તેરમી સદી હિજરીના પાછલા વરસોમાં દારુલ ઉલૂમ દેવબંદની બુનિયાદ રાખવામાં આવી અને ભારતીય મુસ્લિમોને વિશ્વાસ આપવામાં આવ્યો કે અહીં કુર્આન તથા હદીષ, ફિક઼્હ તથા તફસીરની તા'લીમથી તલ્બાને શણગારીને નાઈબે રસૂલ તથા દાઈયે દીન બનાવવામાં આવશે, પછી તે તલ્બા આખી દુનિયામાં પહોંચી ઈસ્લામની તબ્લીગ તથા તેનો પ્રચાર કરશે. પરંતુ તે અંગ્રેજ ગવર્નમેન્ટ જેણે વરસોથી ભારતને ગુલામીની સાંકળો પહેરાવી રાખી હતી તેના જુલ્મના પંજાથી પોતાને આઝાદ કરાવવાનો સમય નજીક આવી ચૂક્યો હતો. એકાએક સૂતેલાં તોફાનોએ આંખ ખોલી જેની આહટ બ્રિટને પોતાના મહેલમાં મેહસૂસ કરી અને તેને પોતાના બચાવની ફિકર થઈ. તેના પ્રપંચથી ભરપુર દિમાગને પોતાના ઉખડતા ક઼દમોના બચાવ માટે મુસલમાનો વચ્ચે વિખવાદ તથા ફૂટ નાખવાનો રસ્તો સુઝયો. બદ્‌નસીબીથી તે બુરા કામને પાર પાડવા માટે તેમના થકી દેવબંદીઓના મોટેરાઓને પસંદ કરવામાં આવ્યા. સમયની હુકૂમત તરફથી મળનારી દૌલત અને ફાની હોદ્દાઓ તથા શાનો શૌકતની લાલચે પોતાનો રંગ દેખાડયો, તબ્લીગ તથા ઈર્શાદમાં ડૂબેલો તેમનો જઝબો ઠંડો પડવા લાગ્યો, આખરે તે લોકોએ અરબ તથા અજમના મુસ્લિમોના માન્યવર ઈસ્લામી મામૂલાત અને અક઼ીદાઓમાં ભેળસેળ તથા ઘાલમેલ કરીને વિવાદનું બીજ નાખ્યું, તદ્‌ઉપરાંત એ કે તે વિવાદોને હવા દેવામાં પોતાની સઘળી ક઼ાબેલિયત દાવ પર લગાડી દીધી.

પરંતુ અંગ્રેજોના ક઼દમ હજુ પણ ડગમગી રહ્યા હતા અને આ બાજુ (દેવબંદી ગ્રૃપમાં) ફાની દૌલતની હવસ પણ વધતી જઈ રહી હતી. એટલા માટે અંગ્રેજોએ પોતાની સત્તાને મજબૂત કરવા દેવબંદિયતને મજબૂત કરવા તેમના પેશવાઓને માલ, દૌલત તથા વિવિધ મહાન લક઼બો આપીને, લાલચો આપીને હાથા બનાવ્યા અને દુનિયા પ્રાપ્તિ માટે તેઓ રસૂલ દુશ્મની પર ઉતરી આવ્યા. હવે જેમનાં દિલોમાં રસૂલ દુશ્મની ઉતરી જાય તેઓ તલ્બાને નાઈબે રસૂલ અને દાઈયે ઈસ્લામ તો શું બનાવતા, પરંતુ *તહઝીરુન્નાસ*, *બરાહીને ક઼ાતિઆ* અને *હિફ઼્ઝુલ ઈમાન* જેવી કિતાબો તૌહીને ખુદા અને તૌહીને રસૂલમાં લખીને તેમણે પોતાનુ ખુદા વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَના દુશ્મન હોવું જરૂર બતાવી દીધું. પછી પોતાની પાછળ એક એવી રસૂલની ગદ્દાર જમાઅત તૈયાર કરી દીધી જે આજે પણ એહલે હક્ક઼ને પોતાના પ્રપંચ જાળમાં ફસાવી ઈમાન તથા ઈસ્લામની દૌલત તથા ખુદા વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَની મહોબ્બતથી

મેહરૂમ કરવામાં લાગેલી છે.

ઉપરોક્ત કિતાબોના કુફ્રી લખાણો★એ એવી જાહેર ગુસ્તાખીઓ છે કે જાહિલ મુસલમાન તો શું કોઈ ગૈર પણ પોતાના પેશવાઓ માટે આવી વાતો સાંભળવા તૈયાર નથી હોતો. પરંતુ આશ્ચર્ય તો એના પર છે કે પોતાના વિદ્યાર્થીઓ, મુરીદો અને અક઼ીદતમંદોમાં ક઼ાસિમુલ ઉલૂમ વલ ખયરાત, કુત્બે આલમ, હકીમુલ ઉમ્મત જેવા લક઼બો ધરાવનારા દેવબંદીઓની જબાન તથા ક઼લમથી આ ગુસ્તાખીઓ કેવી રીતે થઈ હશે ? હદ તો એ છે કે તે લોકો તૌબા કર્યા વગર જ આ દુનિયાથી જતા રહ્યા. શું તેમને તે લખાણોના કુફ્રિયાતની ખબર ન હતી ?! જરૂર હતી ! અને જો કદાચ તેઓ પોતે આગાહ ન હતા તો આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہએ તેમના પર રજીસ્ટર્ડ પત્રો દ્વારા આ લખાણોના કુફ્રિયાતને એવી રીતે જાહેર કરી દીધું કે તૌબા સિવાય કોઈ રસ્તો બાકી ન રહ્યો, જેવું કે "અલ્ મૌતુલ અહમર" કિતાબ એના પર ગવાહ છે.

મેં પોતાના આશ્ચર્યનો ઈઝહાર આ વાક્યોથી ઈમામે ઈલ્મો ફન ઉસ્તાદે ગિરામી અલ્લામા ખ્વાજા મુઝફ્ફર હુસૈન રઝવી સાહબ ક઼િબ્લાથી કર્યો કે દેવબંદના અગ્રેસરો જ્યારે કે બુદ્ધિશાળી સનદધારી આલિમ કહેવાતા હોવા છતાં આવાં ખુલ્લાં કુફ્રી લખાણો તેમણે કેવી રીતે લખી નાખ્યાં અને ખબર મળ્યા બાદ પણ તૌબા તો દૂરની વાત છે, હઠધર્મી પર ઉતરી આવ્યા અને ખોટી બચાવની દલીલો કરી કુફ્ર પર કુફ્રમાં ફસાતા ગયા ! આખરે આવું કેમ થયું ? હઝરતે આદત પ્રમાણે ઘણી જ પ્રેમાળ રીતે શાંતિપૂર્ણ જે જવાબ આપ્યો તે જવાબને નાચીઝ પબ્લિકના ફાયદા માટે વાંચકોની ખિદમતમાં પેશ કરે છે :–

"ઈ.સ. ૧૯૫૭ અથવા ૧૯૫૮ આસપાસની વાત છે. હલ્દવાની જિલ્લા નૈનિતાલમાં દેવબંદીઓનો એક જલ્સો થયો જેમાં દેવબંદથી ઘણાય આલિમો આવ્યા અને તક઼રીર દરમ્યાન મુનાઝરાની ચેલેંજ કરી દીધી. સુન્નીઓએ તે ચેલેંજને ક઼બૂલ કરી મુનાઝરાની તારીખ નક્કી કરી લીધી. ક઼ારી મોહયુદ્દીન પીલીભીતી (પ્રથમ ઈમામે જુમ્આ મસ્જિદ હલ્દવાની)એ બધી જ હાલતનું વર્ણન કરતી એક અરજી સૈયદના સરકાર મુફ્તીએ આ'ઝમે હિંદ હઝરત મુહમ્મદ મુસ્તફા રઝા નૂરી ક઼ાદરી رحمۃ اللہ علیہની બારગાહમાં મોકલી અને કોઈને મુનાઝરા માટે મોકલી આપવાની ગુઝારિશ કરી. હુઝૂર મુફ્તીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہ જેમણે પોતાની જિંદગી હક્ક઼ના ફેલાવા અને બાતિલને રોકવા માટે વક઼્ફ કરી રાખી હતી, એમણે ચાર જણાને મોકલ્યા : (૧) હઝરત મૌલાના હાજી મુબીનુદ્દીન અમરોહવી (પૂર્વ મુદર્રિસ મદ્રસા મઝહરે ઈસ્લામ–બરેલ્વી) (૨) મુફ્તી મુહમ્મદ શરીફુલ હક્ક઼ અમજદી ઘોસવી (પૂર્વ મુફ્તી દારુલ ઈફ્તા મઝહરે ઈસ્લામ તથા જામેઆ અશરફિયા–મુબારકપુર) (૩) ખ્વાજા મુઝફ્ફર હુસૈન રઝવી (પૂર્વ મુદર્રિસ મઝહરે ઈસ્લામ) અને (૪) મૌલ્વી અઝીમુદ્દીન સાહબ (મુતઅલ્લિમ : દૌરએ હદીષ, મઝહરે ઈસ્લામ)ને મોકલ્યા. નાચીઝ (ખ્વાજા મુઝફ્ફર હુસૈન સાહબ)ને મુનાઝરો સોંપ્યો.

અમારા પહોંચવા પર ક઼ારી મોહયુદ્દીન સાહબે શહેરમાં એલાન કરાવી દીધું કે મુનાઝરા માટે બરેલી શરીફથી અમારા ઓલમાએ કિરામ તશરીફ લાવી ચૂક્યા છે, સાથે જ એ પણ કે અમારા તરફથી મુનાઝિર અલ્લામા ખ્વાજા મુઝફ્ફર હુસૈન રહેશે. નમાઝે મગરિબ પઢીને અમે લોકો ક઼ારી સાહબ સાથે વાતચીત કરી રહ્યા હતા. તેમણે અમને જણાવ્યું કે દેવબંદથી બાર ઓલમા આવી ચૂક્યા છે અને વાતચીત દરમ્યાન જ એક સિપાહી આવ્યો.

*સિપાહી :* (ક઼ારી સાહબને સંબોધતાં) આપને

★ *જેમાં હુઝૂર ﷺના ઈલ્મને બાળકો, પાગલો, જાનવરો સાથે સરખાવ્યો છે, તો વળી ક્યાંક શયતાનના ઈલ્મને હુઝૂર ﷺના ઈલ્મથી અધિક દર્શાવ્યો છે. તો ક્યાંક હુઝૂર ﷺના પછી બીજો નબી થઈ શકે તેમ લખીને હુઝૂર ﷺના આખરી નબી હોવાનો ઈન્કાર કર્યો છે.........–તંત્રી :* બરકાતે ખ્વાજા (માસિક)

ડી.એમ. સાહબે બોલાવ્યા છે.

*ક઼ારી સાહબ :* (ઊભા થતાં) હવે મુનાઝરો નહીં થાય કેમ કે ડી. એમ. એ બોલાવ્યો છે ! પાછા ફરી ક઼ારી સાહબે જણાવ્યું કે તે જ થયું જે મેં કહ્યું હતું, પછી પોતાના અને ડી.એમ.ના વચ્ચેની વાતચીત કાંઈક આ રીતે સંભળાવી.

*ડી. એમ. :* હિંદુઓનો તહેવાર છે અને આપનો મુનાઝરો પણ. અમે પોલીસ દ્વારા બંનેની વ્યવસ્થા નથી કરાવી શકતા, તહેવાર ટાળી નથી શકાતો પણ તમારો મુનાઝરો રોકી શકાય છે. એટલા માટે મુનાઝરો મુલ્તવી કરવામાં આવે છે, આપ કોઈ બીજી તારીખ નક્કી કરી લો.

*ક઼ારી સાહબ :* મુનાઝરાની ચેલેંજ અમે નથી કરી, ચેલેંજ તો દેવબંદીઓએ કરી હતી અને અમે તો ક઼બૂલ કરી છે. આપ તેમને ના કહો.

*ડી. એમ. :* અમે તેમને ના કહી દીધું છે, આપને ખબર કરવા માટે બોલાવ્યા છે. (ત્યાર બાદ હઝરત ખ્વાજા સાહબે ફર્માવ્યું) હવે ક઼ારી સાહબનો એક બનાવ સાંભળો જેને ક઼ારી સાહબે ડી.એમ.ના ત્યાંથી પાછા ફર્યા બાદ સંભળાવ્યો હતો અને તે જ તમારા સવાલનો જવાબ છે.

ક઼ારી સાહબ ફિરોઝાબાદ સ્ટેશન પર ઉતર્યા. બહાર નીકળી રિક્ષાચાલકને પૂછયુ, અહીં કોઈ મદ્રસો છે ?

*રિક્ષાચાલક :* મને નથી ખબર.

*ક઼ારી સાહબ :* કોઈ આલિમ સાહબ છે ?

*રિક્ષાચાલક :* હું નથી જાણતો. હા, એક ક઼ાઝી સાહબ છે !

*ક઼ારી સાહબ :* તો તેમને ત્યાં જ લઈ ચાલો !

રિક્ષાચાલક ક઼ારી સાહબને બેસાડી ચાલવા લાગ્યો. થોડીવાર બાદ એક મોટા મકાન સામે ઉતારતાં કહ્યું, આ છે ક઼ાઝી સાહબની હવેલી ! ક઼ારી સાહબ અંદર દાખલ થયા, શું જુએ છે કે એક સાહબ (ક઼ાઝી સાહબ) જબ્બા અને દસ્તારથી સજીને માથુ નીચુ કરી દીવાના અજવાળામાં કોઈ કામમાં મશ્ગૂલ છે.

*ક઼ારી સાહબ :* અસ્સલામુ અલૈકુમ !

*ક઼ાઝી સાહબ :* વઅલયકુમુસ્સલામ ! તશરીફ લાવો !

ક઼ારી સાહબ બેસતાંની સાથે જ વિચારમાં પડી ગયા કે કઈ રીતે જાણવામાં આવે કે આ સાહબ સુન્ની છે કે નહીં ! કેમ કે ગૈરસુન્નીને ત્યાં રાતવાસો કરવા કરતાં બેહતર છે કે સ્ટેશન પર જ સમય પસાર કરી નાખવામાં આવે. એટલા માટે ચકાસણી કરતાં પૂછયું, આપ કોનાથી મુરીદ છો ?

*ક઼ાઝી સાહબ :* આ એક લાંબો પ્રસંગ છે.

*ક઼ારી સાહબ :* હું તે પ્રસંગ સાંભળવા ઈચ્છું છું.

*ક઼ાઝી સાહબ :* અમારા બાપદાદાને હઝરત ઔરંગઝેબ رحمۃ اللہ علیہએ આ ઈલાકાના ક઼ાઝી મુક઼ર્રર કર્યા હતા. આ હવેલી જેમાં આપ બેઠા છો એ તેમના માટે જ બની હતી. પરંપરાગત આ હવેલી આજે મારી માલિકીમાં છે. મારા પિતાના સંબંધ મૌલાના અન્વરશાહ કશ્મીરી (તે સમયમાં દારુલ ઉલૂમ દેવબંદના શૈખુલ હદીષ હતા જેમના ઈલ્મી વક઼ારનો ચર્ચો આખી દેવબંદી જમાઅતમાં હતો) સાથે બહુ સારા હતા, એકબીજાને ત્યાં આવવા જવાનું પણ હતું. એક વખતે તે અહીં આવેલા હતા. વાલિદ સાહબે મારી તરફ ઈશારો કરતાં કહ્યું, તેને પોતાની સાથે લઈ જઈ પઢાવો ! અન્વરશાહ કશ્મીરીએ વાલિદ સાહબની દરખાસ્ત ખુશીથી ક઼બૂલ કરી લીધી અને મને પોતાની સાથે દેવબંદ લઈ ગયા અને બાપની લાગણી જેમનું પોતાના જ ઓરડામાં મારા રોકાણનો બંદોબસ્ત કર્યો.

દારુલ ઉલૂમ દેવબંદમાં મૌલાના અશરફઅલી થાનવી આવ્યા કરતા હતા, પરંતુ એક આશ્ચર્યજનક વાત જોવામાં આવતી હતી કે જ્યારે પણ થાનવી સાહબ આવતા તો સર્વ ઉસ્તાદો પોતાની દર્સગાહો છોડી બંધ ઓરડામાં થાનવી સાહબ સાથે કાંઈક વાતચીત કરતા રહેતા હતા. મને ફિકર થઈ કે આખરે તે કઈ વાત છે જે આટલી બધી સાવચેતીથી કરવામાં આવે છે, ત્યાં સુધી કે ઓલમાના સિવાય કોઈ પણ જઈ શકતુ ન હતું. મારી આ ફિકર દિવસે દિવસે વધતી ગઈ અને હું તેને દૂર કરવાની પ્રવૃત્તિઓ કરતો રહ્યો, પરંતુ કોઈ પ્રવૃત્તિ કામ ન લાગી.

ઈત્તેફાકથી થોડાક દિવસો બાદ થાનવી સાહબ ફરી આવી ગયા. નિયમ પ્રમાણે તા'લીમ બંધ કરી દેવામાં આવી અને સર્વ ઉસ્તાદો થાનવી સાહબના રોકાણ સ્થાને પહોંચી ગયા. બધાના પહોંચ્યા બાદ જ્યારે મૌલાના અન્વરશાહ પહોંચવા લાગ્યા તો હું પણ તે આશાએ પાછળ પાછળ ચાલી પડયો કે કદાચ ફિકર દૂર કરવાનો સામાન હાથ લાગી જાય. મૌલાના અન્વારશાહે થાન્વી સાહબના ઓરડા પાસે દરવાજા પર જોડા ઉતાર્યા તો મેં આગળ વધી તેમના જોડા ઉઠાવી લીધા પછી ઓરડામાં દાખલ થઈ એક ખૂણામાં બેસી ગયો. જનાબ મારું નસીબ કહેવાય કે બધા જ આલિમો થાન્વી સાહબની તરફ મોઢું કરીને બેઠા હતા અને દરવાજા તરફ તેમની પીઠ હતી એટલા માટે તેઓમાંથી કોઈએ મને જોયો જ નહીં. હા ! ચોકીદારે જરૂર જોયો હતો પરંતુ અન્વરશાહનો ખાસ ખાદિમ અને નજીકનો સમજીને કાંઈ કહ્યું નહીં. અન્વરશાહના પહોંચ્યા બાદ દરવાજો બંધ કરી દેવામાં આવ્યો.

*થાન્વી સાહબ :* બધા આવી ગયા ?

*હાજરજનો :* જી, હુઝૂર !

*થાન્વી સાહબ :* કોઈ બાકી તો નથી ?

*હાજરજનો :* જી, નહીં !

*થાન્વી સાહબ :* દરવાજાની કડી બંધ કરી દીધી ?

*હાજરજનો :* જી, હુઝૂર !

*થાન્વી સાહબ :* (પોતાની સદરીના અંદરના ખિસ્સામાંથી રજિસ્ટર્ડ કવર કાઢીને) આ મૌલાના અહમદ રઝાખાં તરફથી ચેતવણીનો છેલ્લો પત્ર આવ્યો છે તેમાં લખ્યું છે કે "હિફઝુલ ઈમાન"ના કુફ્રી લખાણ (હુઝૂરનો ઈલ્મ બાળકો, પાગલો, જાનવરો જેવો છે) પર પત્ર દ્વારા ઘણીયેવાર આપને સંબોધિત કરવામાં આવ્યા, પરંતુ ન આપે સફાઈ પેશ કરી, ન જવાબ આપ્યો અને ન તેના કુફ્રી હોવાની કબૂલાત કરી. અને ઘણો સમય પણ પસાર થઈ ગયો, એટલા માટે હવે અમે ઈસ્લામી શરીઅતના હુકમથી મજબૂર છીએ કે આના પર શરીઅતનો હુકમ લગાડીએ.

આટલુ કહ્યા બાદ થાન્વી સાહબે આખો પત્ર વાંચીને સંભળાવી દીધો ત્યાર બાદ પૂછયું, આપ હઝરાતનું શું કહેવું છે ?

*અન્વરશાહ કાશ્મીરી :* હઝરત ! આપના આ લખાણ પર ઘણા લોકો વાંધો ઉઠાવે છે. અમે પણ તેના પર વિચારણા કરી તો બેશક ! આ લખાણ વાંધાજનક છે. અમને એ વાત સમજાય છે કે આપ તૌબાનામુ બહાર પાડી દો, નહીં તો ભારતના મુસ્લિમો બે ભાગમાં વહેંચાઈ જશે પછી ક્યારેય પણ કયામત સુધી તેમનામાં મેળાપ નહીં થાય.

*થાન્વી સાહબ :* હું અહીંથી અથવા ઘરે જઈ તૌબાનામુ બહાર પાડી દઉં છું.

*મુર્તઝા હસન દરભંગી ચાંદપુરી :* (તે સમયે દારુલ ઉલૂમ દેવબંદના નાઝિમ હતા) હઝરત ! અમે શૈખુલ હદીષ સાહબની વાત પર રાજી નથી ! એ મૌલાના અહમદ રઝા સાહબ પોતાને શું સમજે છે ? અમે તેમના જવાબ અને આ લખાણની જૂઠી દલીલોમાં એટલી કિતાબો લખીશું કે તેઓ એ કિતાબોમાં દફન થઈ જશે. **જો આપ તૌબાનામુ બહાર પાડી દેશો તો દેવબંદની નાક કપાઈ જશે અને હું દેવબંદની નાક કપાવા નહીં દઉં !**

*હાજર આલિમો :* ઠીક કહી રહ્યા છે ! ઠીક કહી રહ્યા છે !

*મુર્તઝા હસન દરભંગી :* (દેવબંદના જવાન મુબલ્લિગ મન્ઝૂર નોઅમાની તથા થોડાક માણસોને સંબોધીને) આપણે ત્યાં સાડા ચાર લાખ કિતાબો છે, આપ હઝરાત બધીય કિતાબો ફંફોળી નાખો, જવાબ થવો જોઈએ !

*થાન્વી સાહબ :* ઠીક છે તમે લોકો જવાબ લખો, હવે હું તેના પર જ અટલ રહીશ.

આ દાસ્તાન જે હજુ સુધી રાઝ (ભેદ) હતી તેના પરથી પર્દો ઉઠાવ્યા બાદ કાઝી સાહબે કહ્યું કે આપે પૂછયું હતું કે હું મુરીદ કોનાથી છું ? તો સાંભળો ! તે લોકોની વાતો સાંભળ્યા બાદ હું આશ્ચર્યમાં પડી ગયો કે, "અન્વરશાહ કહે છે કે વધુ પેજ નં. ૧૧....પર

# ગીતો વાજિંત્રોની બુરાઈ અને મુસ્લિમ સમાજ

ખૂબ જ ઝડપ સાથે મુસ્લિમ સમાજમાં બુરાઈઓ ફેલાતી જઈ રહી છે. દરેક ઉગતા અને આથમતા સૂરજ સાથે બુરાઈઓ અને ખરાબીઓમાં વધારો થઈ રહ્યો છે. ખુદાના બંદા બુરાઈ અને ખરાબીની ચુંગાલમાં ફસાઈને પોતાને ગુનહગાર અને રબની રહમતોથી દૂર કરી રહ્યા છે. અફસોસ ! હજારવાર અફસોસ કે લોકોને એની સમજ અને એહસાસ પણ નથી કે તેઓ કેવા ગુનાહ કરી રહ્યા છે ! અને આખેરતમાં તેનું કેવું ભયાનક પરિણામ આવશે ! અત્રે મુસ્લિમ સમાજમાં ફેલાયેલી દરેક બુરાઈઓનો ઘેરાવ કરવાનો હેતુ નથી પણ તે બુરાઈઓમાંથી માત્ર એક ગુનોહ ગીતો અને વાજિંત્રોની દુનિયવી અને આખેરતની ખરાબીઓથી ખબરદાર કરવાનો છે કે જેથી મુસલમાન પોતાને આ ગુનાહથી રોકીને રબની નારાજગી, અંજામની ખરાબી અને જન્નતની મેહરૂમીથી બચી શકે.

પરિસ્થિતિ એ છે કે મુસલમાનોનો કોઈપણ મહોલ્લો કોઈપણ ઘર, કોઈપણ વ્યક્તિ, ઘરડો, જવાન, બાળક, પુરૂષ, સ્ત્રી આ ગુનાહથી સુરક્ષિત નથી, ઈલ્લા માશાઅલ્લાહ ! **મોબાઈલમાં ગીતો, ઓટો રિક્ષામાં ફિલ્મી ગીતો, હોટલ, માર્કેટ, બજાર દરેક જગાએ ફિલ્મી ગીતો, તહેવારમાં ગીતો વગાડવાં, શાદીના પ્રસંગે ગીતો વગાડવાં, જાણે કે ગીતો વાજિંત્રો વગર જિંદગીની કોઈ કલ્પના જ નથી !** નવી પેઢી પોતાના વડીલોથી ચાર ડગલાં આગળ નીકળી ગઈ છે. મોબાઈલ અને હેડફોન થકી સ્કૂલ, કોલેજ, ટયૂશન આવતાં જતાં રેલગાડી, બસ, સ્કૂટર પર સવારી કરતાં ગીતો સાંભળતા રહે છે, જાણે કે ગીતો જીવનનો એક ભાગ બની ગયેલ છે. કોઈ તેના દીની તથા ધાર્મિક નુકસાનથી વાકેફ નથી અને ન કોઈ ખાસ તે ખૂબ જ મોટા નુકસાનથી બચવા તથા બચાવવાની કોશિશ કરી રહ્યું, જ્યારે કે કેટલાંક ગીતો એવાં પણ છે જે નાજાઈઝ પ્રેમ, પ્યાર, મહોબ્બત અને બેહયાઈ, દુરાચાર અને બગાવત બલ્કે ખુદાની નાશુક્રી તથા કુફ્રિયાત પર આધારિત છે.

આ સ્થિતિમાં આવા ગીતો સાંભળીને આદમી કેવળ ગુનેહગાર જ નહીં બલ્કે કુફ્રમાં પણ સપડાય રહ્યો છે. જેથી જરૂરી છે કે **મસ્જિદોના ઈમામો, ઉલમાએ કિરામ, મુકર્રિર હઝરાત અને ઈસ્લામના મુબલ્લિગો આ સૌથી ખરાબ ગુનાહ અને સખ્ત દીની જુર્મથી મુસલમાનોને બચાવવાની વ્યવસ્થા કરે, નહીં તો આવતો સમય આનાથી પણ વધુ ખરાબ હશે.** મુસ્લિમ સમાજમાં બેહયાઈ આવારગી, નગ્નતા, દીનથી વિમુખતા અને દીનથી દૂરી ખૂબ જ વધી જશે. કૌમની પણ જિમ્મેદારી છે કે વાસ્તવિક્તા જાણવા પછી આ પ્રકારના ગુનાહોની નજીક ન આવે.

હવે ગીતો અને વાજિંત્રોની બુરાઈ બયાન કરતી હદીષો લખવામાં આવી રહી છે જેથી મુસલમાન તેનો અભ્યાસ કરીને પોતાને, ઘરવાળાઓને, દોસ્તો, સાથીઓ, સગા સંબંધીઓ અને આ સિવાય બીજા લોકોને સુધારવાની કોશિશ કરે.

### ★ ગીતો અને વાજિંત્રો નિફાક પેદા કરે છે ★

હઝરત અબ્દુલ્લાહ رضی اللہ عنہથી રિવાયત છે, તે કહે છે કે હુઝૂરે અકદસ ﷺએ ફર્માવ્યું :–

"બેશક ! ગીતો અને વાજિંત્રો વગાડવાથી દિલમાં નિફાકનો ઉછેર થાય છે." *(અબૂ દાઊદ, હદીષ નં. ૪૯૨૯)*

હઝરત જાબિર رضی اللہ عنہથી રિવાયત છે. તે કહે છે

.......રજૂકર્તા : **પટેલ અબ્દુર્રઊફ-પાલેજ** *(મુતઅલ્લિમ : દારૂલ ઉલૂમ બરકાતે ખ્વાજા આમોદ)*

કે હુઝૂર નબીએ કરીમ ﷺએ ફર્માવ્યું, **"ગીતો, વાજિંત્રો દિલમાં નિફાક઼ને એવી રીતે ઉછેરે છે જેવી રીતે પાણી ખેતીને ઉછેરે છે."** *(બયહક઼ી ફી શુઅબુલ ઈમાન, ૧૦/૨૨૩)*

એટલે જે ગીતો અને વાજિંત્રોનો જેટલા પ્રમાણમાં શોખિન હોય છે તેના દિલ અને જિગરમાં નિફાક઼ (મુનાફિક઼પણુ) એટલા જ પ્રમાણમાં પાયો જમાવેલ હોય છે.

હઝરત અબૂ મૂસા رضی اللہ عنہથી રિવાયત છે. હુઝૂરે અક઼દસ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, "જે ગીતો અને વાજિંત્રો સાંભળશે તેને જન્નતમાં રૂહાનૈનથી સાંભળવાની પરવાનગી આપવામાં આવશે નહીં. સહાબાએ પૂછયું, રૂહાનૈન શું છે ? ફર્માવ્યું, રૂહાનૈન જન્નતવાળાઓના ક઼ારી છે." *(કન્ઝુલ ઉમ્માલ, હદીષ નં. : ૪૦૬૬૦)*

### ★ અલ્લાહને બે અવાજ ખૂબ જ નાપસંદ છે ★

હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે. તે કહે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, બે અવાજ દુનિયા અને આખેરતમાં અલ્લાહની નજીક ખૂબ જ નાપસંદીદા છે : (૧) ખુશીના સમયે ગીતો અને વાજિંત્રોનો અવાજ (૨) મુસીબત વખતે રડવા કકડવાનો અવાજ. *(મજમઉઝ્ ઝવાઈદ, હદીષ નં. ૪૦૧૪)*

**અફ઼સોસ ! આજે લોકોએ અલ્લાહની નાપસંદગીને પોતાની પસંદગી બનાવી લીધી છે ! જ્યારે કે વાસ્તવિક્તા એ છે કે ખુશીના સમયે અલ્લાહનો શુક્ર અદા કરે અને મુસીબતના સમયે અલ્લાહથી સબર અને સુખ શાંતિ માગે, પણ અફ઼સોસ ! ખુશીના સમયે ખુદા અને રસૂલ, દીન અને મઝહબ, શરીઅત અને સુન્નતને ભૂલીને લોકો નાચ ગાન, શરાબ તથા ક઼બાબ, ગીતો તથા વાજિંત્રોની મેહફિલો સજાવે છે, અને મુસીબતના સમયે અલ્લાહની નાશુક્રી અને ફરિયાદ કરે છે.**

### ★ હુઝૂર ﷺએ ગીતો ગાવા અને સાંભળવાથી પણ મનાઈ ફર્માવી છે ★

હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہથી રિવાયત છે, રસૂલુલ્લાહ ﷺએ ગીતો, વાજિંત્રોથી મનાઈ ફર્માવી અને તેને સાંભળવાથી પણ મનાઈ ફર્માવી. *(તિબ્રાની ફિલ કબીર)*

હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ رضی اللہ عنہથી રિવાયત છે તે કહે છે, રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, તમે ખાસ કરીને ગાનકલાના સાધનો અને ગીતો, વાજિંત્રોથી બચો કારણ કે આ બંને દિલમાં નિફાક઼ને એવી રીતે ઉછેરે છે જેવી રીતે પાણી ઘાસને ઉછેરે છે. *(કન્ઝુલ ઉમ્માલ, હદીષ નં. : ૪૫૬૬૭)*

અલ્લાહના રસૂલ ﷺએ પોતાની ઉમ્મતને ગીતો વાજિંત્રોથી બચવાનો આદેશ આપ્યો હતો, પણ ઉમ્મતી હોવા છતાં અને આશિક઼ે રસૂલ તથા ગુલામીનો દમ ભરવા છતાં લોકો આજે મોટી સંખ્યામાં પોતાના રસૂલ ﷺનો હુકમ બાજુ પર મૂકીને સવારથી સાંજ સુધી ગીતો, વાજિંત્રોમાં પરોવાએલા રહે છે. શું નબી ﷺની મહોબ્બત અને ઈતાઅત (આજ્ઞાપાલન)ની આ નિશાની છે ?!

### ★ ગીતો સાંભળવાની ભયાનક સજા ! ★

હુઝૂરે અકરમ ﷺએ ફર્માવ્યું, "જે વ્યક્તિ કોઈ ગીતો ગાવાવાળી પાસે ગીત સાંભળવા માટે બેઠો તો અલ્લાહ તબારક વ તઆલા ક઼યામતના દિવસે તેના કાનને ગરમ પીગળેલા સીસાથી ભરી દેશે." *(કન્ઝુલ ઉમ્માલ, હદીષ નં. : ૪૦૬૬૧)*

હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریمથી રિવાયત છે તે કહે છે કે હુઝૂરે અક઼દસ ﷺએ ફર્માવ્યું, **"મારી ઉમ્મતની એક જમાઅતના ચહેરા વિકૃત કરીને વાંદરા અને સુવ્વરની શિકલમાં કરી દેવામાં આવશે, જ્યારે કે એક જમાઅતને જમીનમાં ધસાવી દેવામાં આવશે, એક જમાઅતને ખૂબ જ તીવ્ર હવાથી હલાક કરવામાં આવશે, એટલા માટે કે તે શરાબ પીશે, રેશમ પહેરશે, ગાવાવાળી સ્ત્રીઓનાં આશિક઼ હશે**

**અને ગીતો, વાજિંત્રો સાંભળવાવાળા હશે.''** *(કન્ઝુલ ઉમ્માલ, હદીષ નં. : ૪૦૬૭૭)*

ઉપરોક્ત હદીષથી ગીતો વાજિંત્રો તથા બીજા નિરર્થક કામોની તબાહી જાણી શકાય છે પણ વર્તમાન યુગમાં લોકો ગીત, વાજિંત્રો અને મ્યૂઝિક સાંભળીને પોતાના દિલો દિમાગને સુકૂન શાંતિ પહોંચાડવાની કોશિશ કરી રહ્યા છે ! જ્યારે કે વાસ્તવિક્તા એ છે કે ગીતો વાજિંત્રો ખૂબ જ સખત અઝાબનો સબબ છે.

### ★ નાચવા ગાવાવાળી સ્ત્રીઓથી બચો ! ★

હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم થી રિવાયત છે તે કહે છે કે રસૂલુલ્લાહ ﷺએ ગાવાવાળી અને નૌહા (વિલાપ, હાયપીટ) કરવાવાળી સ્ત્રીઓથી મનાઈ ફર્માવી (તેમનાથી દૂર રહેવા ફર્માવ્યું) અને તેમના ખરીદ વેચાણથી પણ મનાઈ ફર્માવી અને ફર્માવ્યું કે **તેમની કમાઈ હરામ** છે. *(કન્ઝુલ ઉમ્માલ, હદીષ નં. ૪૦૬૮૮)*

હુઝૂરે અકરમ ﷺએ નાચવા ગાવાવાળી સ્ત્રીઓથી દૂર રહેવાનો હુકમ આપ્યો, પણ **આજકાલ તે બેહયા સ્ત્રીઓ તથા હિરોઈનોના ફોટા મુસલમાનોની દુકાનો, ગાડીઓ રીક્ષાઓ, મકાનો, મોબાઈલ ફોન, ટી શર્ટમાં જગા જગા વેચાતા નજરે પડે છે !** પુષ્કળ મુસ્લિમ છોકરીઓ તેણીઓને આઈડિયલ અને માર્ગદર્શક માની તેમના માર્ગ પર ચાલી તેમની રહેણીકરણી અને તેમના જેવો પોશાક ધારણ કરી રહી છે. **આ નાચવા ગાવાવાળીઓ તો જહન્નમમાં જશે તો પછી તેમની પાછળ ચાલવાવાળીઓ કઈ રીતે જન્નતમાં જશે ?!**

### ★ નાચવા ગાવાવાળાની કમાઈ હરામ છે ! ★

હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم થી રિવાયત છે તે કહે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે અલ્લાહ તઆલાએ મને ગીતો અને ગાન કલાનાં સાધનો તોડવા માટે મોકલ્યો છે અને મારો રબ કસમ સાથે ફર્માવે છે કે મારા જે બંદા દુનિયામાં શરાબ પીશે તેમને અલ્લાહ તઆલા કયામતના દિવસે ઉકળતુ પાણી પીવડાવશે ભલે તેને અઝાબ દેવામાં આવે કે તેને બખ્શી દેવામાં આવે. પછી હુઝૂર ﷺએ ફર્માવ્યું, **ગાવાવાળા પુરૂષ અને સ્ત્રીની કમાઈ હરામ છે, વ્યભિચારિણીની કમાઈ હરામ અને નાપાક છે. અને અલ્લાહ તબારક વ તઆલાનો હક્ક છે કે તે બંદાને જન્નતમાં દાખલ ન કરે જેનું હરામ કમાઈથી પાલન પોષણ થયું હોય.** *(કન્ઝુલ ઉમ્માલ, હદીષ નં. ૪૦૮૬૯)*

**ખૂબ જ શર્મની વાત છે કે જે નબી મ્યુઝિક તથા ગાનકલાનાં સાધનો તોડવા માટે આવ્યા હતા તેમની ઉમ્મત નાચ ગાન, ગીતો જોવા અને સાંભળવામાં લાગી ગઈ છે ! બલ્કે પુષ્કળ સંખ્યામાં ફિલ્મી ગીતો અને ફિલ્મોની CD તથા DVDની દુકાનો મુસલમાનોએ જ ખોલેલી છે !** મુસલમાનોએ સારી રીતે સમજવું જોઈએ કે **આ માધ્યમથી કમાયેલી દૌલત હરામ** છે અને હરામ ખાઈને કોઈ જન્નતમાં નથી જઈ શકતો.

### ★ નાચ, નૃત્ય અને ગીતોના શોખિનો પર અઝાબ આવશે ★

હઝરત હિશામ બિન આસ પોતાના વાલિદ (પિતા)થી, તે પોતાના દાદા રબિઆથી રિવાયત કરે છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું, આખર જમાનામાં મારી ઉમ્મતના કેટલાક લોકોને જમીનમાં ધસાવી દેવામાં આવશે, કેટલાક લોકોના ચેહરા વિકૃત કરી દેવામાં આવશે અને કેટલાક લોકોને પથ્થરના વરસાદથી હલાક કરી દેવામાં આવશે. સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین એ પૂછયું, યા રસૂલલ્લાહ ! આનુ કારણ શું ? ફર્માવ્યું, નાચવા ગાવાવાળી સ્ત્રીઓને પસંદ કરવાના કારણે અને શરાબ પીવાના કારણે આવુ થશે. *(કન્ઝુલ ઉમ્માલ, હદીષ નં. ૪૦૬૯૦)*

હઝરત અબૂ ઉમામા رضی اللہ عنہ થી રિવાયત છે તે

કહે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, બેશક ! અલ્લાહ તબારક વ તઆલા ઝાંઝરના અવાજને ખૂબ જ નાપસંદ કરે છે જેવી રીતે ગીતો, વાજિંત્રોનો અવાજ નાપસંદ કરે છે. પછી ફર્માવ્યું, **અવાજ કરવાવાળી ઝાંઝર મલઊન સ્ત્રી સિવાય કોઈ સ્ત્રી નથી પહેરતી.** *(કન્ઝુલ ઉમ્માલ, હદીષ નં. ૪૫૦૭૧)*

### ★ બર્બાદીનાં છ કારણો ★

હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہથી રિવાયત છે, તે કહે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જ્યારે મારી ઉમ્મત છ ચીજોને પોતાની ઉપર હલાલ કરી લેશે તો તે તબાહ અને બર્બાદ થઈ જશે. તે છ ચીજો આ છે : (૧) પરસ્પર એકબીજાને બુરુ ભલુ કહેશે (૨) શરાબ પીશે (૩) રેશમ પહેરશે (૪) નાચવા ગાવાવાળી સ્ત્રીઓને પસંદ કરશે (૫) પુરૂષ પુરૂષથી (૬) સ્ત્રી સ્ત્રીથી પોતાના સંસારિક સંબંધો બાંધશે. *(તિબ્રાની, હદીષ નં. ૧૦૬૦)*

આ દરેક બુરાઈ સમાજમાં જોવા મળે છે જેથી શક્ય છે કે અલ્લાહ તબારક વ તઆલાનો અઝાબ ભૂકંપ, સુનામી, તોફાન અથવા એથી વિશેષ સ્વરૂપમાં આવે, જેથી સત્વરે લોકોએ આ ગુનાહોથી તૌબા કરી લેવી જોઈએ.

### ★ મુસલમાન ગીતો અને વાજિંત્રોના અવાજથી પણ બચે ★

હઝરત નાફેઅ رضی اللہ عنہથી રિવાયત છે, તે કહે છે કે હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہએ રસ્તે ચાલતાં એક જગાએ ગીતનો અવાજ સાંભળ્યો તો આપે પોતાના કાનોમાં આંગળીઓ નાખી દીધી અને રસ્તાની એક બાજુ થઈ ગયા. પછી મને પૂછયું, હે નાફેઅ ! શું તમે કાંઈક સાંભળી રહ્યા છો ? મેં કહ્યું, નહીં ! કાંઈ પણ નહીં. તો હઝરત અબ્દુલ્લાહ رضی اللہ عنہએ કાનમાંથી આંગળી કાઢી લીધી અને ફર્માવ્યું, એક વખત હું હુઝૂર નબીએ પાક ﷺ સાથે હતો. હુઝૂર ﷺએ પણ આ અવાજ સાંભળ્યો તો આપે પણ આ કાર્ય કર્યું જે મેં કર્યું છે. *(સુનને અબૂ દાઊદ, હદીષ નં. ૪૯૨૬)*

હે આશિકે મુસ્તફા હોવાના દાવેદારો ! કાંઈ સમજ પડે છે ?! **મુસલમાન પુરૂષ અને સ્ત્રીએ પણ જોઈએ કે હુઝૂર ﷺ અને સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعینનું અનુકરણ કરે. પોતાના કાનમાં મ્યુઝિક અને ગીતોનો અવાજ જવા ન દે, એ હુઝૂર ﷺની સાચી ગુલામી અને મહોબ્બતનું પ્રતીક છે.** હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે, તે કહે છે કે રસૂલુલ્લાહ ﷺએ અમોને ધુન વગાડવા, શંખ અને વાંસળી વગાડવાથી મનાઈ ફર્માવી, અને ઈર્શાદ ફર્માવ્યો કે ખેલકૂદથી મારે કોઈ લેવાદેવા નથી !

એટલે કે ગીતો, વાજિંત્રો, મ્યુઝિકનાં સાધનો અને બિન જરૂરી ખેલકૂદનો ઈસ્લામ અને પૈગંબરે ઈસ્લામથી કોઈ સંબંધ નથી.

ઉપરોક્ત હદીષોનો સાર એ છે કે ગીતો, વાજિંત્રો દિલમાં નિફાક પૈદા કરે છે, બંદાને રબની રહમતોથી દૂર કરે છે, ગીત સાંભળવાવાળા દુનિયા અને આખેરતમાં અલ્લાહના અઝાબના પાત્ર છે, જન્નતથી મેહરૂમી અને જહન્નમમાં દાખલાનો એ સબબ છે. **તો શું આપણે આ સર્વ જાણીને પણ આ ગુનાહથી નહીં બચીએ ?!** શું આ હદીષો આપણી વિચારણા તથા દષ્ટિની બારીઓ ખોલવા માટે પૂરતી નથી ?! યકીનન ! અલ્લાહથી ડરવાવાળા અને આખેરતના દિવસે અલ્લાહના સમક્ષ આવી પોતાના મામલાનો હિસાબ દેવાની ફિક્ર કરવાવાળાઓની આંખો ખોલવા માટે આ ચેતવણીઓ પૂરતી છે. ઉમ્મીદ છે કે આટલુ વાંચીને જાણીને સાચા પાકા અને સારા મુસલમાન જરૂર પોતાની અને પોતાનાં ઘરવાળાઓને સુધારવાની કોશિશ કરશે, શાદીઓમાં બેન્ડબાજા, ડીજે, ડાન્સની બેહયાઈથી બચશે. ખુદા તઆલા તેના મહબૂબ ﷺના સદકામાં સૌને નેક તૌફીક આપે. (આમીન)

*–(કન્ઝુલ ઈમાન મંથલી ઉર્દૂ, જાન્યુ–૨૦૧૨)*

# પ્રો. તાહિરુલ કાદરી વિશે

## એક પ્રશ્ન તથા તેનો જવાબ

અઝ : **મુફ્તી મુહમ્મદ કૌષરહસન કાદરી રઝવી**
*(નૂરી દારુલ ઈફતા–બલરામપુર)*

રજૂકર્તા : **પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**
*(તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*

(પ્રો. તાહિરુલ કાદરી સાહબે જે વિવિધ ધર્મોવાળાઓને લંડનમાં ભેગા કરીને તેમની પાસે તેમના ભગવાનનો જપ કરાવ્યો, એનો વિરોધ ઉઠતાં એ કાર્યને "સુન્નત" દર્શાવ્યું ! અને કહ્યું કે, "મસ્જિદે નબવીમાં હુઝૂર ﷺએ પણ કાફિરોને એની ઈજાઝત આપી હતી." તેને રદીયો આપતાં મુફતી સાહબે જણાવ્યું કે :) મક્કાના કાફિરો ખાનએ કા'બાનો તવાફ કરતી વેળા કહેતા : **لَبَّيْكَ لَا شَرِيْكَ لَك** "અમે તારી ખિદમત માટે હાજર છીએ, તારો કોઈ શરીક નથી." જ્યારે એનાથી આગળ આ પ્રમાણે કહેવા ચાહતા : **اِلَّا شَرِيْكًا هُوَ لَكَ تَمْلِكُهٗ وَمَا مَلَك** "પણ તે શરીક કે તારી જ માલિકીમાં છે, તું એનો પણ માલિક તેની મિલ્કતનો પણ માલિક." તો આપણા આકા ﷺ ફર્માવતા, **وَيْلَكُمْ قَطْ قَطْ** "તમને ખરાબી થાય ! બસ ! બસ !" (સહીહ મુસ્લિમ બાબુત્તલબિય્યહ) એટલે કે આગળ ન વધો ! અપવાદ ન ઘડો. *(ફતાવા રઝવિય્યહ, ૧/૭૩૬માંથી)*

જ્યારે કે એ સમય મુસલમાનો માટે ખૂબ જ તકલીફો, કસોટીઓ તથા કાફિરોના દબાવ તથા પ્રભાવનો હતો, અને **કાફિરો ત્યાં બોલાવ્યા વિના આવ્યા અને કુફ્ર તથા શિર્ક બકવાની ઈચ્છા ધરાવતા હતા. તો પછી જે ખૂદ પોતે નિમંત્રણ આપીને બોલાવીને કુફ્ર તથા શિર્ક બોલવાનો ચાન્સ આપે તેને મિન્હાજે નબુવ્વત (નબીના માર્ગ) સાથે શો સંબંધ ? તેના પર કુફ્રનો હુકમ યકીની છે કે તે કુફ્ર પર રાજી થયો, અને કેવળ એના પર બલ્કે મજમામાં શરીક થયેલા જે કોઈ પણ કુફ્ર તથા શિર્કની ઈજાઝત તથા બકવાસ પર રાજી થયો એના ઉપર પણ. અને અજાણ માણસ એને કેવળ મુસલમાનોની સુન્નીઓની મેહફિલ સમજીને આવ્યો અને કુફ્રી વાતો તથા ખરાબીઓને જોઈને સાંભળીને તેને બુરુ તો જાણ્યું, પણ ત્યાંથી ઉઠીને ચાલ્યો ન ગયો તે ગુનાહ તથા હરામમાં સપડાયો. કુર્આને અઝીમની નસ્સે કતઈ એ આવા સ્થળેથી તુરત જ હટી જવું ફર્ઝ ઠરાવી આપ્યું છે અને ત્યાં રોકાવાને કેવળ હરામ જ ન ફર્માવ્યું બલ્કે આદેશ આપ્યો : "બેશક ! અલ્લાહ તમારા પર કુર્આનમાં હુકમ ઉતારી ચૂક્યો કે જ્યારે તમે સાંભળો કે ખુદાની આયતોથી ઈન્કાર થઈ રહ્યો છે અને તેની મજાક ઉડાડવામાં આવી રહી છે તો એ લોકોની પાસે ન બેસો જ્યાં સુધી તેઓ અન્ય વાતોમાં મશગૂલ ન થાય, નહીં તો તમો પણ તેમના જેવા છો. બેશક ! અલ્લાહ મુનાફિકો તથા કાફિરો સૌને જહન્નમમાં એકત્ર કરશે."** *(પારા : ૫, રુકૂઅ : ૧૭, આયત : ૪૦)*

**શું બાતિલ મઅબૂદોના નામનો જપ કરવું, તેમની પ્રાર્થના કરવી તથા તેમને પોકારવું એ અલ્લાહની આયતોનો ઈન્કાર તથા મજાક નથી ?!** અલ્લાહના ઝિક્રની માગણી પર હઝરત ઈસા عليه السلامને યાદ કરવું અને અલ્લાહ તઆલાને "ફાધર ગોડ" કહેવું એ તેમના પોતાના ધર્મ પ્રમાણે હઝરત ઈસા عليه السلامને "ખુદાના પુત્ર" તથા "ખુદા" દર્શાવવું થયું. ખૂદ કુર્આને અઝીમે એમનો આ જ એતેકાદ (માન્યતા) દર્શાવેલ છે. **તો શું આ (અલલ એલાન)**

**અલ્લાહની આયતોનો ઈન્કાર તથા હંસી ઉડાડવું ન થયું ?!** અને જ્યારે છે અને બેશક છે. તો મુસલમાનો ! શું કુર્આને અઝીમની આ આયતો તમે મન્સૂખ કરી આપી ?! કે પછી અલ્લાહ ﷻની આ ચેતવણીને સાચી નથી સમજ્યા અથવા કાફિરો જેવા થવું કબૂલ કરી લીધું !

અને જ્યારે આવું કાંઈ નથી તો પછી આવા જલસામાં શિર્કત શા માટે છે જે ખુદા તથા રસૂલ તથા કુર્આન પર વાંધાઓના માટે કરવામાં આવે છે ? ભાઈઓ ! હું નથી કહેતો, કુર્આન ફર્માવે છે કે, اِنَّكُمْ اِذًا مِّثْلُهُمْ "આવા જલસાઓમાં શિર્કત (હાજરી આપવા)વાળા સૌ એ કાફિરોની જેમ છે. તેઓ "એલાનિયા કાફિર", અને આ જીભ વડે કલમો પઢે અને દિલમાં ખુદા વ રસૂલ તથા કુર્આનની એટલી ઈજ્જત નથી કે જ્યાં અલ્લાહ તથા રસૂલ તથા કુર્આનની તૌહીન થતી હોય ત્યાંથી બચે, જેથી એ "મુનાફિક" ઠર્યા. ત્યારે જ તો ફર્માવ્યું કે અલ્લાહ એમને તથા આમને સૌને જહન્નમમાં એકત્ર કરશે." ઈલાહી ! ઈસ્લામી કલમો પઢનારાઓની આંખો ખોલ ! **ولا حول ولاقوة الا بالله العلى العظيم**
*(ફતાવાએ ઈમામે અહલે સુન્નત, ૧/૨૧૭)*

હવાની દિશા જોઈને ચાલવાવાળા તકસાધુઓ લગભગ સદી અગાઉ આ બકવાસથી જીભ ગંદી કરી ચૂક્યા કે, "મસ્જિદે નબવીમાં કાફિરોનાં પ્રતિનિધિમંડળો રોકાતાં હતાં અને પોતાના તરીકા પ્રમાણે પૂજા (ઈબાદત) પણ કરતાં હતાં." એના પર આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ ફર્માવ્યું : **"એવું કહેવું કે કાફિરોનાં પ્રતિનિધિમંડળો મસ્જિદે નબવી ﷺમાં પોતાના તરીકા પ્રમાણે ઈબાદત કરતાં હતાં એ તદ્દન જૂઠ છે. અને નબી ﷺએ એને જાઈઝ રાખ્યું એવું કહેવું એ હુઝૂરે અક્દસ ﷺ પર આક્ષેપ છે."**

હરગિઝ શક્ય નથી કે અલ્લાહના રસૂલ એવું માન્ય રાખે કે કોઈ અન્ય મસ્જિદ નહીં પણ મસ્જિદે મદીના કરીમામાં જ ! તે પણ ખૂદ હુઝૂરે અક્દસ ﷺની સામે મૂર્તિઓ તથા મસીહની ઈબાદત કરવામાં આવે ?! આ આક્ષેપકારોની નજીક ખૂદ હુઝૂરે અક્દસ ﷺની મસ્જિદમાં ખૂદ હુઝૂરની સામે કાફિરો પોતાના તરીકા પ્રમાણે ઈબાદત કરતા હતા ! (મઆઝલ્લાહ !)

કુર્આનમાં છે :–

**وَيْلَكُمْ لَا تَفْتَرُوْا عَلَى اللّٰهِ كَذِبًا فَيُسْحِتَكُمْ بِعَذَابٍ**

"તમને ખરાબી થાય ! અલ્લાહ પર જૂઠ ન બાંધો કે તે તમને અઝાબથી તબાહ કરી નાખે." *(પારા : ૧૬, આયત : ૧૨, સૂરત : ૨૦, આયત : ૬૧)*

હુઝૂરે અક્દસ ﷺના માટે મસ્જિદે કરીમના સિવાય કોઈ બેઠક ન હતી, જે પણ હાજર થતો ત્યાં હાજર થતો. કોઈ કાફિરની હાજરી મઆઝલ્લાહ ! તેમના રૂઆબ તથા તેમની ઉચ્ચતા સાથે ન હતી બલ્કે ઝલીલો ખાર (નીચ હકીર) થઈને અથવા ઈસ્લામ સ્વીકારવાના માટે અથવા ઈસ્લામની તબ્લીગ સાંભળવા માટે થતી. ક્યાં આ અને ક્યાં તે જે ઈસ્લામનુ બુરુ ચાહનારાઓએ કહ્યું ?!" *(ફતાવા રઝવિય્યહ, ૬/૮૪)* અને **المحجة المؤتمنة**માં ફર્માવ્યું : "કાફિરના મસ્જિદમાં પ્રવેશનો મસ્અલો છે એ આ સર્વ મતનો જેમ કે તોહફતુલ ફુકહા, હિદાયહ, વકાયા, કન્ઝ, વાફી, મુખ્તાર, ઈસ્લાહ, ગુરર, મુલ્તકા, તન્વીર તેમજ એના સિવાય મુહીત, સરખસી, ઈશ્બાહ વન્નઝાઈર, વઝીર કરદરી, ખઝાનતુલ મુફતીન તથા ફતાવા હિંદિયા, આ સૌમાં "ઝિમ્મી" (કાફિર)ની સાથે સીમિત છે".

ઉમ્દતુલ કારી શરહે સહીહ બુખારીમાં છે : "ઈમામ અબૂ હનીફાએ ફર્માવ્યું, મસ્જિદમાં કિતાબી (ઝિમ્મી)નું આવવું જાઈઝ છે અન્ય કાફિરોનું નહીં. અને ઈમામ એના પર આ હદીષથી સનદ લાવ્યા જે ઈમામ અહમદે પોતાની મુસ્નદમાં સહીહ અસ્નાદની સાથે જાબિર رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, આ વરસ બાદ અમારી આ મસ્જિદમાં કોઈ મુશ્રિક ન આવવા પામે, ઝિમ્મીઓ તથા એમના ગુલામો સિવાય." *(ફતાવા રઝવિય્યહ,*

*મુતર્જિમ, ૧૪/૫૨૩)*

કુર્આન તથા હદીષ તથા મિલ્લતના સુતૂનો (સ્તંભો)ના સ્પષ્ટ આદેશોના પછી કોઈ ન્યાયપ્રિય, પૂર્વજ બુઝુર્ગોના અનુસરણના પાબંદને દમ મારવાનો અવકાશ ન રહ્યો.

હજુ પણ લાચાર દિમાગ કોઈ ઈતિહાસ કે સીરત લેખકની આનાથી વિરુદ્ધ કોઈ નક્લ કે રિવાયતથી સનદ દર્શાવવાથી પાછુ હટવા તૈયાર ન હોય તો ઈમામ મુજતહિદે મુત્લક્ સૈયદના અહમદ બિન હંબલ رضی اللہ عنہનો ઈર્શાદ જુઓ : "મક઼ાસિદ, બુરહાન તથા ઈત્ક઼ાન વગેરેમાં ઈમામે અજલ અહમદ બિન હંબલ رضی اللہ عنہથી મરવી છે કે તે ફર્માવે છે, "ત્રણ વિષયોની કિતાબો બેસનદ છે, એની કોઈ અસલ નથી : (૧) સીરતની કિતાબો (૨) ઈતિહાસની કિતાબો (૩) તફસીરની કિતાબો." *(અલ્ ઈત્ક઼ાન, ભાગ : ૪, પેજ : ૮૭૪)*

ઈમામે અહલે સુન્નત رحمۃ اللہ علیہએ આ ક઼ૌલને નક઼લ કરીને ફર્માવ્યું, "હું કહું છું, એમના ફર્માવવાનો મતલબ એ તો જો કે નથી કે ઈતિહાસ તથા સીરત તથા તફસીરની બધી જ કિતાબો પહેલેથી છેલ્લે સુધી એવી જ (બેસનદ) છે, કેમ કે તે કિતાબો અને જે કાંઈ એમાં છે તે ગવાહ છે કે એ ઈમામે અજલના કહેવાનો એ મતલબ નથી. તેમ છતાં એટલુ નિશ્ચિત છે કે તેમણે બેસનદ વાતોનું મિશ્રણ આ કિતાબોમાં અધિક્તર જોઈને જ આવું ફર્માવ્યું. આ તે ઈમામે અજલ્લ (ઈબ્ને હંબલ)ના જમાના (એટલે ત્રીજી સદી હિજરી)નો હાલ હતો તો એના પછી કેવો હાલ થયો હશે !" *(ફતાવા રઝવિય્યહ્, મુતર્જિમ, ૨૮/૫૩૭)*

જેને (પ્રો.તાહિરને) ઉઘાડા કાફિરો, મુશ્રિકો તથા મોઢા સામે ઈસ્લામને તથા કુર્આનને જૂઠાડનારાઓથી ગૈરત નથી (કે સામે ચાલીને સંમેલનમાં બોલાવી કુફ્ર શિર્ક તેમના મોઢાથી કહેવડાવે છે) તો જો તે કાફિરો સાથે જેઓ ઈસ્લામનો આંચળો ઓઢેલા છે (વહાબી, દેવબંદી, શીઆ વગેરે) તેમની સાથે ભેળસેળ થઈ જાય તો કાંઈ આશ્ચર્યની વાત નથી. પણ બાતિલના વહેમોના વંટોળને કરોળીયાના જાળાંની જેમ દૂર કરીને હક્ક઼ના નૂરાની ચહેરાથી બાતિલની ધૂળ સાફ કરી આપવી એ ઘણુ મહત્વનું છે.

પેજ નં. **૧૫** નું ચાલુ...

કિતાબોના નામ પણ છે)

**ઉસકે ફર્માન હૈ સબ શારેહે હુકમે શારેઅ**
**મઝહરે નાહી વ આમિર ભી હૈ અબ્દુલ ક઼ાદિર**

*(શારેહ = શરહ કરનાર, શારેઅ = શરીઅતના ધની, મઝહર = જાહેર થવાની જગ્યા)*

**અર્થ :** હુઝૂર ગૌષેપાક رضی اللہ عنہનાં ફર્માનો શારેઅ હુઝૂર علیہ الصلوٰۃ والسلامના હુકમની શરહ કરનાર એટલે કે ખુલાસો કરનાર છે અને બુરાઈથી રોકનાર અને ભલાઈનો હુકમ આપનાર પ્યારા નબી ﷺના આપ મઝહર છે.

**ઝી તસર્રુફ ભી હૈ માઝૂન ભી મુખ્તાર ભી હૈ**
**કારે આલમકા મુદબ્બિર ભી હૈ અબ્દુલ ક઼ાદિર**


*(ઝી તસર્રુફ = ઈખ્તિયારવાળા, માઝૂન = અનૂમતિ પામેલ, મુખ્તાર = ઈખ્તિયાર ધરાવનાર, કારે આલમ = દુનિયાનું કામ, મુદબ્બિર = તદબીર કરનાર)*

**અર્થ :** હુઝૂર ગૌષેપાક رضی اللہ عنہ પ્યારા નબી علیہ الصلوٰۃ والسلامના તરફથી ઈખ્તિયાર ધરાવનાર પસંદીદા અને અનૂમતિ મેળવેલ છે અને આપ દુનિયાના કામોની તદબીર ફર્માવનાર છે. (આપના ઈખ્તિયાર અને અઝમતની બોલબાલા જોવા મશ્હૂર અને ભરોસા પાત્ર કિતાબ બેહજ્જતુલ અસ્રારનો અભ્યાસ કરો)

**રશ્કે બુલબુલ હૈ "રઝા" લાલા સદ દાગ ભી હૈ**
**આપકા વાસિફો ઝાકિર ભી હૈ અબ્દુલ ક઼ાદિર**

*(રશ્ક઼ = કોઈની નેઅમત જોઈને તેવી નેઅમત પોતાને પણ મળે તેવી તમન્ના, લાલા = એક પ્રકારનું ફુલ, સદ દાગ = બેશુમાર નિશાનવાળુ, વાસિફ = પ્રશંસક, ઝાકિર = ચર્ચા કરનાર)*

**અર્થ :** અય મારા ગૌષે આઝમ رضی اللہ عنہ અહમદ રઝા નાઅતો પઢવામાં એવો મગ્ન છે કે બુલબુલો પણ રશ્ક઼ કરે છે અને રઝા બેહદ નિશાનો રાખે છે અને આપની પ્રસંશા તથા ચર્ચા ખૂબ કરે છે.



# હુઝૂર ગ઼ૌષે આ'ઝમની ફઝીલત

## મુજદ્દિદે આ'ઝમની ઝબાની (رحمۃ اللہ علیہا)

રજૂકર્તા : **મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી** *(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

સરકારે બગ઼દાદ સૈયદના શૈખ અબ્દુલ ક઼ાદિર જીલાની رضی اللہ عنہ ને અલ્લાહ તબારક વ તઆલાની બારગાહથી જે ખૂબીઓ તથા વિશિષ્ટતાઓ મળી હતી તેમના વિશે આપના દૌરથી લઈને અત્યાર સુધી લખવામાં આવી રહ્યું છે. આપની પવિત્ર શખ્સિયત કેવળ બગદાદવાળાઓ માટે જ નહીં બલ્કે સમગ્ર આલમે ઈસ્લામ માટે રહમત બનીને આવી. આ ક઼ાદરી ઝરણાથી લાખો દિલોની રૂહાની પ્યાસ બુઝાઈ અને અલ્લાહ તબારક વ તઆલાએ આપને એ ઈજ્જત તથા અઝમત અતા ફર્માવી કે આજે જ્યાં જ્યાં મુસલમાનો છે ત્યાં આપના ગુણ ગવાઈ રહ્યાં છે અને આપના ચાહવાવાળાઓમાં સામાન્ય લોકો જ નહીં, અવલિયાએ કામિલીન અને સૂફિયાએ કિરામ તથા અબ્દાલ અને અક઼તાબ પણ છે અને સૌએ આપની અઝમતોનો ખુત્બો પઢયો તથા આપને પોતાના સરદાર માન્યા.

ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ સરકાર ગ઼ૌષે આ'ઝમ رحمۃ اللہ علیہ ના સાચા શૈદાઈ અને આશિક઼ હતા. સરકાર ગ઼ૌષે આ'ઝમ رحمۃ اللہ علیہ સાથે મહબ્બત અને આપના અદબનો એ આલમ હતો કે જીવનભર બગદાદ શરીફ તરફ પગ પણ ન ફેલાવ્યા. આપે સરકારે ગ઼ૌષે આ'ઝમ رحمۃ اللہ علیہ ની અઝમત અને શાનનું વર્ણન ક઼લમથી પણ કર્યું અને ઝબાનથી પણ. વિવિધ ફત્વાઓ, કેટલીય પુસ્તિકાઓ અને મન્ક઼બતો તથા શાયરી દ્વારા બારગાહે ગ઼ૌષે આ'ઝમ رضی اللہ عنہ માં અક઼ીદતોના ખિરાજ પેશ કર્યા. જે રીતે ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ નો અંદાજ દરેક બાબતે નિરાળો હોય છે તે જ પ્રમાણે અહીંયા પણ આપનો અંદાજ કાંઈક જુદો જ છે. બારગાહે ગ઼ૌષે આ'ઝમ رحمۃ اللہ علیہ થી નિસ્બતનું વર્ણન કેવા અનોખા અંદાજમાં ફર્માવે છે તે જુઓ :–

**તુઝસે દર, દર સે સગ ઔર સગ સે હૈ મુઝ કો નિસ્બત**
**મેરી ગરદનમેં ભી હૈ દૂર કા દોરા તેરા**

**જો વલી ક઼બ્લ થે યા બા'દ હૂએ યા હોંગે**
**સબ અદબ રખતે હૈં દિલમેં મેરે આક઼ા તેરા**

**ઈસ નિશાની કે જો સગ હૈ નહીં મારે જાતે**
**હશ્ર તક મેરે ગલે મેં રહે પટ્ટા તેરા**

*–(હદાઈક઼ે બખ્શિશ, અઝ : આ'લા હઝરત)*

ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ એ એવી અજોડ પદ્ધતિ અને બેમિષાલ શૈલીમાં શાને ગ઼ૌષે આ'ઝમ رحمۃ اللہ علیہ નું વર્ણન કર્યું કે પઢવા, સાંભળવાવાળા દંગ રહી ગયા. બલ્કે હક઼ીક઼ત એ છે કે ખૂદ સરકારે ગ઼ૌષે આ'ઝમ رحمۃ اللہ علیہ એ પણ ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ ને પોતાની વિશિષ્ટ નિગાહે કરમ અને ફૈઝાનથી માલામાલ કરી દીધા બલ્કે પોતાના નાઈબ બનાવ્યા.

મહબૂબે સુબ્હાની, ગ઼ૌષે સમ્દાની, પીરે પીરાં, મીરે મીરાં, સૈયદના શૈખ અબ્દુલ ક઼ાદિર જીલાની رحمۃ اللہ علیہ ની સાથે ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ ની મહોબ્બત અને આપની અઝમતો ફઝીલતના અમુક નમૂના જોઈએ. શાને ગ઼ૌષે આ'ઝમ رحمۃ اللہ علیہ વર્ણન કરતાં ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

ફર્માવે છે :–

''હે મુસલમાનો ! હે સુન્ની ભાઈઓ ! હે મુસ્તફા ﷺની મહાનતમ શાનના ફિદાઈ(ઓ) ! ચાંદ તથા સૂરજ પર એમનો (સરકારે દો આલમ ﷺનો) હુકમ જારી થયો (તો) શું વાત છે ? સૂરજ ત્યાં સુધી નથી નીકળતો જ્યાં સુધી આપ ﷺના નાઈબ, આપના વારિષ, આપ ﷺના ફરઝંદ, આપ ﷺના દિલબંદ ગૌષ્ષુષકલૈન, ગયષુલ કૌનૈન હુઝૂરે પુરનૂર સૈયદના મૌલાના ઈમામ અબૂ મુહમ્મદ શૈખ અબ્દુલ કાદિર જીલાની رحمۃ اللہ علیہ પર સલામ અર્ઝ ન કરે. ઈમામે અજલ્લ સૈયદી નૂરુદ્દીન અબુલ હસન અલી શત્નૂફી رحمۃ اللہ علیہ (ઈમામે અજલ્લ આરિફ બિલ્લાહ સૈયદી અબ્દુલ્લાહ બિન અસ્અદ મક્કી યાફઈ શાફઈ رحمۃ اللہ علیہએ મિર્અતુલ જીનાનમાં જેમને અશ્શૈખ અલ્ઈમામ અલ્ફકીહ અલ્આલિમ અલ્મુકરીથી સંબોધ્યા) કિતાબે મુસ્તતાબ બહજતુલ અસ્રાર શરીફમાં પોતાની સનદ સાથે રિવાયત કરે છે : (ભાવાર્થ) : હઝરત અબૂ હફસ કમીનાનીના ભાઈ ઈમામે અજલ્લ હઝરત અબુલ કાસિમ ઉમર બિન મસ્ઊદ رحمۃ اللہ علیہ ફર્માવે છે, અમારા શૈખ હુઝૂર સૈયદના અબ્દુલ કાદિર જીલાની رحمۃ اللہ علیہ પોતાની મજલિસમાં જમીનથી ઊંચે હવાના પટ પર ચાલતા અને ઈર્શાદ ફર્માવતા, ''સૂર્ય ત્યાં સુધી નથી નીકળ તો જ્યાં સુધી મને સલામ ન કરી લે. નવુ વરસ જ્યારે આવે છે મને સલામ કરે છે અને એ (વરસ)માં જે કાંઈ થવાનું હોય છે એની મને જાણ કરે છે, નવુ અઠવાડિયું જ્યારે આવે છે મને સલામ કરે છે અને મને બતાવે છે કે જે કાંઈ એ (અઠવાડિયામાં) થવાનું હોય છે, નવો દિવસ જે આવે છે મને સલામ કરે છે અને એમાં જે થવાનું હોય છે એની મને જાણ કરે છે. મારા રબની ઈજ્જતની કસમ ! કે સર્વ નેકબખ્ત અને બદ્બખ્ત મારા સમક્ષ રજૂ કરવામાં આવે છે. મારી આંખ લોહે મેહફૂઝ પર લાગેલી છે અર્થાત લોહે મેહફૂઝ મારા સમક્ષ છે.'' *(અલ્ અમન વલ ઉલા લિના ઈતિલ મુસ્તફા બિ દાફેઈલ બલા, પેજ : ૧૮૭, ૧૮૮, રઝા એકેડમી માલેગાંવ)*

ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہથી એક સવાલ કરવામાં આવ્યો કે હઝરત ગૌષુષ્ષકલૈન رحمۃ اللہ علیہએ **કદમી હાઝિહિ અલા રકબતિ કુલ્લિ વલીયિલ્લાહ.** ''મારો પગ સર્વ વલીઓની ગરદનો પર છે.'' એનાથી જણાય છે કે જેમનું અફઝલ હોવું કુર્આન તથા હદીષમાં વર્ણન નથી થયું એવા આગલા પાછલા (અવલિયા) પર આપને ફઝીલત પ્રાપ્ત છે. (આપ સર્વ વલીઓથી અફઝલ છે) અને હઝરત શૈખ સરહિંદી મુજદ્દિદ અલ્ફેષાની رحمۃ اللہ علیہ છેલ્લા મક્તૂબાતમાં લખે છે જે મુજદ્દિદ અને હઝરત શૈખ અબ્દુલકાદિર જીલાની رحمۃ اللہ علیہના સાચા નાઈબ છે (તેઓ પોતાના મક્તૂબાતમાં ફર્માવે છે) ''મૂળ ફૈઝોના શ્રોત હઝરત ગૌષુષ્ષકલૈન છે.'' તો કોઈ માણસ એવો અકીદો રાખે કે હઝરત ગૌષુલ આ'ઝમ رحمۃ اللہ علیہ એ સર્વ અવલિયાથી અફઝલ છે અને આપના પછી ખ્વાજએ ખ્વાજગાન બહાઉદ્દીન નક્શબંદ رحمۃ اللہ علیہ અને હઝરત ખ્વાજા મુઈનુદ્દીન ચિશ્તી رحمۃ اللہ علیہ સર્વ હઝરત ગૌષુલ આ'ઝમ رحمۃ اللہ علیہના નાયબ છે તો આ અકીદો સૂફિયોના ખ્યાલમાં જાઈઝ છે કે નહીં ?

આ સવાલના જવાબમાં ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ એક અનોખો અંદાઝ અપનાવ્યો અને અઝમતે ગૌષે આ'ઝમ رحمۃ اللہ علیہ આ રીતે બયાન કરી : ''અકીદો એવી વસ્તુ છે જેનું યકીન અને આધાર સુન્નિયત છે અને તેનો ઈન્કાર બલ્કે એમાં શંકા (પણ) ગુમરાહી અને ઝલાલત (ભટકવું) છે. આ (ઉપર વર્ણન થયેલ) પ્રકારની બાબતો આવા (મૂળ અકીદાના) મસાઈલમાંથી નથી હોતી. હા ! એ મસ્લક જે અમારા નજીક સાબિત થયેલ છે અને અવલિયાએ કિરામની સાક્ષી અને હઝરત ખિઝર علیہ السلامની સાક્ષીથી અને અકાબિર અઈમ્મએ કિરામની રિવાયતોથી સાબિત છે તે એ જ છે કે એ લોકો સિવાય જેમની ફઝીલત મન્સૂસ (કુર્આન યા હદીષમાં વર્ણન થયેલ) છે જેમ કે સર્વ સહાબાએ કિરામ, કેટલાક અકાબિર, તાબઈને એઝામ કે જે **والذین اتبعوھم باحسان** છે અને જેઓ પોતાના લકબો (ઉપનામો)થી વિશિષ્ટ છે અને એટલે જ

''અવલિયા, સૂફિયા વ મશાઈખ'' આ (વા) શબ્દોથી એમની તરફ ધ્યાન નથી જતું ભલે તેઓ પોતે અવલિયાના સરદાર છે જેઓ આ (અવલિયા, સૂફિયા વગેરે) શબ્દોથી સમજવામાં આવે છે હુઝૂર સૈયદના ગ઼ૌષે આ'ઝમ رحمۃ اللہ علیہના જમાનમાં હોય જેમ કે તમામ અવલિયાએ અશરા જેઓ મુડદાં જીવંત કરતા હતા અથવા હુઝૂર (ગ઼ૌષે આ'ઝમ رحمۃ اللہ علیہ)થી પહેલાંના હોય જેમ કે હઝરત મઅરૂફ કર્ખી, બાયઝીદ બુસ્તામી, સૈયદુત્તાઈફા જુનૈદ, અબૂબક્ર શિબ્લી, અબૂ સઈદ ખર્રાઝ (رَحْمَةُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ વગેરે) ભલે તેઓ (સર્વ અવલિયાએ કિરામ) પોતે હુઝૂર (ગ઼ૌષે આ'ઝમ رحمۃ اللہ علیہ)ના મશાઈખ છે અને જેઓ આપના પછી છે જેમ કે હઝરત ખ્વાજા ગ઼રીબ નવાઝ સુલ્તાનુલ હિંદ, હઝરત શૈખુશ્શુયૂખ શહાબુદ્દીન સોહરવર્દી, હઝરત સૈયદોના બહાઉદ્દીન નક઼્શબંદ, આ અકાબિર (અવલિયા)ના ખુલ્ફા વ મશાઈખ વગેરે (رَحْمَةُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ) હુઝૂર સરકાર ગ઼ૌષિયત મદાર (ગ઼ૌષે આ'ઝમ رحمۃ اللہ علیہ)..........એ સૌથી આ'લા વ અકમલ વ અફઝલ છે. હુઝૂર (ગ઼ૌષે આ'ઝમ رحمۃ اللہ علیہ) પછી જેટલા અકાબિર થયા અને સૈયદના ઈમામ મહેદીના જમાના સુધી થશે કોઈ સિલસિલાના હોય અથવા સિલસિલાથી અલગ, ગ઼ૌષ, કુતુબ, ઈમામૈન, અવતાદે અરબઆ, બુદલાએ સબ્આ, અબ્દાલે સબઈન, નુક઼બા, નુજબા, દરેક જમાનાના ઉઝમા, કુબ્રા, સૌ હુઝૂર (ગ઼ૌષે આ'ઝમ رحمۃ اللہ علیہ)થી ફૈઝ પામનાર અને હુઝૂર (ગ઼ૌષે આ'ઝમ رحمۃ اللہ علیہ)ના ફૈઝથી કામિલ વ મુકમ્મલ છે.

**યક ચિરાગ અસ્ત દરીં ખાના કે અઝ પરતવે આં**
**હર કુજા મિનકારી, અંજુમને સાખ્તા અંદ**

*–(ફતાવા રઝવિય્યહ્, ૧૨/૨૨૨, ૨૨૩ મુંબઈ)*

પછી આ'લા હઝરત رحمۃ اللہ علیہએ ગ઼ૌષે આ'ઝમ رحمۃ اللہ علیہના આ ફર્માન પર સ્વીકૃતિ જાહેર કરતાં જે કહ્યું છે તેને વાંચો અને આ હુસ્ને અક઼ીદત તથા ખુશઅક઼ીદગી પર કુર્બાન જાવ !

**યહ દિલ યહ જિગર હૈ યહ આંખેં યહ સર હૈ**
**જહાં ચાહો રખ્ખો ક઼દમ ગ઼ૌષે આ'ઝમ** رحمۃ اللہ علیہ

પછી હઝરત ખિઝર علیہ السلامનું કથન નક઼લ ફર્માવે છે કે હઝરત ખિઝર علیہ السلامએ ફર્માવ્યું, ''અલ્લાહ તઆલાએ જે વલીને કોઈ મક઼ામ સુધી પહોંચાડયા તેનાથી શૈખ અબ્દુલ ક઼ાદિર ઉચ્ચ રહ્યા અને જે મુક઼ર્રબને કોઈ હાલ અતા કર્યો તેનાથી શૈખ અબ્દુલ ક઼ાદિર ઉપરી રહ્યા. અલ્લાહ તબારક વ તઆલાના જેટલા વલીઓ થયા અને જેટલા થશે ક઼યામત સુધી સૌ શૈખ અબ્દુલ ક઼ાદિર જીલાની رحمۃ اللہ علیہનો અદબ કરે છે.'' *(હવાલો ઉપર મુજબ)*

અલ્હમ્દુલિલ્લાહ ! આપણા દિલોમાં રસૂલે અકરમ صلی اللہ علیہ وسلمની મહોબ્બત પણ છે અને આપ صلی اللہ علیہ وسلمના સહાબા, તાબઈન, અઈમ્મએ મુજતહિદીન તથા અવલિયાએ કિરામની અક઼ીદતોના ચિરાગ પણ રોશન છે અને આપણે દરેકને મર્તબા પ્રમાણે માનીએ છીએ પરંતુ અમુક લોકોના મનમાં વિચિત્ર ખ્યાલો અને સવાલો ઉપસ્થિત થાય છે. ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہથી એક એ જ પ્રકારનો સવાલ થયો કે હઝરત ગ઼ૌષે આ'ઝમ رحمۃ اللہ علیہથી ઈમામે આ'ઝમ અબૂ હનીફા અફઝલ છે અથવા એનાથી ઉલટું ?!

ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ જવાબમાં ફર્માવે છે :–

''ઈમામ અબ્દુલ વહ્હાબ શઅરાની મીઝાનુશ્શરીઅતિલ કુબ્રામાં ફર્માવે છે : એકવાર હઝરત ઈમામે આ'ઝમ رضی اللہ عنہને પૂછવામાં આવ્યું કે (હઝરત સૈયદના અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی اللہ عنہના શાગિર્દ) ઈમામ અલ્કમા વ ઈમામે અસ્વદ અને (ઈમામ આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہના ઉસ્તાઝ) ઈમામ અતા ઈબ્ને અબી રબાહ رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَમાં કોણ અફઝલ હતું ? તો (હઝરત ઈમામે આ'ઝમ رضی اللہ عنہએ) ફર્માવ્યું, આપણે એ લાયક નથી કે એમનું ઝિક્ર (વર્ણન) કરી શકીએ તો એમનામાં એકને બીજાથી અફઝલ કઈ રીતે બતાવી શકીએ ?!''

હઝરત ઈમામે આ'ઝમ رحمۃ اللہ علیہનો આ ઈર્શાદ આજીજીપૂર્વક હતો અને અહીંયાં નિશ્ચિત રીતે હકીકત છે. હાશા લિલ્લાહ ! આપણા મોઢાં એ લાયક નથી કે હુઝૂર સૈયદના ઈમામે આ'ઝમ رضی اللہ عنہ અથવા હુઝૂર સૈયદના ગૌષે આ'ઝમ رضی اللہ عنہના પાક નામો આપણી ઝબાનથી લઈએ ! આ પણ અલ્લાહ તઆલાની રહમત છે કે પોતાના મહબૂબ બંદાઓના ઝિક્રની ઈજાઝત આપી છે. આપણે કયા મોઢે એમનામાં એક પર બીજાના અફઝલ હોવાનું વર્ણન કરીએ. આ (ઈમામે આ'ઝમ رضی اللہ عنہ) આપણી શરીઅતના ઈમામ અને આ (સરકાર ગૌષે આ'ઝમ رضی اللہ عنہ) આપણી તરીકતના ઈમામે મુફરદ. *(ફતાવા રઝવિય્યહ્, ભાગ : ૧૧, પેજ : ૩૨ મુંબઈ)*

સરકાર ગૌષે આ'ઝમ رضی اللہ عنہ અલ્લાહ તબારક વ તઆલાની અતાથી ઈખ્તિયાર અને વિશેષ અધિકારના માલિક હતા. આપનાથી હજારો કરામતો જાહેર થઈ. મુડદાંને જીવંત કરવાં એ પણ આપની કરામતોમાં સામેલ છે. હઝરત શૈખ અબ્દુલ હક્ક મુહદ્દિષે દહેલ્વી رحمۃ اللہ علیہએ અખ્બારુલ અખ્યારમાં સરકાર ગૌષે આ'ઝમ رضی اللہ عنہની કરામતોમાં મારવા, જીવંત કરવા તથા આંધળા અને કોઢીને શિફા આપવાનો ઉલ્લેખ કર્યો છે. ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہથી જ્યારે આ વિશે પૂછવામાં આવ્યું તો ફર્માવ્યું, "ઈહયાએ મવતા હક્ક અસ્ત બઅસાનીદ સહીહા" (ભાવાર્થ) : "મુડદાંઓને જીવડાવવું સહીહ સનદોથી સાબિત છે." *(ફતાવા રઝવિય્યહ્, ગુજરાત)*

સૈયદના ગૌષે આ'ઝમ رضی اللہ عنہ પોતાના ચાહવાવાળાઓ પર ખાસ કરમ ફર્માવે છે, હમેશાં મુસીબતોમાં મદદ ફર્માવે છે જેનાં અગણિત ઉદાહરણો જોઈ શકાય છે અને સરકાર ગૌષે આ'ઝમ رضی اللہ عنہ દસ્તગીરી કરે છે, મદદ ફર્માવે છે એટલા માટે જ ઈમાનવાળાઓ આપને ગૌષે આ'ઝમ તથા દસ્તગીર કહે છે.

ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہથી કોઈએ પૂછયું કે સરકાર ગૌષે આ'ઝમ رحمۃ اللہ علیہને દસ્તગીર કહેવું જાઈઝ છે કે નહીં ?

જવાબમાં ફર્માવ્યું, "હુઝૂર સૈયદના ગૌષે આ'ઝમ رحمۃ اللہ علیہ જરૂર દસ્તગીર છે અને હઝરત સુલ્તાનુલ હિંદ મુઈનુલ હિંદ મુઈનુલ હક્ક વદ્દીન જરૂર ગરીબ નવાઝ છે. સૈયદના ઈમામ અબુલ હસન નૂરૂદ્દીન બહજતુલ અસ્રાર શરીફમાં સૈયદના અબુલ કાસિમ ઉમર બઝ્ઝાઝ رحمۃ اللہ علیہથી રિવાયત કરે છે : મેં મારા મૌલા હઝરત શૈખ અબ્દુલ કાદિર જીલાની رحمۃ اللہ علیہને ઘણીવાર કહેતાં સાંભળ્યા કે મારા ભાઈ હુસૈન હલ્લાજનો પગ લપસી ગયો એમના સમયમાં કોઈ એવો ન હતો જે દસ્તગીરી કરતો તે સમયે હું હોત તો હું તેમની દસ્તગીરી કરતો. મારા સાથીઓ, મારા મુરીદો અને મારી સાથે મહોબ્બત રાખવાવાળાઓમાં કયામત સુધી જેનાથી લગઝિશ થશે હું તેનો દસ્તગીર (મદદગાર) છું. વલ્હમ્દુલિલ્લાહિ રબ્બિલ આલમીન. તમામ મુસલમાનોની જબાનો પર હુઝૂર (ગૌષે આ'ઝમ رحمۃ اللہ علیہ)નો લકબ ગૌષે આ'ઝમ છે.

શાહ વલીયુલ્લાહ સાહબ رحمۃ اللہ علیہ અને શાહ અબ્દુલ અઝીઝ સાહબ رحمۃ اللہ علیہ તો અલગ ખૂદ વહાબી દેવબંદી પેશ્વા ઈસ્માઈલ દહેલ્વીએ ઠેકઠેકાણે હુઝૂર (સરકારે ગૌષે) બગદાદ رحمۃ اللہ علیہને "ગૌષે આ'ઝમ" (નામ)થી યાદ કર્યા. (આ ફરિયાદરસી અને દસ્તગીરી નથી તો શું છે ? *(ફતાવા રઝવિય્યહ્, ૧૧/૪૪ મુંબઈ)*

ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہની કિતાબો અને ફતાવામાં આવા અસંખ્ય ઉદાહરણો મળે છે જે સૌથી અલગ અંદાજમાં સરકાર ગૌષે આ'ઝમ رحمۃ اللہ علیہની અઝમત તથા ફઝીલતને બયાન કરે છે. બેશક ! ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ સૈયદના શૈખ અબ્દુલ કાદિર જીલાની رحمۃ اللہ علیہના સાચા શૈદાઈ હતા. જીવનભર આપની પ્રશંસા કરતા રહ્યા અને મુસલમાનોને મહબ્બતે ગૌષે આ'ઝમ رحمۃ اللہ علیہના નામથી તૃપ્ત કરતા રહ્યા.

**મુર્ગ સબ બોલતે હૈં બોલ કે ચૂપ રહતે હૈં**
**હાં અસીલ એક નવાસંઝ રહેગા તેરા**

*–(હદાઈકે બખ્શિશ)*

*(હવાલો : કન્ઝુલ ઈમાન મંથલી–ઉર્દૂ, ફેબ્રુઆરી–૨૦૧૨)*

# ૨૧મી સદીમાં નવી પેઢી પર હલકી વિચારસરણીના હુમ્લાઓ

:: રજૂકર્તા :
મૌલાના ગુલામ યાસીન
નૂરાની મિસ્બાહી
(સદરુલ મુદર્રિસીન દારુલ બરકાતે ખ્વાજા—આમોદ)

આજે જ્યારે બાળક આંખ ખોલે છે તો સમજશક્તિ તથા સભ્યતાના દ્વાર પર કદમ રાખતા પહેલાં જ તે અશુદ્ધ તથા દુષિત દષ્ટિકોણ તથા ગૈરઉચિત વિચારશક્તિનો શિકાર બની જાય છે. ઘર, મહોલ્લો, સમાજના માહોલમાંથી કોઈપણ તે નવજાત શિશુને આવા હુમ્લાઓનો શિકાર બનવાથી નથી રોકી શકતા. બલ્કે આજના મહોલના આવા ઘાતક હુમ્લાઓમાં ઘેરાઈને બાળક પોતાની પ્રાકૃતિક આવશ્યક્તાઓ તથા સદ્‌વિચારોથી દૂર અને આધુનિક વિચારસરણીનો દીવાનો બની જાય છે. આજે આપણે એવી જ આધુનિક વિચારસરણીઓ વિશે ચર્ચા કરીશું.

**માતાના વર્તનની અસર :** આધુનિક નિષ્ણાત ડોકટરોનું કહેવું છે કે અંતિમ ત્રણ, ચાર, અઠવાડિયાઓમાં બાળકના (જે માતાના પેટમાં છે) કાનોમાં તેની માતા તથા આસપાસના લોકોનો અવાજ પહોંચતો થઈ જાય છે. બાળક સૌથી વધુ પોતાની માતાનો અવાજ સાંભળવાનું પસંદ કરે છે. આજની માતાઓ જ્યારે હામેલા (ગર્ભવતી) હોય ત્યારે તે દિવસોમાં તકલીફનું બહાનું કાઢી કુર્આન શરીફની તિલાવત, ફર્ઝ નમાઝો, રોઝાઓ તથા વિર્દ વઝાઈફને છોડી દે છે અને ફિલ્મો, સિરિયલો જોવા પાછળ તથા આમ તેમની બેકાર વાતોમાં સમય પસાર કરી દે છે. તેઓને ખબર સુદ્ધાં નથી રહેતી કે બિભત્સ વાતો, જૂઠ, તથા બેકાર વાતોની અસર ન માત્ર તેમની ઉપર પડે છે બલ્કે ગર્ભમાં વિકાસ પામી રહેલ કુમળુ બાળક પણ તેના દુષિત પ્રભાવોથી મેહફૂઝ નથી રહેતું. ટી.વી. વગેરે જોવાથી તેની ઈલેક્ટ્રોનિક લહેરો આવા શીશુઓના દિમાગ ઉપર પણ અસર કરે છે.

બાળક જ્યારે આંખ ખોલે છે ત્યારે ચારે તરફથી તેના ઉપર પ્યાર તથા મહોબ્બતની વર્ષા થાય છે. તે પોતાના ઘરવાળાઓની એક એક પ્રવૃત્તિને જુએ છે અને તેના ઉપર અમલ કરવાની કોશિશ પણ કરે છે. હજુ તો સમજશક્તિએ તેના દિમાગને ટકોરા પણ નથી માર્યા અને તેની મા તેને ખોળામાં લઈને ટી.વી. પર ફિલ્મો નિહાળે છે. જ્યારે બાળક રડે તો તેને સારી, મીઠી તથા સત્ય વાતો વડે ચૂપ કરવાની જગ્યાએ ટી.વી પર કાર્ટુન વગેરે લગાડી દે છે. જેથી બાળક તેને જોવામાં મગ્ન થઈને તેને પરેશાન ન કરે. જ્યારે કે તે સમયની જરાક પણ લાપરવાહી તેના ભવિષ્યને અંધાર્યા ખૂણામાં ધકેલી શકે છે.

હુઝૂર ગૌષે આ'ઝમ رضی اللہ عنہ જ્યારે માના પેટમાં હતા તો આપનાં માતા કુર્આન મજીદની તિલાવત કરતાં રહેતાં હતાં. લગભગ ૧૭ સિપારા સુધી પહોંચ્યાં હશે ને હુઝૂર ગૌષે આ'ઝમ رضی اللہ عنہની વિલાદત થઈ. આપના વિશે ઓલમાએ કિરામ ફર્માવે છે કે આપ ૧૭ સિપારાના હાફેઝ જન્મથી જ હતા ! હું દાવો તો નથી કરી શકતો કે મા જો તિલાવતે કુર્આન કરશે તો બાળકો હાફિઝે કુર્આન પેદા થશે પરંતુ એટલુ જરૂર કહી શકાય કે સારી અસરો બાળકના દિમાગ પર જરૂર પડશે. એટલા માટે **માઓ (ગર્ભ) હમલ દરમ્યાન જે રીતે ભારે મહેનતવાળુ કામ કરવાથી પરહેઝ કરે છે એ જ રીતે બુરા અમલો તથા બુરી વાતો કરવાથી પણ પરહેઝ કરે અને નેક કામ તથા સારી વાતો કરે જેથી નેક તથા ખુશનસીબ ઔલાદ જન્મ પામે.**

**ઘરનો માહોલ :** બાળક સૌથી પહેલાં પોતાના માતાપિતાની પ્રવૃત્તિને ખૂબ ધ્યાનથી નિહાળે છે તથા

તેનો પ્રેક્ટિકલ પણ કરે છે. જ્યારે મા નમાઝ પઢયા પછી દુઆ માગે છે તો બાળક તેની પાસે બેસીને બંને હાથોને દુઆ માટે ઉપર ઉઠાવે છે. પોતાની માના ચહેરા તરફ જુએ છે, તેના હોઠ હલે છે તો બાળક પણ પોતાના હોઠ હલાવે છે. મા જ્યારે દુઆ કર્યા પછી પોતાના હાથો ચહેરા પર ફેરવે છે તો બાળક પણ પોતાના હાથો ચહેરા પર ફેરવે છે. ક્યારેક માની સાથે રુકૂઅ, સજદા વગેરે કરે છે.

ત્યારબાદ ઘરના અન્ય સભ્યોનો વર્તાવ, તેમની વિચારસરણી, રહન સહન, ઉતાર ચઢાવ, આઝાદ ખયાલી, દીની બંધન તથા અન્ય પ્રવૃત્તિઓથી પણ પ્રભાવિત થાય છે અને તેની નકલ કરે છે. ઘરનો માહોલ જો આઝાદ હોય તો તેનું પણ દિમાગ દીની બંધનોથી એક રીતે સ્વતંત્ર રહેવા લાગે છે. કોઈક ઘરમાં વારંવાર ઝઘડા થતા હોય તો આવા માહોલનો પ્રભાવ બાળકના કોરા દિમાગ પર પડે છે અને તે પણ વાત વાતમાં એકબીજા સાથે ઝઘડવા લાગે છે. એ જ પ્રમાણે જો ઘરવાળાઓ તેને કેદ કરી રાખે તો તે બાળક આ કૈદની નેગેટિવ અસર પકડે છે. પરિણામે તે પોતાના ખૈરખ્વાહ (શુભેચ્છક)ને પોતાનો દુશ્મન સમજવા લાગે છે, તે ઉલ્ટુ વિચારવા લાગે છે, ઘરવાળાઓથી દૂરી રાખવા માંડે છે અને કોશિશ કરે છે કે તે વધુ પડતો ઘરની બહાર જ રહે છે.

જો ઘરનો માહોલ બિલ્કુલ આઝાદ હોય તો બાળક આઝાદીના વહેણમાં વહીને દીની મર્યાદાઓને ઓળંગી જાય છે અને કૈદના માહોલમાં તે વાતોની ગૃપ્ત ક્ષમતાઓને ઉત્તેજીત તથા તીવ્ર બનાવવાના બદલે તેને ભૂલાવી આપે છે.

**સાથીઓની સોહબત** : બાળક જ્યારે ચાર પાંચ વરસનું થાય છે ત્યારે તે વધુ સમય ખેલકૂદમાં ગુજારે છે. પોતાના સાથીઓ સાથે રમવામાં તેને ખૂબ મજા પડે છે. કેટલાક સાથીઓ તેની જ ઉંમરના હોય અને અમુક મોટા અમુક તેનાથી નાના હોય છે. જે સાથી તેનાથી વધુ નજીક હોય છે તેની આદતો બાળકમાં પેદા થતી જાય છે. જો સાથી સારા વર્તન તથા સારી સમજશક્તિવાળો હોય તો બાળક પણ એવી રમતો રમે જે તેના કેરેકટરની કેળવણીમાં મદદરૂપ થાય છે. દિમાગ વિકસાવતી રમતો રમીને તે પોતાની ક્ષમતાઓને ઉત્તેજીત કરે છે. અલ્લાહ ન કરે જો તેનો સાથી દિમાગી ડિપ્રેશનનો શિકાર હોય અથવા તેની આદતો ખરાબ હોય અથવા તે નકારાત્મક વિચારશૈલી ધરાવતો હોય તો બાળક ઉપર પણ તેની અસરો રંગ દેખાડશે અને તે પણ દિમાગી ડિપ્રેશનનો શિકાર થશે અને કૂટેવો અપનાવશે.

એટલા માટે આ ઉંમરમાં પણ મા બાપે બાળકને બિલ્કુલ પાબંદ ન કરી દેવો જોઈએ કે તે બીજા બાળકો સાથે ન રમે અને બિલ્કુલ આઝાદ પણ ન છોડી દેવા જોઈએ કે જેથી તે બુરા સાથીઓની સોહબતથી પ્રભાવિત થઈ ગલત માર્ગે જાય.

**સ્કૂલના કાર્યક્રમો** : જ્યારે બાળકની ઉંમર સ્કૂલ જવાની થાય છે તો મા બાપ સ્કૂલમાં તેનું નામ દાખલ કરે છે. તે સ્કૂલ આવવા જવા લાગે છે. પહેલાં તો માત્ર ઘર તથા મહોલ્લાના માહોલમાં તેની જિંદગી ગુજરતી હતી પણ હવે તે એક નવા માહોલથી પરિચિત થાય છે. આમ તેની જિંદગી અલગ અલગ માહોલમાં પસાર થવા લાગે છે અને દરેક માહોલ તેને પ્રભાવિત કરે છે.

સ્કૂલોમાં દરેક પ્રકારના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. આ કાર્યક્રમોમાં બાળકો પોતાની કળા–આર્ટ પ્રદર્શન કરે છે અને સારી અદાકારીના પરિણામે તેમને ઈનામ આપવામાં આવે છે. જેનાથી તેમને પ્રોત્સાહન મળે છે. ક્યારેક અભ્યાસમાં સારા નંબરો પ્રાપ્ત કરવાના કારણે ઈનામ આપવામાં આવે છે અને ક્યારેક સારુ ગીત ગાવા તથા ફિલ્મી એક્ટરોની સારી નકલ કરવાના બદલામાં ઈનામ આપવામાં આવે છે.

આવા કાર્યક્રમોનું આયોજન યકીનન ફાયદાકારક છે પરંતુ અમુક કાર્યક્રમોમાં તેમને ડાન્સ તથા ફિલ્મી ગીતો ગાવાં પડે છે, અદાકારો તથા એક્ટરોની નકલ

પણ કરવી પડે છે, નાની બાળકીઓ અર્ધનગ્ન લિબાસ પહેરીને બાળકો સાથે ડાન્સ કરે છે અને બાળકો અભિનેતાઓની નકલ કરે છે જેમાં એવી વાતો પણ કહી નાખે છે જેને તે ખૂદ નથી સમજી શકતા. બાળકોનું દિમાગ બિલ્કુલ કોરી સ્લેટ હોય છે, આવા દિમાગોમાં જે વાત પણ નાખવામાં આવશે તે અનમિટ લખાણની જેમ કોતરાઈ જશે. સ્કૂલના આવા પ્રોગ્રામોના કારણે જ બાળકો ફિલ્મી ગીતો, ડાન્સ, બેશર્મી તથા બેહયાઈભરી વાતો ખૂબ આમ કરવાના શોખિન બની જાય છે.

એકવીસમી સદીમાં આવા કાર્યક્રમોનું આયોજન ખૂબ જ થાય છે. જેથી અભ્યાસ દરમિયાન પણ બાળકો ગૈર ઉચિત વિચારસરણીના હુમ્લાઓથી સુરક્ષિત નથી રહી શકતા, બલ્કે આવા હુમ્લાઓમાં એવું આકર્ષણ હોય છે કે વ્યક્તિ તેનો શિકાર થઈને તેનાથી આનંદ તથા મજા પ્રાપ્ત કરે છે.

**મેગેઝિન તથા ન્યુઝ પેપરોની અસર :** મેગેઝિન તથા ન્યુઝ પેપર એવા આધારો છે કે જેના દ્વારા કૌમ તથા જગતમાં ઈન્કેલાબ પેદા કરી શકાય છે. તેના દ્વારા કૌમમાં તથા સમાજમાં સદ્ગુણી વૃક્ષની સિંચાઈ પણ કરી શકાય છે, તેમજ પ્રદૂષિત હવા દ્વારા વાતાવરણને પ્રદૂષિત પણ કરી શકાય છે, બધુ તેના ઉપયોગ પર આધારિત છે.

પહેલાં જે મેગેઝિનોમાં અશ્લીલ તથા અર્ધનગ્ન તસ્વીરો રહેતી હતી તેના ફ્રન્ટ પેજ આવી તસ્વીરોથી ખાલી રહેતાં હતાં, તેનું ખરીદ વેચાણ પણ ગુપ્ત રીતે થતુ હતું. કોઈ જાડા તથા મોટા પુસ્તકની વચમાં રાખીને વેચતા હતા જેથી જાહેર ન થાય કે દુકાનદાર કાળો ધંધો કરે છે !

એકવીસમી સદીના આવવાથી જેવી રીતે ઘણા ફેરફાર થયા છે. તેવી જ રીતે મેગેઝિનો તથા ન્યુઝ પેપરોમાં પણ ઘણી આધુનિક્તા આવી ગઈ છે. જે મેગઝિનો એક સમયમાં રાજકરણ તથા સાહિત્યના નામથી પ્રખ્યાત હતાં હવે તે પણ અશ્લીલ ફોટાઓથી ખાલી નથી હોતાં.

કલમકારો તથા સંવાદદાતાઓ સંપાદકોની સ્થિતિ તો એ થઈ ગઈ છે કે જ્યાં સ્ત્રીઓ ઊભી રહીને ગપ્પાં માળતી હોય તેવી સ્થિતિને ખાસ ડિઝાઈન કરીને ફોટાના રૂપમાં પ્રકાશિત કરે છે. રેપ, અંડરવર્લ્ડ, ફિલ્મી ઈન્ડસ્ટ્રીઝના સમાચારોના વિષયમાં જો તેમને ખબરો મળી જાય તો માત્ર ખબર પ્રસિદ્ધ કરવા પર સબ્ર નથી કરતા બલ્કે તે ફોટાઓ પણ છાપી નાખે છે જે તેમની પાસે રેકોર્ડ માટે હોય છે અને ત્યાર બાદ પોતાની શ્રેષ્ઠ સભ્યતા તથા ઉચ્ચતમ અખ્લાકનું પ્રદર્શન એ રીતે કરે છે કે ખાસ ખાસ જગ્યાઓ પર નિશાન કરી આપે છે જેથી તે જગ્યા ખાસ જોવાનું કેન્દ્ર બની જાય છે.

આવા મેગેઝિનોથી પણ બાળકના દિમાગ પર નેગેટિવ અસરો પડે છે અને ધીરે ધીરે તે આવી તસ્વીરોને જોવાનો રસિયો બની જાય છે.

**દુકાનોની પરિસ્થિતિ :** દુકાનદાર પોતાની દુકાનના આકર્ષણ તથા બિઝનેસમાં વિકાસના હેતુથી ફિલ્મી અદાકારોની બે ઈંચની પોશાકધારી તસ્વીરો દુકાનના બોર્ડ ઉપર લગાડી રાખે છે. બાળપણમાં જ્યારે બાળક માતાપિતા સાથે માર્કેટ જાય તો મોટાભાગે તેની નજર દુકાનોમાં બોર્ડ પર લાગેલી રહે છે, તે બોર્ડ ઉપર લખેલા લખાણને વાંચવાની કોશિશ કરે છે જેથી તેના વાંચવામાં ઝડપ આવે તથા જગ્યા તેમજ દિશાઓનો અંદાઝો કરી શકે. લગભગ બાળકોની સ્થિતિ આ પ્રમાણે જ હોય છે કે જ્યારે બજારમાં જાય તો દુકાનોનાં બોર્ડ પર નજર કરતાં ચાલે છે. અને જ્યારે તેમની નજર બોર્ડની અર્ધનગ્ન તથા અશ્લિલ તસ્વીરો ઉપર પડે છે તો લખાણ કરતાં અધિક આવી તસ્વીરો તેમને પોતાની તરફ આકર્ષિત કરે છે. આવી તસ્વીરો બાળકોના સાફ દિમાગમાં કોતરાઈ જાય છે અને વળી ટી.વી. તો તેમને બાલિગની સમય મર્યાદા પહેલાં તેમને બાલિગ બનાવી આપે છે.

**મોબાઈલની નેગેટિવ અસરો :** આજે મોબાઈલની ગણના જીવન જરૂરિયાતમાં થાય છે.

તેનો ઉપયોગ એટલો આમ થઈ ગયો છે કે જેમને મોબાઈલની બિલ્કુલ જરૂરત નથી હોતી તે પણ તેનો ઉપયોગ કરે છે. કેટલાક તો આધુનિક્તા તથા આઝાદીનાં જુનૂનમાં અથવા ગુડ ઈમ્પ્રેસના હેતુથી પોતાના બાળકને અથવા પોતાની બાળકીને મોબાઈલ અપાવે છે અથવા ગિફટ આપે છે. જ્યારે એકબીજાના ટોપના મોબાઈલ જોઈને અમુક બાળકો પોતાના માબાપથી જીદ કરે છે કે જો તેને મલ્ટીમિડીયા મોબાઈલ નહીં અપાવે તો સ્કૂલ નહીં જાય! મોબાઈલ દિવસે દિવસે સસ્તો પણ થતો જાય છે જેથી મા બાપ સસ્તો મલ્ટીમિડીયા મોબાઈલ ખરીદીને આપે છે. બાળક મોબાઈલ પામી ખુશી ખુશી સ્કૂલ જવા લાગે છે અને થોડાક દિવસો પછી તો સ્કૂલના સમય પહેલાં જ એક બે પુસ્તકો નાખી દફતર ઉઠાવી સ્કૂલ તરફ રવાના થવા લાગે છે. મા બાપ ખુશ થઈ જાય છે કે હવે તેનું મન અભ્યાસમાં લાગી ગયુ છે. તેઓ એકદમ બેપરવા થઈ જાય છે કે બાળક તે મોબાઈલનો ઉપયોગ કયા કામમાં કરે છે. પહેલાં તો માત્ર ગેમ રમ્યા કરે છે અને ત્યારબાદ સાથીઓને જોઈને ફિલ્મી ગાયનો ડાઉનલોડ કરાવે અને સાંભળે છે. પછી કેવળ સાંભળવાથી મન નથી ભરાતુ તો ફિલ્મો જોવાનો સમય પણ આવી જાય છે. ત્યારબાદ તો તમામ મર્યાદાઓ પાર કરી ગંદી (બ્લૂ ફિલ્મો) પણ જોવા લાગે છે! હવે જોયા પછી તેના પર કાર્યરત થઈ જાય છે અને અજનબી તથા અવનવા સાથીઓ તથા ફ્રેન્ડો સાથે વાતચીત તથા મેસેજિંગનો પણ પ્રારંભ થઈ જાય છે અને પછી અમુક મુદ્દત પછી શાદી કરવાની યોજના પણ ઘડી કાઢે છે. પરંતુ બાદમાં અણબનાવ તથા વિખ્વાદના કારણે આખા ઘરની શાંતિ તથા પૂર અમન માહોલને વિખ્વાદ, લડાઈ ઝઘડાની આગ ગારત કરી નાખે છે. જ્યારે બંનેની જિંદગી બરબાદ થઈને રહી જાય છે ત્યારે જઈને માબાપની આંખ ખુલે છે. મા બાપે મોબાઈલ એટલા માટે આપ્યો હતો કે અભ્યાસમાં તેનું મન લાગે પરંતુ તે જ મોબાઈલ આખરે તેની બરબાદી તથા ઘરની શાંતિ રવાના થઈ જવાનું કારણ બને છે.

**સંયુક્ત તા'લીમની અસર :** આમ તો પશ્ચિમી દેશોમાં સંયુક્ત તા'લીમનો રિવાજ ૧૯મી સદીના પ્રારંભમાં થઈ ગયો હતો, ત્યારે પૂર્વિય દેશો આવી વબાથી સુરક્ષિત હતાં. પરંતુ જેમ જેમ પશ્ચિમીઓ દુનિયા પર છવાતા ગયા તેમ તેમ તેમણે દરેક રીતે આખા જગતને પોતાના રંગમાં રંગવાની કોશિશ કરી અને તેઓ સફળ પણ થઈ ગયા. આ જ કારણે આજે ગણતરીની કોલેજો તથા યુનિવર્સિટીને છોડીને લગભગ યુનિવર્સિટીઓમાં સંયુક્ત (છોકરા, છોકરીઓની ભેળસેળવાળી) તા'લીમને સ્થાન આપવામાં આવે છે.

આવી તા'લીમના કારણે વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થીનીઓ પોતાની તા'લીમના સમયથી જ રોમાન્સના પળની તલાશમાં લાગી જાય છે. અમુક તો ખુલ્લમ ખુલ્લા તેની જાહેરાત કરે છે અને અમુક પોતાનો દિલી ઉમંગોને શબ્દોના પોશાક પહેરાવવામાં નાકામ રહે છે, પરંતુ તેના પ્રભાવથી ઘણા એવા વિદ્યાર્થીઓ સુરક્ષિત રહી શકે છે. સ્પષ્ટ છે કે જ્યારે કોઈ તરસ્યાને કૂવા પાસે લાવીને ઊભો કરી દેવામાં આવે તો તે પાણી જરૂરી પીશે, આગને પેટ્રોલની જેટલી નજીક કરી દેવામાં આવશે આગ એટલી જ વધુ ભડકશે.

ઉસ્તાદ અને શાગિર્દ તથા વિદ્યાર્થી અને ગુરૂ દરમ્યાન મા બાપ તથા ઔલાદનો સંબંધ હોય છે, પરંતુ છોકરા છોકરીઓની મિશ્ર શાળા–કોલેજો થકી એજ્યુકેશના પ્રબંધના સુંદર રૂપમાં પશ્ચિમીઓની ખરાબ નિય્યતના કારણે આવો પવિત્ર સંબંધ ઝડપી વેગે ખતમ થઈ રહ્યો છે. ઘણા બનાવો ટીચરોના થકી વિદ્યાર્થીઓની છેડતી તથા બળાત્કારના બનાવો એના માટે સાક્ષી છે.

યુનિવર્સિટીઓના અમુક વિદ્યાર્થીઓને જ્યારે તેમની મોટી ઉંમરના કારણે તેમને શાદી માટે કહેવામાં આવ્યું તો તેઓએ જે જવાબ આપ્યો એ શિક્ષિત લોકોના ચહેરા પર ખાસડુ મારવાથી કમ નથી. તેમનો જવાબ હતો, જ્યારે જરૂરત સાઈડથી પૂરી

થઈ જાય છે તો શાદીના બંધનમાં અત્યારના જોડાઈને શાથી કૈદી બની જઈએ ?!

આ છે છોકરા છોકરીઓના સંયુક્ત ભેળસેળ એજ્યુકેશનનું પરિણામ ! એજ્યુકેશનના આ વૃક્ષે "એલ્વા" (એક અત્યંત કડવુ ફળ) ઉગાવ્યું છે જેને જિંદગીનો તલબગાર માનવી ક્યારે પણ ન ખાઈ શકે.

આ જ તા'લીમ (મિશ્ર શિક્ષણ)ના કારણે નવી પેઢી એ માન્યતાની આદી થઈ ગઈ છે કે ગેર મેહરમ (અજનબી) સાથે ગપસપ કરવી, ફ્રેન્ડશિપ કરવી તથા મર્યાદાથી વધીને નિઃસંકોચ હળવુ મળવુ, એકાંતમાં રહેવું એ કોઈ ગુનોહ નથી !

**ડાન્સ કલબોની માયાજાળ :** એકવીસમી સદીના આગમન સાથે જ ડાન્સ કલબોનું તોફાન નવી પેઢીને પોતાના અંદર ડૂબાડતુ જાય છે.

બાપની સામે બેટી, ભાઈની સામે બહેન ઉપર જો કોઈ બુરી નજર નાખે અથવા છેડતી કરે તો કોઈપણ સાચો ગૈરતમંદ બાપ તથા ભાઈ તેને બિલ્કુલ સહન નથી કરી શકતો, પરંતુ એકવીસમી સદીનું આ તોફાન તમામ અખ્લાકી મર્યાદાઓ નાબૂદ કરતું જઈ રહ્યું છે. **આ સદીમાં સભ્યતા તથા સંસ્કૃતિની વ્યાખ્યા એ થઈ ગઈ છે કે બેટી તથા બેહન પર ગૈરમર્દ માત્ર બુરી નજર જ નથી નાખતા બલ્કે ખૂદ તે બીજાઓ સાથે ડાન્સ કરે છે અને તેમાં એવી હરકતો પણ કરતી હોય છે કે એક સુસભ્ય તથા સુસંસ્કૃત માનવી લોકોની સામે પોતાની પત્ની સાથે પણ આવી હરકતો કરવાથી શર્મ કરે !** પછી બાપ તથા ભાઈ આવા અશ્લિલ દશ્યોને ઘણી દિલચસ્પીની સાથે માત્ર નિહારતા જ નથી બલ્કે ગર્વની સાથે મિડિયાવાળાઓને ઈન્ટરવ્યું પણ લેવાની અનુમતિ આપે છે.

આવી ડાન્સ કલબોમાં માત્ર ઉંમરવાળા લોકો જ નથી જતા બલ્કે પોતાના નાના બાળકોને પણ સાથે લઈને જાય છે કે જેમની દિમાગી શક્તિ આવી વાતોને વિચારવાની પણ ક્ષમતા નથી ધરાવતી તો પણ તે બાળકોને વિચારવુ પડે છે. તમામ દશ્યો તેમના દિમાગના સફેદ કાગળ ઉપર કાળી સહીની જેમ છપાઈ જાય છે. પરિણામે આ બાળક સમજશક્તિ આવતા પહેલાં જ નાની બાળાઓમાં દિલચસ્પી તથા રસ લેવા માંડે છે !

આ રીતે એકવીસમી સદીમાં ઘરથી લઈને બહાર સુધી તેમજ બાળપણથી લઈને વૃદ્ધાવસ્થા સુધી માનવી દુષિત દષ્ટિકોણ તથા વિચારશૈલીના હુમ્લાઓથી ઘેરાઈ રહે છે. અને આશ્ચર્યની વાત તો એ છે કે આવા હુમ્લાઓનો શિકાર થઈને પણ ખુશ છે ! પરંતુ એ નથી દેખાતું કે આ હુમ્લાઓએ તેને કેટલુ નુકસાન પહોંચાડયું છે.

આજે આવા પ્રદૂષિત માહોલથી કઈ રીતે નીકળી શકાય ?! આવા હુમ્લાઓથી કઈ રીતે સુરક્ષિત રહી શકાય ?! આપણી આવનાર પેઢીને કઈ રીતે પવિત્ર તથા શુદ્ધ માહોલમાં રાખી શકાય ? **આ બધા આધુનિક યુગની મોટી ચેલેંજો છે અને તેનો ઉપાય તથા ઈલાજ માત્ર અને માત્ર "ઈસ્લામ" છે.** જે ખુદાએ સંસાર વસાવ્યો, મનુષ્યોને પેદા કર્યા તેના કુદરતી નિયમમાં આજ સુધી કોઈ ફેરફાર નથી થયો અને કોઈ કરી પણ નહીં શકે. તો શું તેના નિયમ તથા બંધારણમાં જ માનવીની ભલાઈના ભેદો છુપાયેલા નહીં હોય ?! જરૂર હશે ! પરંતુ નિહાળી શકે તેવી બુદ્ધિ તથા અક્કલની જરૂરત છે તથા દર્દમંદ દિલની જરૂરત છે, માલિક તથા મૌલાની શુક્રગુઝારી પર યકીન ધરાવનાર ઝમીર (અંતર)ની જરૂરત છે. એહસાન કરનારની નાશુક્રીનું પરિણામ હંમેશ બુરુ જ હોય છે. જેમ કે આજે આપણે જોઈએ છીએ કે ઈન્સાન જે અશ્રફુલ મખ્લૂકાતનું પદ ધરાવે છે તે આજે તબાહીના દ્વાર સુધી પહોંચી ગયો છે અને પોતાના પરિણામથી બેખબર થઈને જિંદગી વિતાવે છે. હજી સમય છે, હજુ પણ કોઈ સંભલવા ચાહે તો સંભલી શકે છે, નહીં તો તબાહી તથા બરબાદીઓ તો પોતાનુ મોઢું ખોલીને ઊભી જ છે અને આપણે તેનો કોળિયો બનવા માટે તૈયાર છીએ !

*–(હવાલો : અશ્રફિયા ઉર્દૂ મંથલી, ડિસેમ્બર–૨૦૧૧)*

:: એક મહાજૂઠનો પર્દાફાશ ! ::

# દેવબંદીઓના પેશવા સ્વાતંત્ર્યસેનાની હતા કે અંગ્રેજોના એજન્ટ?!

કાર્યાલય

કોઈ બુઝુર્ગે શું સરસ કહ્યું છે : "જ્યારે કોઈને કોઈનાથી અદાવત તથા નફરત થઈ જાય છે તો તેનો કમાલ પણ તેને અયબ દેખાય છે, અને જ્યારે કોઈને કોઈનાથી અક઼ીદત તથા મહોબ્બત હોય છે તો તેની અયબ પણ તેને કમાલ નજરે આવે છે." આ કથન તદ્દન વાસ્તવિક્તા પર આધારિત છે, અને યહૂદી જેવા દુર્ગુણ ધરાવતા વહાબી, દેવબંદીઓની ઉપર તદ્દન ૧૦૦% ફીટ થાય છે. કેમ કે આ વહાબીઓ તથા દેવબંદીઓને મુજદ્દિદે દીનો મિલ્લત ઈમામ અહલે સુન્નત સૈયદી સરકાર આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃاللہ علیہની હસ્તીથી નફરત તથા અદાવત અને કીનો તથા હસદ છે, જેથી હજારો ખૂબીઓની માલિક આ અજોડ હસ્તીને આજ સુધી આ કુબુદ્ધિવાળા, કમઅક઼્લ, સંકૂચિત દષ્ટિવાળા બ્રિટિશ ગવર્નમેન્ટના એજન્ટ અને બિદઅતોના સર્જક જેવા બુરા લક઼બોથી સંબોધે છે.

એથી ઉલ્ટુ તેમને પોતાના પેશવાઓથી અક઼ીદત તથા મહોબ્બત છે જેઓની ગુમરાહકર્તા કિતાબોનાં લખાણો આજ સુધી મુસ્લિમ ઉમ્મત વચ્ચે મતભેદો તથા વિખવાદનો સબબ બનેલી છે અને અંબિયા તથા અવલિયાની મહાનતા પર ઘા કરી રહ્યાં છે, તેમ છતાં તેમના ગુસ્તાખીપૂર્ણ તથા ગુમરાહકર્તા લખાણોને કુર્આન હદીષ મુજબનાં ઠરાવતાં નથી શરમાતા ! આજ સુધી તેમને હકીમુલ ઉમ્મત, આલિમે રબ્બાની, ક઼ાસિમુલ ઉલૂમ વલ ખયરાત, મુજાહિદે આઝાદી, ઈમામુલ મુનાઝિરીન, હુજ્જતુલ ફિલ્અર્દ઼ના માનપાત્ર તથા મુકર્રમ લક઼બો વડે નવાઝીને ઈતિહાસનો ચહેરો વિકૃત કરી રહ્યા છે અને પબ્લિકની આંખોમાં ધૂળ ઝોંકી રહ્યા છે.

### ★ દારુલ ઉલૂમ દેવબંદના મોહતમિમનું મહાજૂઠ ! ★

તેનું અતિ તાજુ દષ્ટાંત વર્તમાન મોહતમિમ દારુલ ઉલૂમ દેવબંદ મુફતી અબુલ ક઼ાસિમનું આ બયાન છે કે, "ઈતિહાસનું એ ઉઘાડુ પ્રકરણ છે કે દારુલ ઉલૂમ દેવબંદના મોટેરાઓ જો છાતી તાણીને અંગ્રેજ હાકિમોની વિરુદ્ધ મેદાનમાં ન ઉતરતા તો હિંદુસ્તાનને આઝાદી નસીબ થવી અશક્ય હતી." *(રાષ્ટ્રીય સહારા, ગોરખપુર, ૧૯–ઓક્ટોબર બુધવાર, હિ.સ. ૨૦૧૧, પેજ : ૮)*

"આ દેશમાં અંગ્રેજોના થકી ઈસ્લામને દફન કરવાનો જે ક્રમ શરૂ થયો હતો એના પર અંકુશ લગાડવાનુ કામ મૌલાના ક઼ાસિમ નાનોત્વીએ કર્યું હતું." *(રાષ્ટ્રીય સહારા, ગોરખપુર, જુમ્આ, ૨૧ ઓક્ટોબર ઈ.સ. ૨૦૧૧, પેજ : ૮)*

શું ખરેખર દેવબંદીના પેશવાઓએ અંગ્રેજ ગવર્નમેન્ટની વિરુદ્ધ છાતી તાણીને મેદાનમાં આવ્યા હતા ? શું ખરેખર દેવબંદી પેશવાઓએ બ્રિટિશ ગવર્નમેન્ટ વિરુદ્ધ જેહાદનો ઝંડો બુલંદ કર્યો હતો ? અને જેહાદનો ફત્વો આપ્યો હતો ? નહીં ! હરગિઝ નહીં ! જો તમે પૂર્વગ્રહના ચશ્મા ઉતરીને ઈન્સાફની નજરે દેવબંદના રાજનૈતિક ઈતિહાસનો અભ્યાસ કરશો તો એ વાંધો ઉઠાવવા મજબૂર બનશો કે દારુલ ઉલૂમ દેવબંદના મોહતમિમ્ અબુલ ક઼ાસિમનું આ બયાન દેવબંદી પેશવાઓના કથનો તથા અમલોથી તદ્દન ઉલ્ટુ અને દેવબંદીઓના પેશવાઓ પર ઘણો ગલત સખત આક્ષેપ છે !

### ★ દેવબંદી પેશવાની અંગ્રેજ મહોબ્બતના પુરાવા ★

વહાબીઓના ઈમામ મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી જેમની ગણના દેવબંદી મોટેરાઓની પ્રથમ સફમાં થાય છે અને જેમનું કથન દેવબંદી આલિમો નજીક આખરી મોહર ગણવામાં આવે છે. આં જનાબને કોઈકે અંગ્રેજો સાથે જેહાદ કરવાના સંબંધે ફત્વો પૂછયો તો તેમણે શું જવાબ આપ્યો તેને ઘણા જ ધ્યાનપૂર્વક સવાલ જવાબની સાથે નીચેના લખાણમાં વાંચો :–

"એ પણ સહીહ રિવાયત છે કે કલકત્તાના રોકાણ દરમ્યાન જયારે એક દિવસે મૌલાના મુહમ્મદ **ઈસ્માઈલ દહેલ્વી** વઅઝ કરી રહ્યા હતા. એક શખ્સે મૌલાનાને એવો ફત્વો પૂછયો કે અંગ્રેજ ગવર્નમેન્ટ સાથે જેહાદ કરવો દુરુસ્ત છે કે નહીં ?" એના જવાબમાં મૌલાનાએ જણાવ્યું, **આવી નિષ્પક્ષ અને પૂર્વગ્રહ વિનાની (અંગ્રેજ) ગવર્નમેન્ટ પર કોઈપણ રીતે જેહાદ દુરુસ્ત નથી."** *(સવાનેહે અહમદી, પેજ : ૫૭)*

અંગ્રેજોની તરફદારી તથા હમદર્દીથી છલકાતો આં જનાબનો એક અન્ય ફત્વો પણ જોઈ લો :–

**"બલ્કે જો આ (બ્રિટિશ ગવર્નમેન્ટ) પર કોઈ હુમલો કરી બેસે તો મુસલમાનો પર ફર્ઝ છે કે તેઓ એની સાથે લડે અને આપણી બ્રિટિશ ગવર્નમેન્ટ પર આંચ આવવા ન દે."** *(હયાતે તયબહ, પેજ : ૨૯૧, મત્બઅ ફારૂકી)*

દેવબંદીઓના માન્યવર ઈમામ તથા પેશવા મોલ્વી રશીદ અહમદ ગંગોહીની ગણના પણ દેવબંદીઓના અગ્રગણ્યોની સફમાં થાય છે. તેમની જીભેથી આપોઆપ "હક્ક઼" જ નીકળે છે એવું **દેવબંદીઓનું ઈમાન** છે ! જેમ કે તેમની કિતાબોમાં છે કે :–

"સાંભળી લો ! હક્ક઼ તે જ છે જે રશીદ અહમદની જીભેથી નીકળે છે, અને હું ક઼સમપૂર્વક કહું છું કે હું કાઈ નથી પણ આ જમાનામાં હિદાયત અને નજાત અવલંબિત છે મારી ઈત્તેબાઅ (અનુસરણ) પર." *(તઝકેરતુર્રશીદ, ભાગ : ૨, પેજ : ૧૭)*

આ જ જનાબ ગંગોહી પર કોઈએ અંગ્રેજ ગવર્નમેન્ટ વિરુદ્ધ જેહાદનો ઝંડો બુલંદ કરવાનો આક્ષેપ કર્યો, જેમ કે તઝકેરતુર્રશીદમાં છે :–

"ઈ.સ. ૧૮૫૭નો પ્રારંભ એવું વરસ હતું જેમાં હઝરત ઈમામે રબ્બાની (મોલ્વી રશીદ અહમદ ગંગોહી) પર પોતાની (અંગ્રેજ) ગવર્નમેન્ટથી બાગી થવાનો આક્ષેપ લગાડવામાં આવ્યો અને ફસાદીઓ (બાગીઓ)માં સામેલ થવાનો આક્ષેપ લગાડવામાં આવ્યો." *(તઝકેરતુર્રશીદ, ૧/૭૩)*

રશીદ અહમદ ગંગોહીએ પોતાના ઉપર લગાડવામાં આવેલા આક્ષેપને રદીયો કેવી રીતે આપ્યો એને "તઝકેરતુર્રશીદ"ની રોશનીમાં જોઈ લો !

"અને (મોલ્વી રશીદ અહમદ ગંગોહી) આઘાત પામી ચૂક્યા હતા કે **હું જ્યારે હક઼ીક઼તમાં (અંગ્રેજ) ગવર્નમેન્ટનો આજ્ઞાંકિત છું તો જૂઠા આક્ષેપથી મારો વાળ પણ વાંકો વળશે નહીં** અને જો માર્યો પણ જઈશ તો **સરકાર (અંગ્રેજ) માલિક છે, એને ઈખ્તિયાર છે, જેવું ચાહે કરે !"** *(તઝકેરતુર્રશીદ, ૧/૮૦)*

ઉપરોક્ત શબ્દોને ધ્યાનમાં રાખીને (અંગ્રેજ સરકાર માલિક છે, એને ઈખ્તિયાર છે જેવું ચાહે કરે !) "તક઼વિયતુલ ઈમાન"નું આ લખાણ વાંચો :–

"અને જેનું નામ મુહમ્મદ અથવા અલી છે તે કોઈ ચીજના મુખ્તાર નથી." *(તક઼વિયતુલ ઈમાન, પેજ : ૭૦, પ્રકાશક : દારુસ્સલફિયા, મુંબઈ)*

સાથોસાથ એક અન્ય હવાલો પણ જોઈ લો :–

"જેમ કે આપ હઝરત (મોલ્વી રશીદ અહમદ તથા ક઼ાસિમ નાનોત્વી) પોતાની મહેરબાન (અંગ્રેજ) સરકારના દિલી શુભેચ્છક હતા, જીવનભર શુભેચ્છક જ રહ્યા." *(તઝકેરતુર્રશીદ, ૧/૭૯)*

આ લખાણો તો રશીદ અહમદ તથા ક઼ાસિમ નાનોત્વીના સંબંધે હતાં જે ઘણા જ સ્પષ્ટપણે તેમની

અંગ્રેજ વફાદારીનું એલાન કરી રહેલ છે.

હવે જરા દેવબંદીઓના હકીમુલ ઉમ્મત મોલ્વી અશરફઅલી થાનવીની પણ અંગ્રેજ હમદર્દી ખૂદ તેમની જ જીભ વડે સાંભળો :–

''એક શખ્સે મને (થાન્વીને) પૂછયું હતું કે જો તમારી હુકૂમત થઈ જાય તો અંગ્રેજોની સાથે શું વર્તાવ કરશો ? મેં કહ્યું, મહકૂમ (સત્તાઆધિન) કરીને રાખીશ, કેમ કે જ્યારે ખુદાએ હુકૂમત આપી તો સત્તા હેઠળ કરીને જ રાખીશું, પણ સાથોસાથ **તેમને (અંગ્રેજોને) ખૂબ જ રાહત તથા આરામથી રાખવામાં આવશે, એટલા માટે કે તેમણે (અંગ્રેજોએ) અમને આરામ પહોંચાડયો છે.''**
*(અલ્ ઈઝાફતુલ યૌમિયહ્, ભાગ : ૪, પેજ : ૬૯૭, મલ્ફૂઝ નં. ૧૧૩૬)*

ઈસ્માઈલ દહેલ્વીનો ઉપરોક્ત ફત્વો તથા રશીદ અહમદ ગંગોહીની પુરખુલૂસ સફાઈ તથા અશરફઅલીનું હમદર્દીથી ભર્યું આ કથન કોઈ માને કે ન માને પણ તેમના અકીદતમંદો તથા અનુયાયીઓએ તો જરૂર માનવુ જોઈએ. પણ આશ્ચર્ય ઉપજે છે મોહતમિમ્ દારુલ ઉલૂમ દેવબંદ પર કે તેમને પોતાના પેશવા પર આક્ષેપ કરતાં અને પોતાના પેશવાઓની વિરુદ્ધ વર્ણન આપતાં શરમ ન આવી !

ઈતિહાસમાં આવી દીવાનગીમય હિંમતનું દષ્ટાંત મુશ્કેલીથી મળી શકશે કે કોઈ ફિર્કાના માણસે પોતાના પેશવાઓ પર આટલો ગંભીર આક્ષેપ લગાડયો હોય. ખબર નહીં મુફતી અબુલ કાસિમે કઈ મસ્લેહત હેઠળ પોતાના પેશવાઓ પર આ આક્ષેપ લગાડયો કે પછી પોતાના પેશવાઓના ઈતિહાસથી જ પોતે નાવાકેફ છે ?!

એવું લાગે છે કે મુફતી અબુલ કાસિમે હિટલરના જમણા હાથ ગોબલ્ઝનું આ કથન વાંચી લીધુ છે કે, ''જૂઠ એટલુ બોલો કે એના પર સત્યનું ગુમાન થવા લાગે.'' એ જ કથનના પ્રમાણે આજે પચાસ વરસોથી દેવબંદી બિરાદરી પોતાના પેશવાઓને જબરદસ્તી જૂઠ બોલીને મુજાહિદે આઝાદી સાબિત કરવાના માટે એડી ચોટીનું જોર લગાડી રહેલ છે.

મુફતી અબુલ કાસિમ ! આપે વર્ણન આપતાં એ પણ ન વિચાર્યું કે આટલા મોટા જૂઠ પર છેવટે પર્દો ક્યાં સુધી પડેલો રહેશે અને જ્યારે શંકાકુશંકાનો અંધકાર દૂર થશે તો લઅનત તથા ફિટકારના કેટલા ખાસડાં પડશે.

હકીકત એ છે કે દેવબંદીઓ વહાબીઓની નજીક જૂઠુ બોલવું કોઈ અયબ જ નથી એટલા માટે કે જ્યારે કે તેમનો ખુદા જૂઠુ બોલી શકે છે તો પછી એઓ બોલે તો શું આશ્ચર્ય ?!

**ન તુમ સદમેં હમેં દેતે, ન હમ ફર્યાદ યૂં કરતે**
**ન ખુલતે રાઝ સરબસ્તા, ન યૂં રુસ્વાઈયાં હોતીં**

*(હવાલો : માહનામા પયામે હરમ, જમ્દાશાહી, ફેબ્રુઆરી–૨૦૧૨)*

## ★ થામમાં હુઝૂર તાજુશ્શરીઅહ્નું આગમન ★

**થામ** : (જિ. ભરૂચ) તા. ૧૦–૨–૨૦૧૨ જુમ્આના રોજ ગામની નવી બનેલી મસ્જિદ ''મસ્જિદે ગુંબદે ખિઝરા''નો ઈફતેતાહી જશન શાનો શૌકત સાથે કરવામાં આવ્યો. જેમાં સુન્ની જગતની મહાન હસ્તી હુઝૂર તાજુશ્શરીઅહ મુફતી અખ્તર રઝાખાં અઝહરી مدظلہ العالی તશરીફ લાવ્યા હતા. દૂર દૂરથી હઝરતના ચાહકો, અકીદતમંદો પરવાનાવાર તૂટી પડયા હતા. હજારોની સંખ્યામાં મેદની જમા થઈ ગઈ હતી. ઘણા ઈંતેઝાર પછી ચારેક વાગ્યે હઝરતની તશરીફ આવરી થઈ તો નારાઓથી વાતાવરણ ગુંજી ઉઠયું હતું. હઝરતના સાહબઝાદા હઝરત અસ્જદ રઝા સાહબે જુમ્આની નમાઝ અદા કરાવી હતી અને છેવટમાં નમાઝ બાદ પ્રોગ્રામના અંતે હઝરતે દુઆ ગુઝારી હતી. ઘણા ઉલમા, સાદાતે કિરામે હાજરી આપી હતી. મસ્જિદમાં સેંકડો લોકો હઝરતથી મુરીદ પણ થયા હતા. ત્યારબાદ હુઝૂર તાજુશ્શરીઅહ્ અસરબાદ દારુલ ઉલૂમ મોઈનુલ ઈસ્લામ ખાતે તશરીફ લઈ ગયા જ્યાં પુષ્કળ અવામ મુરીદ થવા તથા હઝરતના દીદાર માટે બેતાબ હતી પણ પુષ્કળ ભીડના કારણે હઝરતે ગાડીમાં બેઠા રહીને જ લોકોને મુરીદ કર્યા અને રવાના થયા હતા.

## દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ ખાતે

### ન્યાઝ–સદક઼ાથી સહાયકર્તાઓની યાદી

| | | |
|---|---|---|
| તસ્લીમા યૂનુસ પટેલ | ૧ બકરો (સદક઼ો) | કોલવણા |
| અલ્વીભાઈ સમીર | ૧ બકરો | વાગરા |
| હાજી અબ્દુલ્લાહ બૂમ | બકરાનું મટન (સદક઼ો) | ભરૂચ |
| હાજી ઈબ્રાહીમ હવેલીવાલા | ૧ બકરો (સદક઼ો) | દયાદરા |
| જાબીર પઠાણ (M.B.C. બ્રીક્સ) | ૧ મોટું જાનવર | જંબુસર |
| નાસીર હુસૈન મુનીર અલી રાણા | ૧ બકરો (સદક઼ો) | આમોદ |
| સિરાજભાઈ લુહાર | ૧ બકરો | આમોદ |
| હાજી શબ્બીર ઉસ્માન ખલીફા | ૧ બકરો (સદક઼ો) | આમોદ |
| મઝહર હુસૈન (યુ.કે.) | ૧ બકરો | કુરચણ |
| ઝૈનબબેન | ૧ બકરો | બ્લેકર્બન |
| હાજી દાઊદમૂસા બાજીભાઈ | ૧ બકરો | દયાદરા |
| જાબીર ખાનસાબ | એક મોટુ જાનવર | જંબુસર |
| કલીમભાઈ ઈંડાવાલા | ૧ બકરો (સદક઼ો) | યુ.પી. |
| સરદારસિંહ ફતેસિંહ રાણા | ૧ બકરો | આમોદ |
| મો. અમીર રફીકભાઈ રાણા | ૧ બકરો (સદક઼ો) | નાપા |
| ફીરોઝ ઈસ્માઈલ માસ્તર હવેલીવાલા | ૧ બકરો | દયાદરા |
| ઈલ્યાસ લાકડાવાલા | ૧ બકરો | દયાદરા |
| હાજી અબ્દુલ અઝીઝ મેમણ ધનાની | ૧૦ કિલો બકરાનું મટન | વડોદરા |
| હાજી અબ્દુલ અઝીઝ મેમણ ધનાની | ૮ કિલો બકરાનું મટન | વડોદરા |
| મેહરૂન્નિસા એ. મલેક | ૧ બકરો (સદક઼ો) | આમોદ |
| હાજી અબ્દુલ અઝીઝ ધનાની | એક ટાઈમ મટન | વડોદરા |
| આસિફ મુહમ્મદ સરપંચ | ૧૦ કિવન્ટલ ઘંઉ | ખોજબલ |
| મેહમૂદા ઈબ્રાહીમ ગરાસીયા | ૨૦ કિલો ઘંઉં | રનાડા |
| અબ્દુલભાઈ ઘંટીવાલા | ૫ કિલો લોટ | આમોદ |
| ઈસ્માઈલ છતભાભાઈ | ૫૦ કિલો ઘંઉ | રનાડા |
| હાજી કાલુભાઈ અલ્લારખા | ૨૭૫ કિલો ઘંઉ | આમોદ |
| એક મુસ્લિમભાઈ | ૧૦ કિલો ઘંઉ | કોલવણા |
| સઈદભાઈ શાકભાજીવાલા | ૧–ડુંગળીની બાચકી | જંબુસર |
| હાજી મુશ્તાક અકુજી | રૂા. ૧૫,૦૦૦ (કિતાબો માટે) | દયાદરા |
| હાજી ઉષ્માન ગની | ૫૦૦ (ગેસ માટે) | કુરચણ |
| અલીભાઈ સગીર | ૧ જોડી કપડા (સર્વ તલબા માટે) | વરેડીયા |
| મર્હૂમ અબ્દુલભાઈ ઈસપજી ખત્રીના સવાબ અર્થે | ૨૫ કિલો ચા | ઉમલ્લા |

### બરકાતે ખ્વાજાની ટપાલ... ---> ---> ---> કાર્યાલય

### ★ શાદી મુબારક ★

**દયાદરા** : મુક઼ામે તા. ૪–૧–૨૦૧૨ બુધવારના રોજ જનાબ નસીર મુહમ્મદ શેઠના નેક ફરઝંદ હાફિઝ શોએબની શાદી મુબારક દયાદરાના મર્હૂમ મુહમ્મદ વલી નમાઝીની નેક દુખ્તર શાહીના સાથે રાખવામાં આવી. મુબારકબાદ ! *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**દયાદરા** : મુક઼ામે જનાબ ઝાકિર મુહમ્મદ શેઠની નેક દુખ્તર ખૈરુન્નિસાની શાદી તા. ૪–૨–૨૦૧૨ના રોજ મુહમ્મદભાઈ ઈબ્રાહીમ વેન્ડાવાળા (ઝંઘાર)ના નેક ફરઝંદ મોહસિન સાથે રાખવામાં આવી. મુબારકબાદ ! *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**દયાદરા** : જનાબ ઈબ્રાહીમ ઈસ્માઈલ પટેલની નેક દુખ્તર શાહીનાની શાદી તા. ૭–૨–૨૦૧૨ મંગળવારના રોજ ટંકારીઆ નિવાસી યાકૂબ ગજ્જરના નેક ફરઝંદ મુહમ્મદ જુનેદની સાથે રાખવામાં આવી. મુબારકબાદ ! *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**કાવી** : જનાબ સુલેમાન માસ્તર દોલા (બરેલ્વી)ના નેક ફરઝંદ હાફેઝ મુહમ્મદ

| | | |
|---|---|---|
| સલીમભાઈ કુરૈશી | એક ટાઈમ નિયાઝ | |
| રઈસભાઈ બેંગલોર | એક ટાઈમ નિયાઝ | ધોરાજી |
| હાફેઝ ઐયૂબ માટલી | બે ટાઈમ નિયાઝ | દયાદરા |
| યૂસુફભાઈ શેઠ | એક ટાઈમ નિયાઝ | દયાદરા |
| હાજી સિરાજ રાણા | એક ટાઈમ નિયાઝ | આમોદ |
| અમીર મેહબૂબ પટેલ | એક ટાઈમ નિયાઝ | સાંસરોદ |
| આસિફભાઈ | એક ટાઈમ નિયાઝ | માંગરોલ |
| મુહમ્મદ ફારૂક પાકિસ્તાનવાલા | એક ટાઈમ નિયાઝ | યુ.કે. |
| મુશ્તાક અલી પટેલ | એક ટાઈમ નિયાઝ | વોરાસમની |
| હાજી અબ્દુલ્લાહ બૂમ | એક ટાઈમ નિયાઝ | ભરૂચ |
| હાજી ઈસ્માઈલ વલી ઈસા | એક ટાઈમ નિયાઝ | દયાદરા |
| હાજી હમીદસાહબ બગદાદી | એક ટાઈમ નિયાઝ તોષા | આમોદ |
| મૂસાભાઈ વાડીવાલા | એક ટાઈમ નિયાઝ | કોલવણા |
| શેરભાઈ ટ્રેડર્સ | એક ટાઈમ નિયાઝ | આમોદ |
| નાસીરહુસૈન રાણા | એક ટાઈમ નિયાઝ | આમોદ |
| નાસીરહુસૈન રાણા | એક ટાઈમ નિયાઝ | આમોદ |
| સૈયદ સાદિક્ બાપુ | એક ટાઈમ નિયાઝ | આમોદ |
| હાફેઝ મહબૂબ સાહબ | એક ટાઈમ નિયાઝ | સરનાર |
| નાસીરભાઈ રાણા | એક ટાઈમ નિયાઝ | આમોદ |
| હાજી યાકૂબ માસ્તર કોકા | રૂા. ૧૦,૦૦૦ નિયાઝ માટે | સાંસરોદ |
| હાજી મુહમ્મદ રફીક કંબોલીવાલા | રૂા. ૭,૦૦૦ નિયાઝ માટે | યુ.કે. |
| મુહમ્મદ વલી પાંજર | રૂા. ૨૫૦૦ નિયાઝ માટે | કુરચણ |
| સાદિક્ રાણા | રૂા. ૫૦૦ નિયાઝ માટે | આમોદ |
| રૂબીના સાજિદ પઠાણ | રૂા. ૫૧ નિયાઝ માટે | આમોદ |
| ઈકબાલભાઈ ગરાસીયા | રૂા. ૧૦૦ નિયાઝ માટે | આમોદ |
| હાજી યાકૂબભાઈ હવેલીવાલા | કલંદરી નિયાઝ માટે | દયાદરા |
| અબ્દુલ હમીદ બગદાદી | તોષએ ગૌષિયા | આમોદ |
| હાજી સલીમ રાણા | તોષએ ગૌષિયા | આમોદ |
| હાજી દિલિપસિંહ ચંદ્રસિંહરાણા | તોષએ ગૌષિયા | આમોદ |
| બચુ શેઠ | રૂા. ૫૦૦ રોઝા ખોલવા | આમોદ |
| હાજી ઐયૂબ અહમદ પટેલ (યુ.કે.) | રૂા. ૫૫૦૦ રોઝાનો કફ્ફારો | સારણ |
| સાજિદ યૂસુફ ઈસ્હાક | રૂા. ૧૬૦૦૦ ફીદીયો | દયાદરા |
| મૌલાના ઈસ્માઈલ પગુથણવાલા | એક ટાઈમ નિયાઝ | પગુથણ |
| એક મુસ્લિમભાઈ | કલંદરી નિયાઝ | દયાદરા |
| હાફેઝ સાદિક્ દાઉદમૂસા | કલંદરી નિયાઝ | દયાદરા |
| મૌ. જુનૈદ હાજી અબ્દુલ | તોષએ ગૌષિયા | આમોદ |
| સિરાજ હાજી ઈબ્રાહીમ પટેલ | ૧ ટાઈમ ન્યાઝ | આમોદ |

જાબીરના નિકાહ સીતપોણ રહેતા અબ્બાસભાઈ મુન્શી કાવીવાળાની નેક દુખ્તર આલિમા તાહેરાબાનુ સાથે તા. ૧૦–૨–૨૦૧૨ના રોજ જુમ્આની નમાઝ બાદ નગીના મસ્જિદ–કાવીમાં રાખવામાં આવ્યા. જનાબ હાફેઝ સૈયદ હસન સોખડાવાળા (ખતીબો ઈમામ અરબ મસ્જિદ માંડવી–વડોદરા)એ પઢાવ્યા. આ ખુશીના પ્રસંગે ''બરકાતે ખ્વાજા'' (માસિક)ને રૂા. ૨૧૨ લિલ્લાહ મળ્યા છે. જઝાકલ્લાહ ! મુબારકબાદ !

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**વલણ** : ઈબ્રાહીમ અહમદ કોળાના નેક ફરઝંદ મિન્હાજની શાદી શાહીનાબાનુ (D/o. શબ્બીર હાજી અલી વકા–વલણ) સાથે તા. ૧–૨–૨૦૧૨ બુધવારે રાખવામાં આવી જે નિમિત્તે ૩૧–૦૧–૨૦૧૨ના રોજ ''મેહફિલે સમાએ નઅત'' રાખવામાં આવી હતી જેમાં હઝરત સૈયદ અહમદ રઝા સાહબ (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી) મુંબઈ એ નઅતોના ગુલદસ્તા પેશ કર્યા હતા તેમજ હઝરત મૌલાના મુહમ્મદ ઝહીર મિસ્બાહી (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી)એ શાદી સંબંધે ઈમાન અફરોઝ બયાન કર્યું હતું. સૌને મુબારકબાદ !

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

જહાનમાં તેઅ
ઔલાદને બંને

| | | |
|---|---|---|
| મૌ. શાકિર શબ્બીર પટેલ | તોષએ ગૌષિયા | દયાદરા |
| યૂસુફભાઈ શેઠ | ૧ ટાઈમ નિયાઝ | દયાદરા |
| અબ્દુલ બુમ | ૧ ટાઈમ નિયાઝ | ભરૂચ |
| મુહમ્મદ એહસાનુલ્લાહ સાહેબ | તોષએ ગૌષિયા | ભરૂચ |
| હાફેઝ સાદિક઼ દાઉદમૂસા | તોષએ ગૌષિયા | દયાદરા |
| દોસ મુહમ્મદ | તોષએ ગૌષિયા | કાનપુર |
| હાજી ઈકબાલ માસ્તર ચોકવાલા | ૧ ટાઈમ નિયાઝ | દયાદરા |
| મર્હૂમ ઝોહરા બીબીના ઈસાલે...... | તોષએ ગૌષિયા | દયાદરા |
| હાજી અ. રસીદ ચોકવાલા | ૧ ટાઈમ નિયાઝ | દયાદરા |
| અબ્દુલભાઈ ઘંટીવાલા | ૧ ટાઈમ નિયાઝ | કોલવણા |
| હાજી મુહમ્મદ માલજી | તોષએ ગૌષિયા | દયાદરા |
| એક મુસ્લિમભાઈ | ૧ ટાઈમ નિયાઝ | દયાદરા |
| હાજી ઈસ્માઈલ ધીરજ | ૧ ટાઈમ નિયાઝ | દયાદરા |
| નૂર મુહમ્મદ ઈસ્માઈલ સાલેહ | ૧ ટાઈમ નિયાઝ | દયાદરા |
| હજીયાણી જુબૈદાબેન માલજી | ૧ ટાઈમ નિયાઝ | દયાદરા |
| હાજી સુલેમાન વલી નમાઝી | ૧ ટાઈમ નિયાઝ | દયાદરા |
| અબ્દુલભાઈ હમીદ બગદાદી | ૧ ટાઈમ નિયાઝ | આમોદ |
| હાજી હાફેઝ ઐયૂબ માટલી | તોષએ ગૌષિયા | દયાદરા |
| મુશ્તાકભાઈ ટોપીવાલા | તોષએ ગૌષિયા | વાગરા |
| એક મુસ્લિમભાઈ | ૧ ટાઈમ નિયાઝ | દયાદરા |
| એક મુસ્લિમભાઈ | તોષએ ગૌષિયા | દયાદરા |
| અબ્દુલભાઈ ઘંટીવાલા | ૫ કિલો. લોટ | આમોદ |
| અમજદખાન મુહમ્મદખાન પઠાણ | ૧ બકરો | આમોદ |
| સિરાજભાઈ | ૧ બકરો | આમોદ |
| જુલેખા માલજી | ૧ બકરો | દયાદરા |
| હાજી ઈસ્માઈલ ધીરજ | ૧૨ કિલો મટન | કુરચણ |
| હાજી ફારૂક ભાણા | ૨૩ કિલો મટન | દયાદરા |
| સૈયદ મુશ્તાક અશરફી | ૧ બકરો | કુરચણ |
| હાફેઝ મેહમૂદ સરનારવી | ૧ બકરો | સરનાર |
| રસીદાબેન વાડીવાલા | ૧ બકરો | સરનાર |
| ઝાબીરભાઈ ભટ્ટાવાલા | ૧ પાળો | ડાભા |
| હાજી ફિરોઝ હાજી ઈસ્માઈલ<br>હવેલીવાલા (હસ્તે ફારૂક ભાણા) | ૧ બકરો | દયાદરા |

**અલ્લાહ તઆલા ﷻ તેના હબીબે પાક ﷺના સદકામાં ગૌષે આ'ઝમ رضی اللہ عنہના વસીલાથી સૌની નેકીઓને કબૂલ કરે અને બંને જહાનમાં તેઓને જઝાએ ખૈર અતા કરે તથા તેમને અને તેમની ઔલાદને બંને જહાનમાં આબાદ રાખે. (આમીન)**

### ★ જશ્ને શહીદે આ'ઝમ મનાવાયો ★

**રતનપુર** : (જિ. ખેડા) મુકામે અંગ્રેજી તારીખ ૨૯/૧૨/૨૦૧૧ને ગુરૂવાર, ૩ સફર હિ.સ. ૧૪૩૨ના રોજ "જશ્ને શહીદે આ'ઝમ" મનાવાયો જેમાં ખલીફએ મુફતીએ આ'ઝમ અશરફુલ ઉલ્મા હઝરત મુફતી મુહમ્મદ મુજીબ અશરફ સાહબ મુફતીએ આ'ઝમ મહારાષ્ટ્રની સદારતમાં ખલીફએ તાજુશ્શરીઅહ્ હઝરત મૌલાના અહમદ રઝા સાહબ અને ખલીફએ તાજુશ્શરીઅહ્ ખતીબે ગુજરાત હઝરત અલ્લામા વ મૌલાના મુફતી મુહમ્મદ અશરફ સાહબની સિયાદતમાં અને મૌલાના ગુલામ યાસીન રઝવી અમજદીની નિઝામતમાં થયો જેમાં નઅતખ્વાં હઝરાતે નઅતો, મનકબત પઢી હતી. અને મુફતી અશરફ સાહબે મુફતીએ આ'ઝમે મહારાષ્ટ્રનો તઆરૂફ કરાવ્યો હતો. ત્યાર પછી મુફતીએ આ'ઝમે મહારાષ્ટ્ર મુહમ્મદ મુજીબ અશરફ સાહબે પુરજાશે બયાન કર્યું હતું. અને મુફતી અશરફ સાહબ અને સૈયદ જાવિદ અલીને ૧૪ સિલસિલાની ખિલાફત અર્પણ કરી હતી. અને હઝરત મુફતીએ મહારાષ્ટ્રે લોકોને મુરીદ પણ બનાવ્યા હતા. તેમજ પ્રોગ્રામ દુઆ સાથે પૂર્ણ થયો હતો.

*–લિ. મુહમ્મદ અશરફ રઝવી*

## તબ્લીગીઓનો નવીન ત્રાસવાદ !

**માંગરોલ** (જિ. જુનાગઢ)માં તબ્લીગી જમાઅતવાળાઓએ સુન્નીઓ સાથે ઝઘડો કરીને પ્રિપ્લાન મુજબ તેમના પર હુમ્લો કર્યો, અને ૩ થી ૪ હજારનું ટોળુ બનાવી સુન્નીઓના ઘરો તથા દુકાનો પર હુમ્લો કરી દુકાનો વાહનોને આગ લગાડી હતી અને શારીરિક ઈજાઓ કરીને આતંક મચાવ્યો હતો. તબ્લીગીઓ માંગરોલ નજીક કોઈ સુન્ની ગામમાં જમાત લઈને ગયેલા ત્યાંથી કાઢી મૂકવામાં આવતાં બદલાના રૂપે માંગરોલના સુન્નીઓ પર હુમ્લો કરવામાં આવ્યો હતો.

આ એક નવો આતંક શરૂ થયો છે કે જબરદસ્તી તબ્લીગીઓ સુન્ની ગામોના પાદરે તંબૂ તાણીને અડ્ડો જમાવી મસ્જિદોમાં પહોંચી ગરબડો ખડી કરી ફિત્ના ઉભા કરે છે પછી સુન્નીઓ સાથે ટકરાવ ઉભો કરે છે, આવતા જતા માણસો સાથે જીભાજોડી તથા છેડછાડ કરીને ઝઘડા કરે તથા કરાવે છે. આવું જ માંગરોલ (તા. આમોદ, જિ. ભરૂચ) ખાતે પણ થયું. એ જ પ્રમાણે જોલવા (તા. વાગરા), વડલા (દહેજ રોડ), અટાલી (તા. વાગરા), લુવારા (તા. જિ. ભરૂચ) વગેરે ઠેકાણે આવા બનાવ બનવાના સમાચારો મળ્યા છે.

જેથી સુન્ની ગામોના ભાઈઓ એમનાથી સાવધાન રહે અને આવી રીતે જબરદસ્તી તબ્લીગ કરવા આવનારા દેવબંદી જમાતીઓને શાંતિથી સંયમથી સમજાવે કે તમારા અક઼ીદા જૂદા છે અને અમારા જુદા છે જેથી વિવાદ ઉભો ન થાય માટે સમજીને પરત થઈ જાવ. છતાં ન માને અને જબરદસ્તી કરે તો પોલીસ ફરિયાદ કરીને કાયદેસર પગલાં ભરે જેથી ગામની શાંતિ જોખમાય નહીં. *–તંત્રી : બરકાતે ખ્વાજા (મસિક)*


### કિતાબ મંગાવો

કિતાબ : **રોશન ચિરાગ** (પેજીસ : ૮૬)
લેખક : (મર્હૂમ) હાજી અબ્દુલ ગફ્ફાર ચોલા જામનગરી
પ્રાપ્તિ સ્થાન : મુહમ્મદ અમીન એ. ચોલા, ચોલા સ્ટ્રી, લીંડી બજાર, પાછળ, જામનગર–૩૬૧ ૦૦૧

વિવિધ લેખો શાને મુસ્તફા ﷺમાં, હયાતુન્નબી ﷺના વિષયે તે મજ ફિક઼્હી દીની સવાલ જવાબ પણ રજૂ કરવામાં આવેલા છે. તો ઉપરોક્ત સરનામે જામનગર સંર્પક કરવો.
(મો. ૯૮૨૪૮ ૩૬૫૦૦)

## કાયનાત ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ

**સ્પેશ્યલ કાશ્મીર પ્રવાસ**

**આયોજિત જમવા રહેવા સાથે**
**બસ ઉપડવાની તારીખ : ૨૧/૫/૨૦૧૨, રાત્રે : ૧૦.૦૦ વાગ્યે.**

**પ્રવાસના સ્થળો : સાથે, ઉદેપૂર (મસ્તાનબાવા), કપાસણ, અજમેર, નાગોર, અમૃતસર, શ્રીનગર, સોનમર્ગ, ગુલમર્ગ, પહેલગાંવ, સરહીંદ શરીફ, કલિયર શરીફ, દિલ્હી, આગ્રા, ફતેપુર–સીક્રી, જયપુર, મીરાદાતર પરત ધોળકા**

| આખી ટીકીટ | અડધી ટીકીટ | પ્રવાસ દિવસ |
|---|---|---|
| રૂા. ૮,૦૦૧/– | રૂા. ૪,૦૦૧/– | ૧૭ |

**બસ ઉપડવાનું સ્થળ :** તાલુકા પંચાયત સ્ટાફ ક્વાટર્સ પાસે, બેગા ટેકરી, ધોળકા

**આયોજક : શરીફખાન પઠાણ મો. ૯૮૨૪૪૭૮૧૧૬, ૯૭૨૪૬૫૯૮૫૩, ૯૪૦૯૨૪૫૧૨૨**

**નોંધ :** **૧.** ગાઈડ ખર્ચ, યાત્રી વેરો કે અન્ય ભરવાની થતી ફી રૂા. ૧૦૦ પેસેન્જરના શીરે રહેશે. **૨.** તા. ૨૭/૫/૧૨ અને ૧/૬/૧૨ના રોજ સ્વખર્ચે સવારે ચા પીવાની રહેશે. **૩.** તા. ૭/૬/૨૦૧૨ના રોજ સવારની ચા તેમજ એક ટાઈમ જમવાનું સ્વખર્ચે રહેશે. **૪.** રૂા. ૨૦૦૧ એડવાન્સ ભરી આપની મનપસંદ શીટ બુક કરાવો. **૫.** બેંક/એલ. આઈ.સી. અને જી.આઈ.સી.ના કર્મચારીશ્રીઓને એલ.ટી.સ. મળશે. **૬.** એલ.ટી.સી. મેળવનારે રૂા. ૧૦૦૦/– અલગથી ભરવાના રહેશે.

## ઈમાન મજબૂત કરતી કિતાબો મફત મંગાવો

**સલ્તને મુસ્તફા** ﷺ (પેજીસ : ૮૦)

**રહમતે ખુદા બ વસીલએ ઔલિયા**

(પેજીસ : ૮૦)

**લેખક** : હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની علیہ الرحمۃ والرضوان

**અનુવાદક** : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી *(ખલીફા તાજુશ્શરીઅહ, તંત્રી : બરકાતે ખ્વાજા માસિક)*

વર્તમાન સમયમાં જ્યારે કે તૌહીદની આડમાં નબી વલીની શાનમાં બેઅદબીઓ કરનારા ફિર્કા જોશભેર ઉઠી રહ્યા છે એવા સમયે નબી ﷺ તથા અવલિયાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین નો મર્તબો કુર્આન, હદીષ, ઉલમાના કથનો તથા વિરોધીઓના વાંધાઓ અને એના જવાબો દર્શાવતી, ઈમાનને મજબૂત કરતી આ કિતાબો ખૂદ પોતે પણ વાંચો અને તમારી ઔલાદને ખાસ વંચાવી પુખ્તા સુન્ની બનાવો. નીચેના સરનામે ફક્ત પોસ્ટ કાર્ડ લખી આ કિતાબો મફત મંગાવો :–

**અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા**

ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા,

તા. જિ. ભરૂચ. પિન : ૩૯૨૦૨૦ ફોન :

૦૨૬૪૨–૨૮૦૦૧૧, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

### ★ ઈન્તેકાલ પુરમલાલ ! ★

**મોઝામ્બિક** : મુકામે હઝરત મૌલાના સૈયદ નઝીર હુસૈનબાવા ઈબ્ને ઈદરીસબાવા સાહબનો ઈન્તેકાલ તા. ૩–૨–૨૦૧૨, હિ.સ. ૧૦ રબીઉલ અવ્વલ શરીફ જુમ્આના રોજ થઈ ગયો છે. મર્હૂમના ઈન્તેકાલના સમાચાર મળતાં દયાદરામાં એમના ચાહકોમાં સંબંધીઓમાં શોકની લાગણી ફેલાઈ હતી. મર્હૂમ સૈયદ સાહબ લાંબા સમયથી નાદુરુસ્ત તબીયત ધરાવતા હતા. વરસો સુધી આપ વાંસદા મુકામે ખતીબો ઈમામ રહી ચૂક્યા છે અને દયાદરામાં મુકીમ હતા. રબ્બે કરીમ તેના હબીબે પાક ﷺના સદકામાં મર્હૂમની મગફેરત ફર્માવી જન્નતમાં આ'લા મકામ અતા કરે. *(રજૂકર્તા : ભીખા પટેલ–દયાદરા)*

**વિલાયત** : (તા. વાગરા) ખાતે હઝરત સૈયદ હુસૈનબાવા ગુલામ રસૂલબાવા સાહબનો દુઃખદ ઈન્તેકાલ તા. ૨૨–૦૧–૨૦૧૨ રવિવારના રોજ થયો હતો. મર્હૂમના ઈન્તેકાલના સમાચારો ફેલાતાં દૂર દૂરથી મોટી સંખ્યામાં આપના ચાહકો, અકીદતમંદોએ દફનવિધિમાં હાજરી આપી હતી. મર્હૂમ ખૂબ જ સેવાભાવી, ખુશઅખ્લાક, નેક શખ્સિયત હતા. આપના ચાહકો તથા ભરૂચ જિલ્લાના સુન્નીઓમાં ગમગીનીની લહેર દોડી ગઈ હતી. રબ્બે કરીમ તેના હબીબ ﷺના સદકામાં મર્હૂમ બાવા સાહબની કરવટ કરવટ મગફેરત ફર્માવે અને જન્નતમાં આ'લા મકામ અતા કરે. (આમીન) *(રજૂકર્તા : ભીખા પટેલ–દયાદરા)*

**દયાદરા** : મુકામે તા. ૨૦–૧–૨૦૧૨ના રોજ જુમ્આની રાત્રે વલી ઈસ્માઈલ નમાઝીનો લાંબી માંદગી બાદ ઈન્તેકાલ થયો છે. રબ્બે કરીમ મર્હૂમની કરવટ કરવટ મગફેરત ફર્માવે તથા જન્નતમાં આ'લા મકામ અતા ફર્માવે. (આમીન) *–તંત્રી*

### ★ ચહેલલુમની મજલિસ ★

હજીયાણી ઝુબેદા હાજી અબ્દુલ ગફ્ફાર ચોલાનો તા. ૮/૧૨/૨૦૧૧ ગુરૂવાર (આશૂરાના ત્રીજા દિવસે)ના રોજ ગમઅંગેજ ઈન્તેકાલ થતાં તેમની ચાલીસ (ચહેલ્લુમ)માંની મજલિસ તા. ૧૨/૧/૨૦૧૨ ગુરૂવારે રાત્રે ૯.૦૦ હાલાઈ મેમન જમાતખાના પાંચ હાટડી ખાતે રાખેલ છે. રબ્બે કરીમ તેના હબીબ ﷺના સદકામાં મર્હૂમાની મગફેરત ફર્માવે. *લિ. મુહમ્મદ અમીન ચોલા–જામનગર*

**દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ** ખાતે કુર્આનખ્વાની કરાવી સર્વ મર્હૂમોને ઈસાલે સવાબ કરવામાં આવ્યો હતો. રબ્બે કરીમ તેના હબીબ ﷺના સદકામાં મો'મિન મર્હૂમોની મગફેરત ફર્માવે. (આમીન)

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*